કંચનપુરના મહારાજા ધિરાજ વિજયસિંહના પુત્ર

“ ગુલાબસિંહ ચરિત્ર. ”

રચીને પ્રસિદ્ધ કરનાર

કોઠારી રામચંદ જસરાજ

સાપકડા વાળા.

કરાચી મધ્યે

ગો. ક. માલવનકરના

“ મરાઠા ” પ્રિંટિંગ પ્રેસમાં

દાજી ખેંગાર નારાયંદ છાપ્યું.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૮.

આવૃતી પેહેલી. પ્રત ૧૨૫૦, બારસો પચાસ

કિંમત દશ આના.

કંચનપુરના મહારાજાધિરાજ વિજયસિંહના પુત્ર

"ગુલાબસિંહ ચરિત્ર."

રચીને પ્રસિદ્ધ કરનાર

કોઠારી સોમચંદ જસરાજ

સાપકડા વાળા.

કરાચી મધ્યે

બી. કે. માલવનકરના

"મરાઠા" પ્રિંટિંગ પ્રેસમાં

દોશી ખેંગાર તારાચંદે છાપ્યું.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૮.

આવૃત્તી પેહેલી. પ્રત ૧૨૫૦, બારસો પચાસ

કિંમત દશ આના.

અર્પણ પત્રિકા.

પ્રિય મિત્ર મોહનલાલ વિ. મોતીચંદ,

ઉમરડા.

આપનો મારી સાથેનો બાલપણથીજ મિત્રતાનો ઘાડો સંબંધ અનુભવવામાં આજ સુધી આપની સુજનતાએ મારા અંતઃકરણમાં જે પ્રેમની સુંદર છાપ પાડી છે તથા મારા પ્રત્યે આપ જે પ્રીતિ, મમતા આજ સૂધી દર્શાવતા રહ્યાછો તેની ઈંધાણીમાં આ મારો લઘુ પ્રયત્ન આપને અર્પણ કરીને કૃતાર્થ થાઉં છું.

તમારો સ્નેહાંકિત,

કોઠારી સોમચંદ જશરાજ.

પ્રસ્તાવના.

આ સંસારમાં સંપત્તિ વિપત્તિની વચ્ચેથી મનુષ્યો પોતાનું જીવન પસાર કરે છે, તેમાં મુશ્કેલ પ્રસંગોએ તેઓને હિંમત, દઢતા અને સત્ય કેવાં ઉપયોગી થઇ પડે છે તથા ભારી મુશ્કેલીઓને પણ ભારી આસાનીમાં ફેરવી નાખવામાં કુદરતનો હાથ કેવો મદદગાર થાયછે તેનું ચિત્ર એક નાટકના આકારમાં મારા ગુજરાતી વાંચનાર બંધુઓની સેવામાં યથા-શક્તિ રજુ કરવાની મારી આ કોશેશ આજે તેઓ સનમુખ ધરવાની રજા લઉંછું.

મારો આ પ્રથમ પ્રયાસ છે. તેથી તેમાં દોષ રહી જવો સ્વાભાવિક છે. પણ હંસ જેમ દૂધ અને જળના મિશ્રણમાંથી દૂધ ગૃહણ કરે છે તેમ આ નાટકના સુજ્ઞ વાંચનારાઓ આ પુસ્તકમાંથી સાર ગૃહણ કરશે. એવી હું આશા રાખુંછું.

આ પુસ્તકને પ્રસિદ્ધ થવામાં ગ્રહાકો આદિ તરફથી મને જે ઉત્તેજન મળ્યું છે તે વિષે તેઓનો આભાર માનવાની આ તક હું ભૂલી જતો નથી.

લી૦ સેવક,

કર્તા.

કરાચી, તા. ૧લી માર્ચ સને ૧૮૯૮.

ગુલાબસિંહ નાટક.

અંક ૧ લો.

પાત્રો.

વિજયસિંહ	... ...	કંચનપુરનો રાજા
પ્રધાન	... ...	તેનો દિવાન
રામસિંહ	... ...	તેનો વજીર
મધુરવંતી	....	વિજયસિંહની સ્ત્રી.
ગુણસુંદરી	... ...	વિજયસિંહની ભાભી

એ સિવાય ચોપદાર, વિદુષક, કંચનીઓ, દાસી, જોગી, વગેરે.

ગુલબાસિંહ નટક.

અંક ૧ લો.

ઇશ્વરની સ્તુતિ.

•રાગ કલ્યાણ•

(શ્રી જગતપતિ પ્રભુ આપ સન્મતિ.) એ રાહ.

શ્રી જીનેશ્વરા, તું આણુ દયા જરા,
માગું સહાય તાહરી, તું આપ ઈશ્વરા—ટેક.
તુજવિના નહીં કયાંઈ જગતમાં, બનશે કામ લગાર,
તરૂપત્ર પણ તુજથી ચાલે, સર્વ તુજ આધાર; શ્રી૦
દયા સાગર દીન બંધુ તું, સેવકનો દાતાર,
ભકિત નિશદિન તારી કરે તો, ઊતારે ભવ પાર; શ્રી૦
ગુલાબસિંહનું પુસ્તક રચવા, હૈયે રાખી હામ,
તુજ કૃપાથી ફતેહ પામ્યો, પૂરણ કીધું કામ; શ્રી૦
અધિક ગુણ શું ગાઊં તારા, અલ્પ મતીથી સાર,
સોમચંદ વંદે શીશ નામી, કર જોડી આ વાર. શ્રી૦

——:0:——

સુત્રધાર—મારા માનવંતા સદ્‌ગૃહસ્થો, આજ આપે આ સેવક પર દયા આણી આ નાટય ગૃહમાં પધારવા તસ્દી લીધી છે,

તે વિષે હું આપનો ખરા અંતઃકરણથી મોટો ઊપકાર માનુંછુ; હવે આ રમણીય સ્થલમાં શું ખેલ થવાનોછે તેનું ટુંક બ્યાન આપ સાહેબોને પ્રથમથી જાહેર કરવામાં આવે તો સારૂં એમ સમજી નિવેદન કરવા રજા લઊંછુ, તો આશા છે કે લક્ષ રાખી શ્રવણ કરવા કૃપા કરશો.

કંચનપુર નામે એક મોટા શેહેરમાં વિજયસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો, જેને મહા પ્રયાસે ગુલાબસિંહ નામે પુત્રની પ્રાપ્તિ થઇ.

ગુલાબસિંહને પ્રધાન પુત્ર માનસિંહ તથા વજીર પુત્ર સત્યચંદ્ર સાથે મિત્રતા થઇ. એક સમયે તે ત્રણે મિત્રો બગીચામાં સાથે મળી ધનુર્વિદ્યા શીખતાં, રાજપુત્ર ગુલાબસિંહનું એક બાણુ નગર શેઠની પુત્રી ચંદ્રિકા સાહેલીઓ સાથે પાણી ભરવા જતી હતી, તેને લાગવાથી ગુલાબસિંહના પિતાએ તપાસ નહીં કરતાં કામાંધ જાણી પોતાના પુત્રને દેશપાર કર્યો તેથી તેના મિત્રો પણ સાથે ચાલી નીકળ્યા. બાદ, એ ત્રણે મિત્રો જંગલમાં કેવી રાતે વીખુટા પડી સંકટની વખતે ધૈર્યતા રાખી પાછા ઇશ્વર કૃપાથી સર્વે ભેગા થઇ જય મેળવીને પોતાના માત પિતાને આવી મળેછે, તે વિષેનું બ્યાન આજે નાટક રૂપે કરવામાં આવશે.

વિદુષક—(વિચિત્ર રૂપે દાખલ થઇને) છનનન, છનનન, છનનન, છનનન.

સુત્રધાર—(અજાયેબ થઈ પૂછેછે) અરે ભાઈ, તું કોણછે?

વિદુષક—(આડું અવળું જુએછે, પણ જવાબ આપતો નથી.)

સુત્રધાર—મારા માનવંતા સાહેબ, આપને ક્યાં રહેવું, ને અહિં કેમ આવ્યા છો તે તો કહો ?

વિદુષક—(તેના સામું જોઇને) તું કોણ હયે ને તેરા નામ શું ?

સુત્રધાર—મારૂં નામ સુત્રધાર ને હું આ નાટક મંડળીનો ઉપરી છું, પણ તમે કોણ છો તે તો કહો ? (મનમાં) આતો કોઇ મોટો ભૂત જેવો લાગેછે કે એકે ભાષા બરોબર કરતોજ નથી.

વિદુષક—આહાહાહા! (એમ કહી હસેછે) તેરા નામ સુત્રધાર ! બંદેકુ આટલી ઉમરમાં કબી સુતકું ધાર હોતી હયે અયેસા નહીં સુના હયે, મગર તુમ તો બડા ઠગ જેસા લગતા હયે. ક્યોં સચ હયકે ?

સુત્રધાર—(મનમાં મૂરખ છે એમ સમજી પૂછેછે) મારા મહેરબાન, આપ આપનું નામ તો કહો !

વિદુષક—મેરા નામ તું નહીં પીછાનતે હો ? મેરા નામ તો બહોત હયે.

સુત્રધાર—બોલો તો ખરા, કેત્ના હયે ?

વિદુષક—રંગલો, ભંગલો, નટાવો, અયેસા બહોતી હયે.

સુત્રધાર—આપ કયા કામ કરતે હો ?

વિદુષક—હમ તો બડી બડી બહાદુરીકા કામ કરતે હયે, તુજકુ માલૂમ નહીં હે ?

સુત્રધાર—નહીં નહીં જી, આપ બતલાઇએ.

વિદુષક—હમતો કોઇ જલસા હોવે ને હવાં અછે અછે ને બડે બડે આદમી દેખનેકે વાસ્તે આતા હયે તો ઉસ્કી પાસ

જરા ગંમત કરતે હયે. બસ ઈત્ના હંમારા કામ, દુસરા કુછ નહી હયે.

સુત્રધાર—અયેસા કામ કરતે હો? તબતો હુમારા કામ મેંબી આપ મદદ દેઓગે, કયૌં?

વિદુષક—તુમેરા કયા કામ હયે? લેકીન કરને જેસા હોયગા તો મરજી માફક કરૂંગા ઓર કુદુંગા.

સુત્રધાર—હુમારા ઈસ જગોએ નાટક કરનેકા ઈરાદા હયે. જો દેખનેકે વાસ્તે ઇયે સબ અછે અછે આદમી આયા હયે તો ઊસ્કુ જરા ગમત બતલાની હે.

વિદુષક—મેરેકુ દુસરી જગોપર અબી જાનાથા લેકીન તેરેપર બહોત રહેમ આતી હયે તો ચલ તેરા કામ જલ્દીસે કરૂંગા મગર હમકુ એક ધક્કે ખાનેકું ચાહીયે.

સુત્રધાર—એ લ્યો, ખાના તૈયાર હયે. (એમ કહી વિદુષકના હાથમાં કાંઈક ખાવાનું આપેછે, તે ખાઈ જાયછે.)

વિદુષક—અહોહોહો? (પેટ ઉપર હાથ ફેરવીને) પેટ તો બહોત ભર ગયા તો ચલ અબી તેરા કામ જલ્દીસે કરૂંગા.

(એમ કહી બંને જાયછે.)

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજ દરબાર.

(પ્રધાન, વજીર, દરબારીઓ, વિદુષક, ચોપદાર વગેરે બેઠાછે ત્યાં રાજા આવીને ગાદીએ બેસેછે, એટલે સરવે દરબારીઓ ઉભા થઇ માન આપેછે.)

ચોપદાર—મહારાજાધિરાજ વિજયસિંહ મહારાજને ઘણી ખમાં!

વિદુષક—વિદુષક મહારાજને ઘણી ખમાં!

(સરવે દરબારીઓ બેસી જાયછે.)

વિજયસિંહ—પ્રધાનજી, આપણા રાજ્યના લોકો કેવી સ્થિતિમાં છે અને સર્વે રૈયત સલાહ શાન્તિથી વર્તે છે કે કેમ?

પ્રધાન—મહારાજા, આપણા રાજ્યમાં પ્રાણી માત્ર પણ સત્યમાંજ વર્તે છે. (એવામાં કંચનીઓ દાખલ થાય છે.)

વિજયસિંહ—અયે કંચનીઓ, આજે એવું સુંદર ગાયન ગાઓ કે જેથી મારા જીવને અત્યંત ખુશી ઉત્પન્ન થાય.

કંચનીઓ—બહુ સારૂં મહારાજ.

લાવણી.

(મુજ ઊપર ગુજરી પિતા પાદશાહ જાણી) એ રાહ.

ધન્ય ધન્ય બહુ છે રાય, તુને આ વારી;
છે કીર્તિ અતિ ફેલાઈ જગતમાં તારી.
ઈનસાફ કરોછો બેઉ પક્ષ ઉર ધારી,
આપોછો શાસન થાય પ્રજા પ્રિયકારી.

સમ દૃષ્ટિ પ્રજા પર રાખોછો બહુ પ્રીતે,
સમ પુત્ર ગણીને પાળો તમે ખચીતે.
કર જોડી કહું છું નાથ નિરંજન ભારી,
તું રાખ અમર આ રાજ સદા સુખકારી.

વિજયસિંહ—પ્રધાનજી, આ કંચનીઓએ કેવું મધુર વાણીથી સુંદર ગાયન કર્યું છે !

પ્રધાન—હા મહારાજ, બહુ સારૂં ગાયન કર્યું છે જે સાંભળવાથી સભાના સર્વે માણસો અત્યંત ખુશી થયા છે.

વિદુષક—(કંચનીઓ સામું જોઈને) વાહ! એસા ગાયન ગાયા હે, કે મેરેકુંભી બહોત પ્યાર લગતા હે. લેકીન કયા કરના!

વિજયસિંહ—પ્રધાનજી, એ કંચનીઓને હુકમ કરો કે એક બીજું સુંદર ગાયન ગાઇ સંભળાવે.

પ્રધાન—અયે કંચનીઓ, તમારી મધુર વાણીથી એક બીજું સુંદર ગાયન ગાઓ કે જેથી તમારા ભાગ્યનો ઉદય થાય.

કંચનીઓ—બહુ સારૂં પ્રધાનજી.

(ઇંદ્ર સભાની ઢબ) ગજલ.

રાય આજ અમ પરે, દયા બહુ કરી,
જગ્ત માંહી જશ તમારા, વાત કહું ખરી.
કરૂં પ્રભુજી પ્રાર્થના કે, નામી તુજને શીશ,
મેહેર કરીને રાજ્ય રાખો, અમર આ જગદીશ.
આપ અતિ છો સત્યવાદી, કહું તમારી પાસ,

જગમાં વેરી જે તમારા, થાઓ તેનો નાશ.
ગુણતણા ભંડાર છો, વધેછે જગમાં તેજ,
ઊલટ આજે ઉર ધરી, આપો ઈનામ એજ.

વિજયસિંહ—અયે વજીર રામસિંહ, આ કંચનીઓએ આજ અતિ સુંદર ગાયન કરી મારા મનને ઘણુંજ પ્રફુલ્લિત કીધું છે જેથી તેને ઈનામમાં એક જરીયન સાડી તથા બે હજાર સોનામહોરની ચિઠ્ઠી આપણા ખજાનચી ઉપર લખી આપો.

રામસિંહ—બહુ સારૂં મહારાજ, આપની મરજી મુજબ લખી આપું છું.

વિદુષક—અહોહોહો! મારા બાપરે આટલું બધું! કંચનીઓના નસીબ તો ફૂટીને ટૂટી ગયાં. (એવામાં વજીર ચિઠી લખી આપેછે તે લઈને કંચનીઓ જાયછે.)

વિજયસિંહ—પ્રધાનજી, જમવાનો વખત થયો છે માટે કચેરી બરખાસ્ત કરો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ.

ચોપદાર—કચેરી બરખાસ્ત. (સરવે જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મધુરવંતીનો મહેલ.

મધુરવંતી—(મહેલના ગોખમાં લમણે હાથ દઈને) અહો પ્રભુ! અમે શું તારો અપરાધ કર્યો છે, કે આમ તું અમને સંતાપે છે. તું કદાચ એમ ધારતો હોઈશ કે રાજ્ય તથા પૈસો આપ્યો એટલે બસ

છે! પણ નહીં નહીં. પૈસો તથા રાજ્ય શું કામનાં છે! મારા કરતાં તો દુનિઆની અંદર જે ગરીબ માણસો છે તે પણ સુખી છે. હું એમ ધારૂં છું કે એઓને બીજી બધી વાતનું તો સુખ છે, પરંતુ પૈસો નથી એટલુંજ માત્ર દુઃખ છે, પણ પુત્રનું સુખ તો આપ્યું છે. તો તેને કોઈ પણ દિવસ પૈસો મળવાનો; પણ અમોને આટલો પૈસા તથા રાજ્ય આપ્યાં છતાં તને એક શેર માટી આપવાને પણ નહીં મળી? એટલી બધી તારા રાજ્યમાં શું ખામી હતી? અહો પરદુઃખ-ભંજન! દીન જનોનું દુઃખ ભાંગનાર દીનબંધુ! દીનનાથ! એટલું અમારૂં દુઃખ નિવારણ કરવા મુજ દીન દાસીની અરજ ધ્યાનમાં લેવા મહેરબાની કર.! (આમ કહેતી પ્રાર્થના કરેછે.)

બનજારો.

(પ્રિય મિત્ર વિના હો બાઇ) એ રાહ.

સુણ અરજ કહું આ વારી, પુત્ર આપ તું દેવ મુરારી.
આ તન મન ધન જે મારૂં, તે લાગે મને નવ પ્યારૂં;
તેથી થઇ અતિ દુઃખીયારી, પુત્ર આપ તું દેવ મુરારી.
પરણી પ્યારા પતિની સંગે, અન્ય સુખો છતાં દુઃખ અંગે;
તેથી દિલમાં જરા વિચારી, પુત્ર આપ તું દેવ મુરારી.
થયાં વર્ષ ત્રીશ રે! મુજને, પણ દયા ન આવી તુજને;
હવે છેક બની લાચારી, પુત્ર આપ તું દેવ મુરારી.
પુત્ર માગું હું પાયે લાગી, નહીં તો સંસાર દેઈશ ત્યાગી;
પ્રભુ લેજો મને ઉગારી, પુત્ર આપ તું દેવ મુરારી.
છે રચ્યો રૂડો આ છંદ, કર જોડી કહે સોમચંદ;
તું અરજ આ ઉર ધારી, પુત્ર આપ તું દેવ મુરારી.

(આવી રીતે પ્રાર્થના કરી રહયા બાદ નીચે આવેછે, અને રાણીનો ઉદાસ ચેહેરો જોઈ, દાસી પૂછેછે.)

દાસી—બાઈ સાહેબ, આપ કાંઈ ઉદાસીમાં છો એવું તમારા ફીકા ચહેરા પરથી જણાયછે.

મધુરવંતી—(એકદમ ગળગળી થઈને) દાસી, મને આ દુનિઆની અંદર રહેવું ગમતું નથી, કારણ, જોને, મારી સાહેલીઓને ચચ્ચાર પાંચપાંચ બાળકો છે, અને મુજ અભાગણીને એક પણ બાળક રમાડીને દિવસ ગુજારવા ઇશ્વરે સમય આપ્યો નથી, તો આ દુનિઆમાં રહી પુત્રની અપ્રાપ્તિનું દુઃખ હું કયાં સુધી ખમી શકું.

દાસી—બાઈ સાહેબ, આપ આમ સોચ કરો તેથી શું વળવાનું છે, નાહક શરીરને નુકસાન પહોંચાડોછો, આપ તો ડાહ્યાં અને વળી સમજુ છો જેથી તમોને વધારે શું કહેવું, માત્ર એટલુંજ કે ધીરજ રાખી ખરા અંતઃકરણથી ઇશ્વરનું સ્મરણ કરશો તો, તેની કૃપાથી તમારી સર્વે આશા ફળીભૂત થશે.

(એવામાં વિજયસિંહ આવેછે)

વિજયસિંહ—(સ્ત્રીનું મુખારવિંદ ઉદાસ જોઇને) પ્રિયા, આજે કેમ આમ ઉદાસ છો!

મધુરવંતી—સેહેજ, સ્વામીનાથ.

વિજયસિંહ—નહિં પ્રિયા, તું મારી પાસે કહેવામાં શામાટે અચકાયછે? જેથી સાચી વાત કર.

મધુરવંતી—(એકદમ ગળગળી થઈને) મહારાજ, તે વાતથી આપ કયાં અજાણયાછો? આજ રોજ, રાજ મેહેલમાં બેઠી હતી, એવામાં પુત્રસુખના નિર્ભાગીપણા વિષે ખેદ ઉત્પન્ન થઇ આવ્યો જેથી—

(એમ કહેતાં રડેછે.)

વિજયસિંહ—(રૂમાલથી આંસું લુહીને) પ્યારી,

દક્ષિણી લાવણી.

(ચેન ના પડે દર્શ પિયુ વિના રે!) એ રાહ.

શોક ના કરો, મારી પ્રાણ પ્યારી રે;
શાને શોક, કરે અશોક, છે તે ફોક, મનને રોક,
શાણી છે તું રાણી રે, શોક ના કરો૦
તુજ ઉદાસથી, થઉં છું હું ઉદાસ રે;
તુજ તન, છે રતન, ધારી મન, કરો જતન,
કહું તને આ વારી રે, શોક ના કરો૦
ભવના પાપનો, વિધિએ કરી હિસાબ રે;
લખ્યા લેખ, ઉપાય છેક, કરે અનેક, કદી ન એક,
કો ? શકે નિવારી રે, શોક ના કરો૦

પ્રાણ પ્યારી, આપણે શોક કરવો શું કામનો છે ? જો આપણા ભાગ્યમાં નહીં હોય તો ક્યાંથી મળે! માટે વૃથા સોચ કરી નાહક શરીરને દુઃખ દેવું તે વાજબી નથી.

મધુરવંતી—હા પ્રાણનાથ, આપ કહોછો તે સત્ય છે. પણ હવે તો મારાથી ધીરજ રહેતી નથી, જેથી આ ફાની દુનિઆમાં જીવવા કરતાં મરવું એજ બેહેતર છે. (એમ કહેતાં રડેછે.)

વિજયસિંહ—(ધીરજ આપીને) પ્યારી, તું ઘડી ઘડીમાં દીલગીર થાય તે ઠીક નહિં. મનમાં ધૈર્ય ધારણ કરી સદા આનંદિત રહેવાની ઇચ્છા રાખ. (જરા અટકીને) પ્યારી, મને અહીંઆં ઘણો વિલંબ થયો છે તેથી હું કચેરીમાં જાઉં છું.

(એમ કહી જવા તૈયાર થાય છે.)

મધુરવંતી—પધારો સ્વામીનાથ ! (વિજયસિંહ જાય છે.)

મધુરવંતી—દાસી, આપણે અંબે માતની પુજા કરવા સારૂ જવું છે, તો પુજાની સર્વ સામગ્રી તૈયાર કર.

દાસી—બાઇ સાહેબ, તે તો મેં આગળથી તૈયાર કરી રાખી છે.

મધુરવંતી—ઠીક દાસી, ત્યારે ચાલો જઇએ.

દાસી—ચાલો બાઇ સાહેબ. (એમ કહી બંને જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—અંબાજીના દેવળનો રસ્તો.

(મધુરવંતી સરવે સાહેલીઓ સાથે આવતાં ગાય છે,)

રાગ ઓખાહરણ.

(લેલી લેલી પોકારૂ મેં બનમે) એ રાહ.

ચાલો ચાલો સખી આજ જઇએ, માત પુજા વિષે મગ્ન થઇએ;
ગુલાબ સુગંધ, બટ પુલ લઇને, હાર ચડાવી ઉમંગી થઇને.
પુજન કરશું મળી સૌ સાથે, દુઃખ પુત્રનું છે મુજ માથે;
પછી હસ્ત જોડી લાગું પાય, અંબે માત તું થાજે રે સહાય.

પ્રવેશ ૪ થો.

સ્થળ—અંબાજીનું દેવળ.

(મધુરવંતી સરવે સાહેલીઓ સાથે અંબાજીની પુજા કરવા આવેછે.)

મધુરવંતી—દાસી, પુજાને માટે જે પુષ્પો છે તે ગોઠવીને

તૈયાર કરો કારણ કે, આજે પુજાને ઘણો વિલંબ થયો છે.

દાસી—બાઈ સાહેબ, તે તો મેં આપના કહ્યા મુજબ પુજાની સામગ્રી સહિત પુષ્પો ગોઠવીને તૈયાર રાખ્યાં છે, પરંતુ આપ પુજા કરો એટલીજ વાર છે.

મધુરવંતી—ઠીક દાસી, ત્યારે ચાલો જઈને પુજા કરીએ. (એમ કહી મધુરવંતી મંદિરમાં જઇને અંબે માતને હાર ચડાવી ફુલથી વધાવી આરતી ઉતારે છે.)

આરતી.

જય જય, અંબે માત, (બેવાર) અરજ કરૂં આ વારે,
સુખ આપો દિન રાત, જય જય અંબે માત.
દુઃખ નિવારણ આજે, કરજે તું નિર્ભ્રાંત (બે વાર)
રક્ષક દીન કૃપાળુ, તું છો જગ સુમાત, જયજય૦
દીન દાસી આ તારી, જાણી તું સાક્ષાત (બેવાર)
પુત્ર તણું સુખ દેજે, દુર કરી ઉત્પાત. જયજય૦

મધુરવંતી—(આરતી ઉતારી રહયા બાદ) દાસી, આજે મારી સર્વે મનકામના પુર્ણ થઇ, કારણ કે આજે મારા ખરા અંતઃકરણથી અંબે માતની પુજા થઈ છે. માટે ચાલો ઉમંગના વખતમાં જઈને ગીત ગાઈએ.

દાસી—ચાલો બાઈસાહેબ, (સાહેલીઓ સહિત મધુરવંતી ગાય છે.)

રાસડો.

(પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે.) એ રાહ.

આજ ઉમંગથી રમીએ સાથ, સૌ સહીયારી રે;
કીધું પુજન જોડી બે હાથ, દુઃખ સંભારી રે.

જે છે પુત્ર વિનાની નાર, તેને દુઃખ ભારી રે;
તેથી શરણે આવી તમ પાસ, લ્યો ઉગારી રે.
એવું દુઃખ અંબે તું કાપ, છઉં દુઃખીયારી રે;
તું આણી મુજ પર રહેમ, ઉરમાં ધારી રે.
શીશ નામીને વંદુ માત, તને આ વારી રે;
પુત્ર આપીને દેજે સુખ, કહું વિસ્તારી રે.

(એમ ગાઈ રહેછે એટલે પડદો પડેછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ–મધુરવંતીના મેહેલ પાસેનો રસ્તો.

(જોગી ગાતો ગાતો ચાલ્યો જાયછે, અને પાછળથી મધુરવંતી અને દાસી આવેછે.)

લાવણી.

જોગી— (કહાં મીલે ગુરૂ જાલંધર) એ રાહ.

મોહ જાલકી જુઠી માયા, જુઠા હયે સારા સંસાર,
આજ કાલમેં જાના પડેગા, રહેના નહીં કીસ્કુ નિરધાર.
અભિમાન તું છોડ દે પ્રાણી, માયામેં મત લપટાકર;
સચી માયા એક ઈશકી, સ્મરણ ઉસ્કા દીલમેં ધર.

મધુરવંતી— દાસી, જો તો ખરી, આ જોગી કોઈ મહાન પુરૂષ જેવો લાગે છે, જેથી તું સત્વર જઇને તે જોગીને મેહેલમાં તેડી લાવ અને હું પણ ત્યાં જાઉં છું.

દાસી—બહુ સારૂ બાઇ સાહેબ, તેડીને હું સત્વર આવું છું.

(એમ કહી બંને જુદે જુદે રસ્તે જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મધુરવંતીનો મહેલ.

(મધુરવંતી બેઠી છે એવામાં દાસી જોગીને તેડી લાવે છે.)

મધુરવંતી—(ઉભી થઇ બે હાથ જોડીને કહેછે.) અહો જોગીરાજ! હું તમોને નમન કરૂં છું.

જોગી—તેરા સદા કલ્યાણ હો.

મધુરવંતી—અયે જોગીરાજ, હું આપને ખાતર રસોઇ તૈયાર કરાવુંછું તો આપ જમીને જાઓ, એટલી મુજ ગરીબ પર દયા લાવી મારી મનકામના પરિપૂર્ણ કરવા કૃપા કરશો.

જોગી—અયે લડકી, મેં કભી કીસીકા હાથકી ઓર કીસીકે ઘરમેં રસોઇ નહીં ખાતા હયે, લેકીન તેરા ઇત્ના ઈરાદા હયે, તબ સવા પાશેર શકર ઓર સવા પાશેર ઘી એ તુંબીમેં ડાલ દે, ઓર પીછે જંગલમેં જાકર ખાઉંગા.

મધુરવંતી—(બે હાથ જોડીને) બહુ સારૂં જોગીરાજ, જેવી તમારી ઈચ્છા. (દાસી પ્રત્યે)

(ઈંદ્ર સભાની ઢબ) ગજલ.

ઘી સાકર લાવ વેહેલી, જઈ મહેલ માંય;
અતિ પવિત્ર આજ મને, મળ્યા યોગીરાય.
વાર નહીં લગાડજે, કહુંછું તુજ પાસ;
ઉર માંહે આજ ધરી, લાવજે તું ખાસ.

દાસી, તું જા, ને અંદરથી સવા પાશેર ઘી તથા સવા પાશેર સાકર જલદી લાવીને આ યોગીરાજને આપ.

દાસી— ઠીક બાઈ સાહેબ, હું લઇને સત્વર આવુંછુ.

(એમ કહી જાયછે.)

જોગી—અયે લડકી, તેરા અયેસા મુખારવિંદ કયું દેખનેમે આતા હુયે, જો કુચ્છ હોવે તો બોલ દે, લેકાન ભગવતકે પરતાપસે તેરા સબ દુઃખ દૂર હો જાયગા.

મધુરવંતી— ઢીંડી.

(સુણુ દાસી આજે કર તું સૌ તૈયારી) એ રાહ.

સુણુ જોગી આજે કહુંછું હું આ વારી,
કષ્ટ કરી દૂર, લ્યો હવે ઊગારી;
રાજ્ય સુખ મને નવ. ગમે જરાયે,
બાળ અન્ય તણું નિરખી દુઃખ થાયે. સુણુ૦
ઈશ પૂર્ણ કરે કાં ન આશ મારી,
મૂજ ભાસતી આ જીંદગી અકારી;
ભર્યું ચિત્ત ક્લેશથી રહે સદાય,
વંધ્યા દુઃખ કરો દૂર યોગીરાય. સુણુ૦

મધુરવંતી—(ગાઈ રહયા બાદ દીલગીરીથી) અહો મહાન જોગીરાજ, અમને ઈશ્વરે કોઇ વાતની ખામી આપી નથી, પરંતુ એક શેર માટીની ન્યુનતાને લીધે જે આ સુખો છે તે સર્વે નકામાંજ લાગે છે, જેથી આ રંક પર દયા લાવી પુત્ર સુખની પ્રાપ્તિનો યોગ્ય ઉપાય બતાવવા કૃપા કરશો.

જોગી—(ઝોળીમાંથી ફલ કાઢીને) અયે લડકી, ઇત્ના દીલગીર કાયકુ હોતા હુયે, લે, ઇયે ફળ હુયે, સો તુમ બડી ફજરકુ સ્નાન કર કર પીછે સુર્યનારાયણકી પુજા કરકે ખા જાના, તો ઉસ્કે લીએ

તેરેકુ આજસે નવ મહીને પુત્ર લાભ હોયગા, કુચ્છ ફિકર નહીં કર.
(એમ કહી ફળ આપેછે.

મધુરવંતી—(બે હાથ જોડી) બહુ સારૂ જોગીરાજ, અમારા પર બહુ કૃપા કરી. (એવામાં દાસી ઘી તથા સાકર લઇને આવેછે અને જોગી અંતરધ્યાન થાય છે.)

દાસી— (ઇંદ્ર સભાની ઢબ) ગજલ.

આપે કહ્યું તે હું લાવી, લ્યો બાઇ આ વાર;
આપો મહાન જોગીને, નહીં કરો વિચાર.
તેથી કામ સુફળ થશે, જાણો નિરધાર;
મહાન જોગી કયાં ગયા, હમણા હતા આ ઠાર.

મધુરવંતી—દાસી, જોગીરાજ તે કયાં ગયા, હમણાજ હતા ને! આ તો આશ્ચર્ય જેવું કહેવાય.

દાસી—આશ્ચર્ય જેવું તો છેજ, હું પણ આવી ત્યારે જોગીને દીઠા હતા પણ અંતરધ્યાન તો નહીં થયા હોય, બાઈ સાહેબ!

મધુરવંતી—હા દાસી, મને પણ એમજ લાગેછે, પણ રખેને મુજ ગરીબડી દાસીની અરજ સાંભળીને ઇશ્વરે જોગીરાજનું સ્વરૂપ ધારણ કરી મારૂં દુઃખ દૂર કરવા સારૂ આવ્યા હોય એમ જણાય છે, પણ ખરેખર તો પરમેશ્વર જેવાજ હતા પણ જો આં વખતે મારા પ્રાણનાથ હોત તો તેમને પણ દર્શનનો લાભ થાત, પણ ખેર. એવીજ ઇશ્વરેચ્છા, પણ આ વખતે મારા ભાગ્યનો ઉદય થયો હોય એમ મને તો લાગેછે કેમ દાસી!

દાસી—હા બાઇ સાહેબ, હું પણ જ્યારની એ યોગીરાજ

ને તેડીને આવી હતી,' ત્યારની તો દિગમુઢ બની ગઈ કે, આ તો કોઈ ચમત્કારિક મૂર્તિ છે.

મધુરવંતી—(દાસીને ફળ દેખાડીને) દાસી, આ ફળ યોગીરાજ આપી ગયા છે ને કહ્યું છે કે સવારે નિત્ય નિયમ પછી સૂર્યનારાયણની પુજા કરીને ખાઈ જજે. એટલે પુત્રનો લાભ થશે.

દાસી—(ફળ હાથમાં લઇને) વાહ! આ ફળ તો કોઈ નવીન પ્રકારનુંજ લાગેછે, માટે બાઈ સાહેબ હવે તો તમારા દુઃખના દિવસો દુર થયા એમજ સમજો.

મધુરવંતી—ખરૂં છે દાસી, હું પણ એમજ ધારૂંછું. (જરા અટકીને) પણ દાસી, આજે રાજાજીને આવતાં કેમ વિલંબ થયો હશે?

દાસી—બાઈ સાહેબ, રાજનાં કામ છે, જેથી કોઇ વખત વાર પણ લાગે. (એવામાં વિજયસિંહ આવે છે.)

મધુરવંતી—મહારાજ, આજ આટલો બધો વિલંબ આપને કેમ થયો?

વિજયસિંહ—પ્રિયા સેહેજ, રાજ કામમાં એમ બનેછે, પણ આજ તારૂં મુખાર્વિંદ હસ્તું જોવામાં આવેછે તેનું શું કારણ?

મધુરવંતી—મહારાજ, આજે એક જોગી રસ્તામાં જતા હતા તે મહાન પુરૂષ લાગવાથી મારા હુકમથી દાસી તેને મહેલમાં તેડી લાવી તો તે યોગીએ મારૂં પુત્રની અપ્રાપ્તિના દુઃખનું બ્યાન સાંભળીને ખુશી થઈ તેણે એક ફળ ઝોળીમાંથી કાઢીને આપ્યું, અને કહ્યું જે કાલે સવારના પહોરમાં નાહી, સૂર્યનારાયણની પુજા કરીને એ ફળ ખાઈ જજે, એટલે નવ

મહીને પુત્રની પ્રાપ્તિ થશે, એમ કહેવા પછી તે એટલામાંજ ગુપ્ત થઇ ગયા કે પાછો કયાંઈ પણ પતો મળ્યોજ નહિં.

વિજયસંહ—(અજાયેબ થઈને) વાહ! ત્યારે તો ખરેખર ઈશ્વર જ આવ્યા હોયની! પણ તને જે ફળ આપ્યું તે કયાં છે?

મધુરવંતી—મહારાજ, આ રહ્યું, મારી પાસેજ છે.

(એમ કહી ફળ તેના હાથમાં આપેછે.)

વિજયસિંહ—વાહ! ફળ તો કોઇ નવીનજ લાગેછે ત્યારે તો એ મહાત્મા પુરૂષના આશિર્વાદથી પુત્ર લાભ થાય તો બહુ સારૂં, પણ ઈશ્વરનું સ્મરણ સદા કરતી રહેજે.

મધુરવંતી—હા મહારાજ, તે વાત તો ખરીજ છે ની! તેના સિવાય તો એક તરણા સરખું પણ હીલી શકતું નથી, જેથી તેનો મોટો ઉપકાર માનીને સ્તુતિ કરીએ.

વિજયસિંહ—બહુ સારૂં પ્રિયા,

(એમ કહી બને જણાં ઈશ્વરની સ્તુતિ કરેછે.)

(ખંતેથી નમી તને અંતે વિનવીએ) એ રાહ.

સહાય થાઓ સર્વ જગ્તના કર્તા, દયાવાન દયાવાન
દયાવાન દયાવાન, સ્હાય સ્હાય સ્હાય સ્હાય.
દયાવાન ભરપુર, રેહેમ આણી ધરી ઉર,
દીન ધારી કષ્ટ ચૂર, દુઃખ નાંખે કરી દૂર,
પુત્ર સુખ નહીં પુર, તેથી નહીં નેત્રે નુર,
તારી લેજે તું જરૂર, આવીએ તારી હજુર,
શરણે તારે આજે આવે, અરજ સુણી ધ્યાને લાવે,

બન્ને સાથે થઈને કહાવે, હેજે પુત્ર કરીને ભાવે,
સ્હાય સ્હાય સ્હાય, સ્હાય.

(એમ સ્તુતિ કરી રહયા બાદ બારના ટકોરા થાય છે.)

મધુરવંતી—મહારાજ, રાત્રિ તો ઘણીજ વીતી ગઈ માટે ચાલો, આપની ચરણુ સેવામાં હું તત્પર થાઉં.

વિજયસિંહ—ચાલો પ્રિયા. (એમ કહી બંને શાય નગ્રહમાં જાયછે.)

પ્રવેંશ ૭ મો.

સ્થળ-મધુરવંતીની બેઠકનો ઓરડો.

દાસી—(પ્રવેશ કરી) અહોહો! આજ દિવસ તો ઘણો ચડી ગયો છે, તો પણુ બાઈ સાહેબ હજુ સુધી કેમ નહીં આવ્યાં હોય?

(એવામાં મધુરવંતી આવેછે.)

મધુરવંતી—દાસી, પેલા જોગીરાજના આશિર્વાદથીજ પુત્ર રત્નનું સુખ હું થોડા સમયમાં જોઇશ એવી આશા પેદા થાય છે.

દાસી—હા બાઇ સાહેબ, એવા મહાન પુરૂષોના મુખાર્વિંદથી જે શબ્દ નીકળેછે તે પળેછે, માટે આપને જોગીરાજના કહ્યા મુજબ પુત્રનો લાભ થશે એમ નકીજ ધારો.

મધુરવંતી—દાસી, જો એ પ્રમાણે બનેજ તો, (પરમેશ્વર તરફ ઉંચા હાથ કરીને) પરમેશ્વરે ખરેખર અમારા ગરીબ પર કૃપા કરી કહેવાય. (એવામાં પોતાના પેટમાં શુળ પડેછે તેથી) અરર! દાસી, હવે મારાથી અહિં રહી શકાતું નથી, કારણુ જે મારા પેટમાં સબાકા આવેછે. (એમ કહી કોચ ઉપર બેસીને ગાય છે.)

(સહીયર દુઃખ શું દાખવું.) એ રાહ.

હાય આ થાયે શું પેટમાં, મુજથી ના સહેવાય;
જીવ મુંઝાય છે માહરો, તેથી દીલ દુઃખાય. હાય૦
દાસી જા જલ્દી આવજે, તેડી કોઈને આંય;
નહીં તો જશે જીવ માહરો, ઘડી પલકની માંય. હાય૦
નવ માસ પણ પુરા થયા, રહ્યા મુજને ઓધાન;
તે દિનનું સુખ તો નથી, નથી કંઈ મને ભાન. હાય૦
અવતરવાનો સમય હશે, બાળકને આ વાર;
સ્હાય માગું પ્રભુ તાહરી, દેજે જગતઆધાર. હાય૦
અરજ કરૂં છું હું તુજને, રહેજો મુજને સુખ;
સર્વ થજો સાનુકુલતા, દેજે ના જરી દુઃખ. હાય૦
કરૂણા નિધાન તુંને કહું, જોડી કર જગદીશ.;
દીન દયાળુ કૃપા કરો, નામું તવ પદ શીશ. હાય૦

દાસી, તું મારે માટે જે ઉપાયો કરી શકે તેને માટે તત્પર રહે તો ઠીક.

દાસી—કંઈ ચિંતા નહીં બાઈ સાહેબ.

પ્રવેશ ૭ મો.

સ્થળ—રાજદરબાર.

(સરવે રાજદરબારીઓ બેઠા છે, એવામાં દાસી પ્રવેશ કરી પુત્ર જન્મની વધામણી લાવેછે.)

દાસી— (મોહોલે પધારો મહારાજ, માણીગર) એ રાહ.
આજે લાવી વધાઇ મહારાજ, પ્રીતે આજે લાવી વધાઇ;
પુત્ર પ્રસવ થયોછે આજ, પ્રીતે આજે લાવી વધાઈ.
આનંદથી વાજે અતિ, વાજીંત્ર અપરમપાર;
મેઘ ગગનમાં ગાજીઓ, એમ થયો આનંદ અપાર. પ્રીતે૦
આજ ખુશાલી શેહેરમાં, કીધી કહી ન જાય;
ઘેર ઘેર ઓછવ થયો, સઘળે જય, જય, જય, કહેવાય. પ્રીતે૦
કર જોડી આજે કહે, અરજ કરી આ દાસ;
વર્તો જય, જય આપનો, થાઓ સફૂળ વધાઇ આ ખાસ. પ્રીતે૦

દાસી—(બે હાથ જોડી) મહારાજા, આપને ઘેર પુત્ર રત્નનો પ્રસવ થયો છે, એ ઘણી ખુશાલીની વાત કહેવાય, જેથી આજે મને સારૂં ઈનામ આપો. (સરવે દરબારીઓ ખુશીથી ગાય છે.)

રાહ અંગ્રેજી.

સર્વે—ખુશી ખુશીજ આજ, ખુશી ખુશીજ આજ;
આજ દિવસ આનંદનો, પુત્ર આવ્યો તે કાજ—ટેક.
વિજય—ધર્મ દાન આજે કરો, સાંભળો જી પ્રધાન;
વાજાં આ સમયે વગડાવો, કરો ગાન ગુલતાન. ખુશી૦
સૌ ગરીબને ભોજન આપો, કોઈને લાડુ શાક;
કોઈને આપો શીરો પુરી, કોઇને દુધપાક. ખુશી૦
ઉપર તેને વસ્ત્ર આપો, કોઇને પીતાંબર પાગ;
બુરાનપુરી સેલા સારા, શીરપાવ આપો અથાગ. ખુશી૦
પાંચ હજાર મહોર સોનાની, ઉપર સાડી જરીયન;
તે દાસીને પેહેલાં આપો, ખુશી થાય એનું મન. ખુશી૦

વિજયસિંહ—પ્રધાનજી, આજ અતિ ખુશાલીનો દિવસ છે, જેથી આજે ગરીબ ગુરબાંઓને જેવું જોઇએ તેવું ભોજન જમાડો, અને પછી તેઓને એકેક વસ્ત્ર પહેરામણીમાં આપો, ને દાસીને પાંચ હજાર સોના મહોરો તથા એક જરીયન સાડી તેને પ્રથમ વધાઈ માટેની આપણા ખજાનચી ઉપર ચિઠ્ઠી લખી આપો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ.

(એમ કહી ચિઠી લખીને દાસીના હાથમાં આપેછે.)

દાસી—મહારાજાધિરાજ વિજયસિંહ રાજાનો જય થાઓ.

(એમ કહેતી જાય છે.)

વિજયસિંહ—પ્રધાનજી, તમો ગરીબ ગુરબાંઓને વાસ્તે ભોજનનો બંદોબસ્ત સત્વર કરો.

(ત્યાર બાદ કચેરી બરખાસ્ત માટે ચોપદાર નેકી પુકારે છે, એટલે સરવે જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—મધુરવંતીનો મહેલ.

(ગુણસુંદરી બેઠી છે એવામાં વિજયસિંહ આવે છે.)

ગુણસુંદરી—મહારાજા આપને ઘેર આટલી ઉમરે ક્ષેમ કુશળથી પુત્ર પ્રસવ થયો એ ઘણીજ ખુશાલી કહેવાય, માટે પરમ દયાળુ પ્રભુએ આપણા ઉપર કૃપા કરી એમ માનવું

વિજયસિંહ—જી હા, ભાભી, આપને પ્રતાપે પરમેશ્વરે આપણી સામું રહેમ આણીને જોયું જેથી આપણે તેનો મોટો ઉપકાર માનીને તેની સ્તુતિ કરીએ. (એવામાં મધુરવંતી પ્રવેશ કરેછે.)

વિજયસિંહ—કેમ પ્યારી, તબીયત તો સારી છેની!

મધુરવંતી—હા મહારાજ, આપને પ્રતાપે થી ક્ષેમ કુશળ છુ

(એમ કહી સરવે ઘુંટણીયે પડી ઇશ્વરની સ્તુતિ કરેછે.)

(દયાળુ દેવ કૃપાળુ તું) એ રાહ.

અરે જગતનાથ! જોડીને હાથ કહુંછું રાખ, અમને સાથ,
કદી નહીં તું જુદા કરજે, કૃપા અમ પર સદા કરજે.
પુત્ર હમારો પ્રાણાધાર, ખરે દીલદાર, હૈયાનો હાર;
દીન જાણી તું રક્ષણ કર, દયા આણી, દીલમાં ધર.
હતા જગમાં અમે પાપી,. લીધું છે દુઃખ તે કાપી;
આપ્યું છે સુખ તે જગદીશ, નામી શીશ વંદુંછું ઇશ.
તુજ વિના ન ચાલે કયાંઇ, અધિક શું ગુણ ગાઉં હું આંહી;
અદભૂત છે લીલા ત્હારી, કહેતાં જાય મતી હારી.

અંક ૧ લો સમાપ્ત.

ગુલાબસિંહ નાટક.

અંક ૨ જો.

પાત્રો.

વિજયસિંહ	...	....	....	કંચનપુરનો રાજા.
મધુરવંતી	...	...	....	તેની સ્ત્રી.
ગુલાબસિંહ	...	...	...	તેનો પુત્ર
પ્રધાન	....	....	...	વિજયસિંહનો દિવાન
પરભાશંકર	...	...	....	ખાસ હજુરનો ગોર
માનસિંહ	...	....	....	પ્રધાનનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
સત્યચંદ્ર	...	...	...	વજીર રામસિંહનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
માણેકચંદશાહ	...	...	...	કંચનપુરના નગર શેઠ
ઝવેરબા	...	...	...	તેની સ્ત્રી
ચંદ્રિકા	...	...	..	તેની પુત્રિ
રાધા	...	....	...	ચંદ્રિકાની સાહેલી
નગીનદાસ	...	...	...	માણેકચંદશાહનો મુનીમ
કપટચંદ	....	...	...	,, મહેતો

દાસી, ચોપદાર, વિદુષક, સિપાઇ તથા પરદેશી બ્રાહ્મણો યા કંનચનપુરના વેપારીઓ વગેરે,

ગુલાબસિંહ નાટક.

અંક ૨ જો.

પાત્રો.

વિજયસિંહ	... ...	કંચનપુરનો રાજા.
મધુરવંતી	... ...	તેની સ્ત્રી.
ગુલાબસિંહ	... ...	તેનો પુત્ર
પ્રધાન	... ...	વિજયસિંહનો દિવાન
પરભાશંકર	... ...	ખાસ હજુરનો ગોર
માનસિંહ	... ...	પ્રધાનનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
સત્યચંદ્ર	... ...	વજીર રામસિંહનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
માણેકચંદશાહ	... ...	કંચનપુરનો નગર શેઠ
ઝવેરબા	... ...	તેની સ્ત્રી
ચંદ્રિકા	... ...	તેની પુત્રિ
રાધા	... ...	ચંદ્રિકાની સાહેલી
નગીનદાસ	... ...	માણેકચંદશાહનો મુનીમ
કપટચંદ	... ...	,, મહેતો

દાસી, ચોપદાર, વિદુષક, સિપાઇ તથા પરદેશી બ્રાહ્મણો તથા કંનચનપુરના વેપારીઓ વગેરે,

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

(એક બુઢો બ્રાહ્મણ લાકડીને ટેકે પોતાના છોકરાં સહિત કંચનપુર જાયછે.)

ગત કેરબો.

બન્ને—ચાલો આજ, ચાલો આજ, પુરી કંચન જઇએ રે,
 પુરી કંચન જઈએ રે, જઈને લાડુ ખઈએ રે, ચાલો૦

છોકરો—બુઢા કાકા જઉંછું હવે, તમને છોડી દઉં.
 લાડુ આજે ખાવા જેથી, જલ્દી દોડી જઉં. ચાલો૦

બુઢો— જા તો મારૂં હું લાકડી,

છોકરો—નથી માથામાં પાઘડી;

બુઢો—હાલને હવે એમ એમ,

છોકરો—નહીં આવું હું જેમ તેમ.

બુઢો—નહીં તો આજે માર ખાઇશ,

છોકરો—તારે માથેથી લેઈ લઈશ.

(છોકરો પાઘડી ઉતારીને પેહેરે છે, એટલે બુઢો કાકો લાકડી લઇને મારવા જાયછે, એવામાં એક લંગડો બ્રાહ્મણ તેના છોકરા સહિત આવેછે.)

લં૦ ને છોકરો—મારેછે આ બુઢા કાકો, છોકરાને દોડી;
 સિંહ આવતાં અમે દીઠો, ખાશે શીર તોડી. ચાલો૦

બુઢા—વોય વોય! મારા બાપ મુવો, બચાવો કોઈ ક્યાંય,
જઈને લાડુ કોણ ખાશે, મારે બદલે ત્યાંય. ચાલો૦
(બુઢો બ્રાહ્મણ આમ તેમ દોડેછે, એવામાં બીજા બે બ્રાહ્મણો આવેછે.)
બેઉ બ્રાહ્મણ—બીહો નહીં, બુઢા કાકા, નાસી જાઓ નહી;
બુમ તમારી સાંભળીને, દોડી આવ્યા અંહી. ચાલો૦
લં૦નો છોકરો—ભાઈ થાકી ગયો પગે, કાંટો ગયો પેસી;
કંચનપુર તો છેટું રહ્યું, પીઠે જાઉં બેસી. ચાલો૦
(એમ કહી લંગડાની પીઠ પર ચડી બેસેછે.)
બેસી ગયો હું ઉપર ઠેકી, પ્રટકા મારૂં ચાર;
કચ કચ તેથી કંચન આવે, કંઈ નહીં લાગે વાર. ચાલો૦
(એમ કહી સરવે જાય છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

વિદુષક—(પ્રવેશ કરીને) અરે! આજ બ્રાહ્મણો તો ઘણા આવ્યા છે માટે લાવ વેહેલો જઈને ખાઇ લઉં, નહીં તો પછી આ બંદાને ભુખ્યું રહેવું પડશે. (એમ કહી જાય છે,)

પ્રવેશ ૩ જો

સ્થળ—બ્રાહ્મણોની પંગત.

(બ્રાહ્મણોની પંગત જમતાં જમતાં ગાય છે.)

સર્વે—ગારા પ્યારા લાડુ (૨) તુજ પર વ્હાલ અતિ મનમાં—ટેક

બુઢો—લાડુ લાગે કઠણુ આજે, દાંતે નવ ચવાય;
  બાસુંદી જો આવે અંહી તો, ખાંતે તે ખવાય. મારા૦
બુઢાનો છોકરો—બાસુંદીમાં શુંય ખાવું છે, ભાવે મોહન થાળ;
  મોઢું તો તો ફૂટે મારૂં, જાણે આવ્યો કાળ. મારા૦
લંગડો—મોહનથાળ તો ભાવે નહીં, છોકરડાં તે ખાય;
  લાપસી ખાઉં તો પગ મારો, જલ્દી લાંબો થાય મા૦
લં૦નો છોકરો—લાપસી ખાઉં તો ફેરા આવે, જેમ કુંભાર-
[નો ચાક;
  ફેરા ખાતાં પડી જઉં તો, કોણુ ખાય દુધપાક. મારા૦
૧ બ્રાહ્મણુ—બ્રાહ્મણુ હું તો શ્રીમાળી છું, તમ સાથ ન ખવાય;
  સુતરફેણી લાગે પ્યારી, ભરભર ભુકો થાય. મારા૦
૨ બ્રાહ્મણુ—મથુરાના પેડા ભાવેછે, બીજે મન નવ જાય;
  વહેલો જઇને ખાઇ લઉ તો, ભાગ પડે ન કયાંય. મા૦
(એમ કહેતાં પડદો પડેછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ-રસ્તો.

વિદુષક. (પ્રવેશ કરીને)

(મારૂં નામ બગલો હજામ.) એ રાહ.

લાડુ નામ જગમાં પ્યારૂં. (બે વાર)
સાચી છે તારી લગની મારી જીંદગી સારી—સાચી૦
પેટ જો મારૂં ખાલી છે કેવું, જેમ કુંભારી માટ;

દેશાવરમાં હોય જો લાડુ, પહોંચું જઈને ટાટ. લાડુ૦
(એમ ગાઈને જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ–મધુરવંતીનો મેહેલ.

(મધુરવંતી પોતાના પુત્રને રડતો જોઈ હીંચોળતાં ગાય છે;)

(કહું શું નસીબે દુ:ખીઓ કીધો છે) એ રાહ.

કહું શું તુજને પુત્ર છો મારા,
છાનો રહે તું પ્રાણથી પ્યારો. કહું૦
રડીને નયને પાણી તું લાવે,
તેથી તુજ માતા ઉદાસી થાવે. કહું૦
દયા તેથી તું ઉરમાં આણી,
છાનો રહે સુણી આ દીન વાણી. કહું૦
સુખ તને નહીં ખાધા વિણ થાયે,
રડયા થકી પેટ કદી ન ભરાયે. કહું૦
કુંવર મારો સમજી મન માંહીં,
છાનો રહો નવ જાણી જુદાઇ. કહું૦

પ્રવેશ ૬ ઠો.

સ્થળ–રસ્તો.

વિજયસિંહ–(પ્રવેશ કરીને) આજ કચેરીમાં મને ઘણો વિલંબ થયો છે, જેથી મારો પ્યારો પુત્ર તથા પ્યારી એ બન્ને મારી રાહ જોતાં હશે માટે ચાલ મેહેલમાં સત્વર જાઉં (એમ કહી જાય છે.)

પ્રવેશ ૭ મો.

મધુરવંતી—(પ્રવેશ કરીને સ્વગત) અરે! આજ ઘણી વાર થયાં દાસી માહરા પ્યારા પુત્રને રમાડવા સાથે તેડી ગયેલ છે, તો હજુ સુધી દાસી પાછી આવીજ નહીં અને રાજાને પણ આજ વિલંબ થયો છે, જેથી અહીં એકલા રહેવું ચેન પડતું નથી.

(એવામા પુત્રને દાસી તેડી લાવેછે.)

દાસી—લ્યો બાઇ સાહેબ, આ આપનો ચીરંજીવી પુત્ર.

ગુલાબસિંહ—માતાજી, હું તમને હસ્ત જોડી નમન કરૂં છું.

મધુરવંતી—(તેને ખોળામાં લઇને) વાહ! મારા પ્યારા પુત્ર જેમ સૂર્યને જોઇ કમળ પુલ ખીલે છે તેમ આ તારૂં શરીર અને આ તારી કાન્તિ જોઈ મારૂં શરીર પણ પ્રપુલ્લિત થાય છે.

(આમ કહેતી નીચે મુજબ ગાય છે.)

ઝીંઝોટી ઠુમરી.

(વિનતિ ધરજો ધ્યાન, સજ્જન સૌ) એ રાહ.

તુજ પર છે મુજ પ્યાર, કહું શું તુજ પર છે મુજ પ્યાર–ટેક
ઘડી ઘડી તુજને હું નહીં દેખું, ચેન પડે ન લગાર–કહું શું૦
પુત્ર તને હું કદી નહીં છોડું, તુજ પર છે આધાર –કહું શું૦
તું થા દુઃખી તો થાઉં હું દુઃખી, લાગે જરા નહીં વાર–કહું શું૦
તુજ પિતા તો તુજ પર બહુ, પ્યાર કરે અપાર–કહું શું૦
માગું પ્રભુ હું હસ્ત જોડી ને, તમે છો નિરાકાર–કહું શું૦
દાસી તમારા હમેશાં કહાવે, સુખ દે તું સદાચાર–કહું શું૦
સોમ કહે ઇશ ક્ષમા તું કરજે, છઉં તારો ગુન્હેગાર–કહું શું૦

(આમ ગાઇ રહેછે એવામાં વિજયસિંહ પ્રવેશ કરેછે.)

વિજયસિંહ—કેમ પ્યારી, હવે તો આપણો પુત્ર મોટો થયો છે, જેથી કજીઓ કંકાસ તો નહીં કરતો હોય?

મધુરવંતી—નહીં મમ પ્રાણાધાર, તેને પાંચેક વરસ તો થવા આવ્યાં પણ તે કજીઆ બાબત તો કાંઇ સમજતોજ નથી, પણ તે ઘણો ડાહ્યો અને વળી સમજુ છે માટે હવે તેને વિદ્યાભ્યાસની કાંઇક ગોઠવણી કરીએ તો સારૂં.

વિજયસિંહ—હા પ્રિયા, મને પણ એજ વિચાર થતો હતો, પરંતુ હવે તો તારે મુખેથીજ નકી થયું ;જેથી કાલને કાલ સારૂં મુહૂર્ત જોવરાવીને નિશાળે બેસારીશું.

મધુરવંતી—જુઓને, આપણા પ્રધાનના પુત્રને હજી પાંચ વરસ તો પૂરાં થયાં નથી, તોપણ દરરોજ કેવો નિશાળે જાયછે.

વિજયસિંહ—હા પ્યારી, પણ તે તો ઘણોજ ચાલાક તથા ચપળ છે.

મધુરવંતી—(હૃદય સાથે ભીડીને;) મારા વહાલા પુત્ર, તું આપણા પ્રધાનના પુત્ર સાથે દરરોજ નિશાળે ભણવા જઇશ કે?

ગુલાબસિંહ—માતુ, મારે શું શું ભણવું જોઇયે?

મધુરવંતી—પુત્ર, રાજ પુત્રને છાજતી તરેહવાર જાતની વિદ્યા શીખ્યાથી માણસમાં અક્કલ તથા હુશિઆરી વધેછે.

ગુલાબસિંહ—હા માતુ, ત્યારે તો હું સત્વર જઇશ.

વિજયસિંહ—જોયું પ્યારી, (પુત્ર તરફ આંગળી કરીને) આ કેવો ડાહ્યો અને વળી સમજુ છે! આજથી પોતાની નાની વયમાં વિદ્યા શીખવામાં કેવો ઉમંગ ધરાવેછે! તોપછી આપણે શું કરવા વિલંબ કરવો જોઇએ, માટે સારૂં મુહૂર્ત જોવરાવી નિશાળે બેસારીશું.

મધુરવંતી—હા પ્રાણનાથ, તેતો ઠીક, પણ જુઓને પરમેશ્વરની કેવી અદભુત લીલા છે, તેની ગતિનો કંઈ પારજ નથી. શું, તે ઘડીમાં તૃણનો મેરૂ અને મેરૂનું તૃણ બનાવેછે, આપણને જ્યારે સંતાન ન હતું ત્યારે કેવા દુઃખી હાલતમાં હતાં ને હાલ પાછા તેની કૃપાથી કેવા સુખી છીએ. (પરમેશ્વર તરફ હાથ જોડીને) વાહ! પરમેશ્વર વાહ! તારી ગતિ તો ન્યારીજ છે!

વિજયસિંહ—હા પ્યારી, તેના સિવાય તો કંઈપણ બનતુંજ નથી. (જરા અટકીને) પ્યારી, મને અહીં આવ્યા ઘણો વિલંબ થયોછે જેથી પ્રધાનજી મારી રાહ જોતા હશે.

મધુરવંતી—પધારો મહારાજ, પણ મુહૂર્ત જોવરાવવાની તાકીદ રાખજો.

વિજયસિંહ—હા પ્યારી, જતી વખતે પહેલું તેજ કામ કરીશ.

(એમ કહી રાજા જાયછે અને પાછળથી પોતે પણ જાયછે.)

પ્રવેશ ૮ મો.

(પ્રધાન, વજીર, દરબારીઓ, વિદુષક, ચોપદાર વગેરે બેઠા છે એટલામાં રાજા પ્રવેશ કરેછે.)

ચોપદાર—મહારાજાધિરાજ—વિજયસિંહ મહારાજને ઘણી ખમા.

વિદુષક—વિદુષક મહારાજને ઘણી ખમા.

વિજયસિંહ— દેશની ખમાય.

સુણો પ્રિય પ્રધાન, કહું લેઈ તે ધ્યાન, આણો ગોર શહાણ,

જે શાસ્ત્ર નિરખી, મુહુરત કહે કરૂં દાન, ઉમંગ ધરીને—સુણો૦
પુત્ર મારો ગુણવાન, છે રત્નની ખાણ, વળી ડાહ્યો સુજાણ,
પ્રિય રે પ્રાણથી, ભણશે જઇ પ્રમાણ, ગુરૂથી ડરીને—સુણો૦

પ્રધાન—

કહું જોડી બે હાથ, આણું ગોર હેયાત. મુહુર્ત આપે ખુશી સાથ
તેથી રે ભણશે, મુજ પુત્ર સંગાત, હીંમત ધરીને—કહું૦
મહારાજ હું ગોરને તેડી સત્વર આવુંછું. (એમ કહી પ્રધાન જાયછે.)

વિદુષક—અરે! મારા જેવો જોસી સભામાં છતાં—

(એમ કહી પોતાનું વર્ણન કરેછે.)

બેત.

(મારે તેની આગળ ચાલું)

જોસ સર્વને જોઇ આપું, માનો પંડિત હું કહેવાઉં;
ટીપણું કાઢું ફડફડતું તો, પૈસા બે ચાર મારી ખાઉં.
ધન મકર ને મિન મેખ, એવું તો હું જાણું બહુ;
કદી લાગમાં આવી જઊંતો, જલદી દોડી નાસી જઊં.
એવો જોશી છઊં સભામાં, બીજાનું પડે શું કામ;
મુહૂત કોઇનું જોતો નથી, દોકાની બે લઊંછું દામ.

વિજયસિંહ—અયે વિદુષક, ગડબડ નહીં કર. (એવામાં પ્રધાન ગોરને તેડી આવેછે.)

પ્રભાશંકર—નમસ્કાર મહારાજા, આજે અમો ગરીબ પર બહુ કૃપા કરી તો અમ સરખું જે કામકાજ હોય તે ફરમાવવા કૃપા કરશો.

વિદુષક—ઊઠ, આ સામેની જગા પર ચુનાના તગડકા લઇ જવાના છે. એ તારૂં કામ છે. (એમ કહી હસેછે.)

વિજયસિંહ— અયે ગોરજી, મારા પ્રિય પુત્રને પાંચ વરસ થવા આવ્યાં છે જેથી તે વિદ્યા શીખવાને મનમાં ઉમંગ ધરાવે છે તો સારૂં મુહૂર્ત જોઇ આપો કે જેથી કરી ચૌદ વિદ્યા ગુણુ જાણુ થાય.

પ્રભાશંકર—(ટીપણું કાઢીને હાથના વેઢા ગણતો ગણતો) મહારાજા, કાલે બુધવારે પહેલા પહોરમાં લાભ ચોઘડીઉં સારૂં છે જેથી કુંવરને સવારના પહોરમાં વિદ્યાશાળામાં બેસારજો એટલે ખુબ હોંશિયાર થશે.

વિજયસિંહ—બહુ સારૂં ગોરજી. (પ્રધાન પ્રત્યે) **પ્રધાનજી**, આપણા પરભાશંકર ગોરને પાંચસો સોના મહોર તથા એક જરિયન સેલાની ચીઠી આપણા ખજાનંચી ઉપર લખી આપો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ (એમ કહી ચીઠી લખી આપેછે તે લઈને ગોર જાયછે.)

વિજયસિંહ—પ્રધાનજી, હું મહેલમાં જાઉંછું, ને પછવાડે કચેરી બરખાસ્ત કરજો. (એમ કહી રાજા જાયછે અને પછવાડે કચેરી બરખાસ્ત થવાને પ્રધાન ચોપદારને આજ્ઞા કરેછે.)

ચોપદાર—કચેરી બરખાસ્ત. (એમ કહી સર્વે જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ-નિશાળ.

(કંગનવા મોરા કરસે સરક ગયોરે, એ રાહ.

સર્વે છોકરા— છોકરાઓ આવો ટપ માખી રમીએ આજે રે.
પહેલો છોકરો—મહેતાજી આવે તો મારે,
બીજો છોકરો—સુઈ ગયા તે તો ક્યારે;
સર્વે છોકરા—ત્યારે આપણુ સાથ બેસી રમવા કાજે રે.

પહેલો છોકરો—જલ્દી માર કરે શું વાર,
બીજો છોકરો—લે લે સ્વાદ તું મનમાં ધાર (એમ કહી મારે છે.)
પહેલો છોકરો—વારો આવ્યો મુજને દે,
બીજો છોકરો—નહીં આપું અંગોઠો લે,
પહેલો છોકરો—વારો તું તો આપીશ નહીં તૈયાર થાજે રે.
(એમ કહી બેઉ છોકરાં લડે છે)
માનસિંહ—બસ બસ, લડયા છો હવે બહુ,
સત્યચંદ્ર—મુકી દીઓને ખટપટ સહુ, (મેહેતાજી પ્રવેશ કરેછે.)
મેહેતાજી—આવો શિક્ષા આપું તેથી ગામ ગાજેરે.
(એમ કહી બેઉ છોકરાને ખુબ મારેછે.)

(ઈંદ્ર સભાની ઢબ) ગજલ.

બેઉ છોકરા—
મરી ગયા મેહેતાજી અમે, કહીએ સાચી વાત;
મસ્તી અન્ય વાર કરી તો, દેજો અમને લાત;
મેહેતાજી—
બેસી જાઓ છોકરાં હવે, પાઠ કરો નિરધાર,
હામ ધરીને શીખો તમે, લગાડો ન વાર.

(સરવે છોકરા વાંચવા મંડી જાયછે એટલામાં વિજયસિંહનો સિપાઇ આવેછે.)

સિપાઈ—મેહેતાજી સાહેબ, તુમરી પાઠશાળામેં મહારાજાધિરાજ વિજયસિંહ કે બેટે ગુલાબસિંહ બડી ધામધુમસેં પઢનેકુ આતા હયે.

મેહેતાજી—બહોત અચ્છા. (એવામાં વિજયસિંહ પ્રવેશ કરેછે એટલે મેહેતાજી ઉભા થઈને) પધારો મહારાજ, આજે તો આ નિશાળ તરફ

આપે મોટી કૃપા કરી છે અને આશા રાખુંછું કે મારાસરખુ કામ કાજ હોય તે ફૂરમાવવા તસ્દી લેશો.

વિજયસિંહ—(પુત્ર સામું જોઇને) આપના રાજકુમાર વિદ્યાર્થીને ભણવાની બહુ ઉમેદ છે તો તેને ભણાવવા તમો જાતે તસ્દી લેશો તો કેળવણીમાં સત્વર આગળ વધશે અને એટલો હું આપનો ઉપકાર કદી ભૂલીશ નહીં.

મેહેતાજી—બહુ સારૂં મહારાજ, તે બાબતમાં તમારે બિલકુલ નચિંત રહેવું. એવા ચાલાક રાજ પુત્રને કેળવણી આપવામાં મને મોહોટી ખુશી ઉપજશે.

વિજયસિંહ—લ્યો, આ કસબી કોરની પાઘડી છે તે તમે બાંધો અને જે આ સાદાં વસ્ત્રો તથા મીઠાઇ છે તે સર્વે છોકરાઓને વહેંચી આપો અને આજ ખુશાલીના દિવસમાં સર્વે છોકરાઓને છુટી આપો.

મેહેતાજી—બહુ સારૂં મહારાજા, (એમ કહી પોતે પાઘડી બાંધીને છોકરાઓને ઇનામ વેહેંચી આપેછે.) છોકરાઓ, આજે તમને છુટી છે. માટે મહારાજા વિજયસિંહ મહારાજનો જય થાઓ એમ કહેતા હરખ સાથ ઘેર જાઓ.

છોકરાઓ—(મોટે સાદે) મહારાજા વિજયસિંહ મહારાજનો જય થાઓ. (એમ કહી સૌ છોકરા ઘેર જાયછે.)

વિજયસિંહ—મેહેતાજી સાહેબ, મને વિલંબ થયો છે જેથી હું જાઊંછું.

મેહેતાજી—પધારજો મહારાજ.

(વિજયસિંહ જાયછે અને પાછવાડે મેહેતાજી પણ નિશાળ બંધ કરીને જાયછે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—બગીચો.

(ગુલાબસિંહ, માનસિંહ તથા સત્યચંદ્ર એ ત્રણે મિત્રો આવેછે અને પાછળથી નગરશેઠની પુત્રી સાહેલીઓ સાથે પાણી ભરવા નીકળેછે.)

ગુલાબસિંહ— રાગ માડ.

(તું આજા નજર તાલબે, દીદાર હું તેરા.) એ રાહ.

આ ડોલર, ગુલાબ આ, અતિ નાગરવેલી,
મોગરો, ચંપો, કેતકી, શું શોભિ ચંપેલી;
જણાયછે આ જાઇ જુઈ, માલતી અથાગ,
ખુશી થાયે મન માહરૂં, જોઇને આ બાગ.
વૃક્ષ ઉપર ફૂળ દીસે, જાણે રત્ન જોત,
પુષ્પ શોભા આપે અતિ, થતાં રવિ ઉદયોત;
ફુવારા સુંદર હોજમાં, છુટે સહસ્ર ધાર,
મુજ મતિ હારી જાગે, કહેતાં આ વિસ્તાર.

વાહ! પ્રિય માનસિંહ, આ કેવો સુંદર બગીચો જણાયછે! અને આ સુગંધી નાનાં વૃક્ષો તો જાણે સુગંધ આપવાને વાસ્તે તત્પર થઈ રહ્યાં હોયની! એમ જણાયછે. અને તેનાં ફળો તો જાણે હીરાના તેજની માફક ચળકાટ મારેછે અને આ સઘળું કેવું ભાસેછે કે જાણે સ્વર્ગપુરીજ હોયની!

માનસિંહ—હા પ્રિય બંધુ, આ બગીચામાં કાંઇ ખામીજ નથી, જોઈને મારૂં મન તો ઘણુંજ પ્રફુલ્લિત થાયછે અને પુષ્પ તો જાણે સુર્ય ઉદય થયો હોય, અને જેમ તેનાં કિરણો ચળકેછે તેમ આ ફુલની પાંખડીઓ પણ કિરણોની માફક ચળકાટ મારેછે.

સત્યચંદ્ર—હા, વડીલ બંધુઓ, આ બગીચો આગળ કોઈ દેવતાઈ રીતે બનેલો હોય, એમ આવી શોભા ઉપરથી જણાયછે. અને વળી આ પુવારામાંથી નિર્મળ જળની સહસ્ર ધારો છુટેછે કે જાણે ભર ચોમાસાની અંદર ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય, એવું શોભાયમાન લાગેછે અને હવા કેવી શીતળ વાયછે કે તે કહેતાં મારૂં મન તો હારી જાયછે.

ગુલાબસિંહ—હા, પ્રિય સત્યચંદ્ર, તે તો સર્વે ખરૂં પણ હવે તો ધનુર્વિદ્યા થોડી થોડી શીખ્યો છું, કહો તો તેની અજમાયેશ લઇ જોઇયે.

સત્યચંદ્ર—ઠીક ત્યારે, આ સામેનું સુંદર વૃક્ષ છે તે ઉપર મારીને તેના ફળને જ્યારે નીચે પાડો ત્યારે તમારી વિદ્યાની ખબર પડે.

ગુલાબસિંહ—બહુ સારૂ, (એમ કહી મારે છે, એવામાં રસ્તામાં નગર શેઠની પુત્રી ચંદ્રિકા સાહેલીઓ સાથે પાણી ભરવા જાયછે. તેને લાગવાથી બેશુદ્ધ થઇ નીચે પડેછે અને ગુલાબસિંહ તથા તેના બંને મિત્રો ભાગી જાયછે.)

રાધા—બેન ચંદ્રિકા, ઊઠ ઊઠ, બેઠી છે શું; જઇને તારા માત પિતાને કહે જે રાજપુત્રે મારા ઉપર ધનુષ્બાણનો ઘા કર્યો અને જ્યારે તારા જેવા શ્રીમંત સાંખીને જશે ત્યારે અમારા જેવા ગરીબની શું હાલત થવાની?

ચંદ્રિકા—(ઉઠીને) હા બેન તે તો ખરૂં, પણ જઇને મારાં માત પિતાને હું સત્વર કહુંછું. (એમ કહી બંને જાયછે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—નગર શેઠનું ઘર.

(ઝવેરબા તથા માણેકચંદશાહ એ બંને બેઠાં છે એવામાં પોતાની પુત્રી ચંદ્રિકા રડતી રડતી આવેછે.)

ઝવેરબા—(ઉભી થઈને) મારી પ્યારી પુત્રી, તું કેમ આમ રડે છે? તારી માતુને જરા વાત તો કર, જેથી તેનો કંઇ ઇલાજ સૂજે, તુંને કોઈએ કંઈ કષ્ટ આપ્યું હોય તો તે આપનારને યોગ્ય ફેજે પોહોંચાડવાને હું અ સામર્થ નથી.

ચંદ્રિકા—(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાહ.

વાત કહું માતાજી આજે માહરી,
ગુલાબસિંહ અહીં રાજપુત્ર કહેવાય જો;
જળ ભરવાને ગયા'તાં સખીઓ સાથમાં,
બાણ ફેંકીને માર્યું મુજને ત્યાંય જો–વાત૦
કંચન બેડું તેણે મારૂં ફોડીયું,
પડી અવનિ પર તેથી ત્યાં બેભાન જો;
સાહેલીએ ઉઠાડી ભેગી થઇ મને,
કાળું ભંઠ થયું વપુ કેરૂં વાન જો–વાત૦
રહીશ નહીં હું દુનિઆ કેરા સાથમાં,
ઘાત કરવા મેં વિચાર મનમાં કીધ જો;
રડતી રડતી આવી વાત તમને કહી,
નહીં તો મનનું ધાર્યું કરત હું સીધ જો–વાત૦
મુજ પિતાની જાય નગરમાં આબરૂ,
માણેકચંદ શાહ નગર શેઠ કહેવાય જો;

પુત્રી તેની હશે બહુ વ્યભિચારણી,
એવી મારી વાતો જગમાં થાય જો-વાત૦

માણેકચંદશાહ—(ઉભો થઈ) અરે! પ્યારી આ તે શું વાત કહેવાય?

ઝવેરબા—(છણકાથી) બળી તમારી વાત, જલ્દી જઈને રાજા પાસે ફરિયાદ કરો અને આપણી ગાડીઓ લાવો એટલે આ શેહેર માંથી જતા રહીએ, એટલે પાપ મટ્યું.

(એમ કહી તેની પુત્રી સાથે રડેછે.)

માણેકચંદશાહ—પ્યારી તું દિલગીર નહીં થા. હું જઈને સત્વર રાજા પાસે ફરિયાદ કરૂં છું. (એમ કહી જાયછે અને પડદો પડેછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ-પોતાના સિપાઈના ઘર આગળનો રસ્તો.

માણેકચંદશાહ—પ્રવેશ કરી માઠું-કાઠું કામતો બહુ અવડુ થયું, માટે લાવ મારી નાતના શેઠીઆને તેડવા મોકલું. (એમ કહી સિપાઇ સિપાઇ પુકારેછે એટલે સિપાઇ આવેછે.)

સિપાઇ—શેઠ સાબ કયા કામ હએ લેકીન મેં તૈયાર હું.

માણેકચંદશાહ—તું જઈને અમારી નાતના શેઠીઆ કપુરચંદ, મુળચંદ, લખમીચંદ, ઝવેરચંદ, પાનાચંદ અને ફોફટશાહ વગેરેને તેડાને વખારે જલ્દી આવ અને હું પણ ત્યાં જાઊંછું.

(એમ કહી બંને જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—માણેકચંદશાહની વખાર.

(નગીનદાસ ને કપટચંદ નામું માંડેછે. અને પછીથી માણેકચંદશાહ આવેછે.)

નગીનદાસ—કેમ મેહેતા કપટચંદ, મુડચંદ શેઠનું ખાતુ તૈયાર થયું કે? બપોર તો થઇ ગયા છે, શેઠ આવશે તો તુરત માગશે, માટે તૈયાર ન હોયતો જલદી કરી લ્યો.

કપટચંદ—નામું આજ સુધી તો બધું ખતવાઇ ગયું છે, ફ્કત સરવાળા આપીને બાકીજ તાણવાનું છે માટે શેઠ આવ્યા અગાઉ કરી રહીશ. (એવામાં શેઠ પ્રવેશ કરેછે,)

માણેકચંદશાહ—કેમ નગીનદાસ; મુડચંદ શેઠના ખાતામાં બાકી કેટલા રૂપિઆ લેણા નીકળેછે?

નગીનદાસ—મહેતા કપટચંદ, ખાતા વહીનો ચોપડો લાવો નામું જોવું છે.

કપટચંદ— લ્યો સાહેબ, (એમ કહી તેના હાથમાં ચોપડો આપેછે.)

નગીનદાસ—(ચોપડામાં જોઈને) શેઠજી સાહેબ, મુડચંદ શેઠના ખાતામાં રૂ૦ ૫૦૦૦ બાકી નીકળેછે. પણ આજે રૂ૦ ૨૫૦૦ તો તેના મેહેતા નીમીચંદ હસ્તક આવી ગયાછે. ને બાકી રૂ૦ ૨૫૦૦ છે તેની પણ ઉઘરાણી કરવા આજે કપટચંદને મોકલશું.

માણેકચંદશાહ–ઠીકછે. પણ ઉઘડાણી હમેશાં કરતાં રહેજો. (એવામાં સિપાઇ, બધા શેઠીઆને તેડીને આવેછે.)

માણેકચંદશાહ—આવો આવો શેઠ- જુહાક–જુહાક, બેસો બેસો. (એમ કહેછે એટલે સૌ બેસી જાયછે.)

કપુરચંદ—કેમ નગર શેઠ, એટલું બધું અમારૂં શું જરૂરનું કામ હતું જે તેડવા સારૂ સિપાઈને મોકલવો પડયો.

માણેકચંદશાહ—હવે-જાણી-રાજાએ અનીતિ કડવા માંડી છે જેથી આપણે આ શેહેડ છોડીને બીજા શેહેડમાં જતા રહીએ, કેમ તમાડી શું મડજી છે?

સર્વ—વળી શું છે, નગર શેઠ વાત તો કરો જેથી અમોને ખબર તો પડે.

માણેકચંદશાહ—આજે માડી પુત્રિ ચંદ્રિકા બધી સાહેલીઓ સાથે પાણી ભડવા જતી હતી ત્યાં રાજકુંવડે તેની ઉપડ ધનુકનુ બાણુ માર્યું પણ સાડું થયું કે કંચનના બેડા પર લાગ્યું તેથી તે પડીને પુટી ગયું અને પોતે તો બેશુદ્ધ થઈને નીચે ધડતી પર પડી ગઈ પણ આ બનાવ કાંઈ સાંખી જવાય એવો નથી માટે ચાલો, રાજા પાસે જઈને પૂડિયાદ કરીએ. કેમ કપુડચંદ શેઠ, તમાડી શું મડજી છે!

કપુરચંદ-હા, નગર શેઠ ખરૂં છે, આજ તો આ છે પણ કાલ તો પછી કોકની ઈજત લીયે તો આપડી ઇજતના કાંકડા થાયની!

સુડચંદ—હા, કપુડચંદ શેઠ ખરૂં કહેછે. માટે ચાલો જઈએ.

લક્ષ્મીચંદ—ઉઠો ત્યારે. (એમ કહી બધા જાયછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ-રાજદરબાર.

વિજયસિંહ—પ્રધાનજી, આપણા રાજ્યની પ્રજા ન્યાય નીતિથી સુખી રહેછે કે કેમ?

પ્રધાન—મહારાજ, આપ સદા ન્યાય અદલપણાથી જ કરોછો, જેથી સર્વે પ્રજા જરા પણ દુઃખી થતી નથી. (નેપથ્યમાં) ફુડયાદ, ફુડિયાદ, ફુડિયાદ.

ચોપદાર—(પ્રવેશ કરી) મહારાજા, આપણા શેહેરના સર્વે શેઠીઆ આવી ફરિયાદ ફરિયાદ પોકારેછે, માટે હુકમ હોયતો અંદર લાવું.

વિજયસિંહ—ઈજત સાથે અંદર લાવો.

શેઠીઆ—ફુડિયાદ, ફુડિયાદ, ફુડિયાદ. (એમ કહેતા આવેછે.)

માણેકચંદશાહ—મહાડાજા, અમે તમાડા શેહેડમાં અસલથી અમારા બાપદાદા અને તેના બાપદાદા અને તેના ડાડા આગળ પાંચસો વરસ પહેલાંથી રહેતા હતા અને હવે અમાડું અંજડ ઊપડું માટે હવે અમને રજા આપો એટલે તમાડું શેહેડ છોડીને બીજા શેહેડમાં જતા રહીએ.

વિજયસિંહ—પણ શું કરવા શેહેર છોડોછો? વાતતો કરો પછી બેલાશક શેહેર છોડીને જાઓ.

સર્વે—અંજડ, અંજડ, અંજડ.

વિજયસિંહ—પણ વાત તો કરો કે શું છે?

માણેકચંદશાહ—આજે મારી પુત્રિ ચંદ્રિકા તેની બધી સાહેલીઓ સાથે પાણી ભડવા જતી હતી તેવામાં રાજકુંવડે તેના પર બાણનો ઘા કર્યો જેથી તેને લાગવાથી બેશુદ્ધ થઈ નીચે ધડતી પર પડી ગઈ, અને કંચનનું બેડું પણ નીચે પડીને ફુટી ગયું માટે અમાડે હવે આ શેહેડમાં ડહેવાની ઈજત નથી જેથી અમને રજા આપો, એટલે આ શેહેડ છોડીને જતા રહીએ.

ઝવેરચંદ-મહારાજા, આજે તો હજી આટલુંજ કર્યું પણ કાલ

તો વળી કોકની ઇજત લીએ તો અમારે બીજા શેહેરમાં ઈજત નાં કાંકડા કરાવવા?

પાનાચંદ—(સ્વગત) ઝવેરચંદ શેઠને તો બોલતાંજ નથી આવડતું.

ફોફડશાહ—મહારાજા, રજા આપો એટલે જતા રહીએ.

વિજયસિંહ—અયે પ્રધાન, આ વાતથી તો હું બીનવાકેફજ હતો, જે મારો પુત્ર તો એવો નથી, પરંતુ આજે મારી રૈયત પર હાથ નાંખ્યો! અફસોસ! જીવ અફસોસ! (આમ કહેતાં ગાયછે.)

(દયાળુ દેવ કૃપાળુ તું) એ રાહ.

અરે! વ્યભિચારિ પુત્ર આ વાર, થયો નિર્લજ દુષ્ટ અપાર;
કીધું છે કામ આજ બુરૂં, અતિ અધર્મથી પુરૂં.
પ્રજા મારી દુઃખી થાય, લંપટ પુત્રથી પીડાય;
રાખું નહીં તેને આ ઠામ, બોળ્યું જગમાંહીં મુજ નામ.
પ્રજા રંકને રિબાવું હું, મુંઝાવું કે સતાવું હું;
કરૂં અન્યાય હું જો એમ, મારૂં આ રાજ્ય ચાલે કેમ.
આપું શિક્ષા તેને આ ઠાર, કાઢું બહાર દેશની પાર;
નથી કાંઈ બીજો ઉપાય, રૈયતને તે થકી સુખ થાય.

વિજયસિંહ—(ક્રોધથી) અયે ચોપદાર. જઈને કુંવરને કહો જે, તમારા પિતાએ કહ્યું છે કે મારા શેહેરની અંદર બાર વર્ષ સુધી ન રહેવું તથા જ્યાં મારૂં નામ સંભળાય ત્યાં પણ તમારે ન રહેવું.

બધા શેઠીઆ—મહારાજા, તમારે એકનો એક કુંવર, તેને એમ ન કરો. અમો માફ માગીએ છીએ.

વિજયસિંહ— કુંવર હોય તો શું થયું, પણ મારાથી અન્યાય કેમ થાય. (એમ કહેછે એટલે ચોપદાર જાયછે,)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—રસ્તો.

(ત્રણે મિત્રો પ્રવેશ કરેછે. અને પાછળથી ચોપદાર આવેછે)

ગુલાબસિંહ—પ્રિય માનસિંહ, મારાથી તો વૃક્ષઉપર ધનુષનું બાણ મારતાં નગરશેઠની કુંવરીને તે બાણ અજાણતાં લાગવાથી અવની પર પડી ગઇ.

માનસિંહ—હા ભાઇ, પણ ત્યારે તો ભય થાયછે કે રખેને આપની પર આપનો પિતા ક્રોધાયમાન થાય,

સત્યચંદ્ર—મમ પ્રિય બંધુઓ, આજ મને પણ અતિ અપશુકન થાયછે જેથી કોઇ મોટી આપૂત આવે એમ ધારવામાં આવેછે.

ગુલાબસિંહ—હા, પ્રિય માનસિંહ, મારી પણ ડાબી આંખ ફરક ફરક થાયછે જેથી વખતે કાંઈ હરકત થાય ખરી.

(એવામાં ચોપદાર આવેછે.)

ચોપદાર—મહારાજ, આપના પિતાએ તમોને દેશવટો આપ્યો છે અને કહ્યું છે કે બાર વર્ષ સુધી મારા રાજયનું નામ સંભળાય તે જગ્યાએ તમારે નહીં રહેવું.

(એમ કહી જાયછે. અને કુંવર મુર્છા ખાઇ નીચે પડેછે.)

માનસિંહ— (સહીયર દુઃખ શું દાખવું.) એ રાહ.

ઊઠો કુંવર બેઠા થાઓ, કરો નહીં હાય હાય;
કીસ્મત આપણાં કઠણ છે, થાવું હોય તે થાય. ઊઠો૦

તમ પિતા જો અહીં આવશે, વળી ક્રોધે ભરાય;
આશ છોડો આ શેહેરની, ઘડી નવ રહેવાય. ઉઠો૦

સત્યચંદ્ર—

શોક છોડો કુંવર તમે, લખ્યા છઠીના લેખ;
પૂર્યા કોઇથી નહીં ફરે, જરા નહીં મીન મેખ. શોક૦
ઉઠો ઉઠો સાવધ થાઓ, મનમાં ધરો ને ધીર;
આપણ બધા સાથે છીએ, આણો નયને શું નીર. શોક૦

ગુલાબસિંહ—

કામ તમારૂં સાથે નથી, જવું મારે વિદેશ;
દેશવટો આપ્યો મુજને, રહેવાય નહીં આ દેશ. કામ૦
જઇશું રે અમો એકીલા, સહાય છે પરમેશ;
બાર વર્ષ પછી આવશું, ધરજો દુઃખ નહીં લેશ. કામ૦

બને—અયે કુંવરરાજ, જો તમો અમારૂં કહ્યું નહીં માનો તો અમો તમારી પછવાડે આપઘાત કરીને મરીશું તો આત્મ હત્યાનું પાપ તમોને લાગશે.

ગુલાબસિંહ—અયે મિત્રો, તમો મારા દુઃખમાં ભાગ લેવા ઉભા થયા છો; (પરમેશ્વર તરફ હાથ જોડીને) વાહ! પ્રભુ વાહ! મિત્રો મળાવ તો સદા આવાજ મેળવજે. (મિત્રો પ્રત્યે) ત્યારે તમો શેહેર બહાર જાઓ અને હું પણ મારી માતુ પાસેથી રજા લઇને સત્વર આવુંછું.

(એમ કહી બધા જાયછે.)

પ્રવેશ ૧૬ મો.

સ્થળ—મધુરવંતીનો મહેલ.

(મધુરવંતી બેઠી છે એવામાં ગુલાબસિંહ પોતાની માતુ પાસે રજા લેવા આવેછે.)

(જાતા હું કેદખાનેમેં- એ રાહ.

પ્રણામ આજ માતુ તુંને, છેલ્લા છે પ્રણામ;
પ્રણામ છે મુજ તાતને, મુજ બાપને પ્રણામ.—પ્રણામ૦
પ્રણામ છે આ રાજને, કંચનપુરને પ્રણામ;
પ્રણામ ઈશ કોપને છે, વિયોગે તુજ પ્રણામ —પ્રણામ૦
જઊંછું માતુ છોડીને આજ, વિદેશે આ વાર;
નહીં આણુંશો કંઈ શોક તેથી; દિલમહીં લગાર.—પ્રણામ૦
જઈને વહેલા આવશું, માગું રજા તમ પાસ;
આપો માતુ જલ્દી હવે, નવ રહેવાની આશ.—પ્રણામ૦

(તે સાંભળતાં રાણી બેશુદ્ધ થઈ નીચે પડેછે અને પાછી સાવધ થઈને)

મધુરવંતી— (જનુની જોવોરે ગોપીચંદની) એ રાહ.

શું રે ગુન્હાથી જાઓ તમે, શીદ છોડી આ દેશજી;
વાત કરો નીજ માતને, જે જાણે નવ લેશજી,
પુત્ર તું તો મારા પ્રાણ છો.

ગુલાબસિંહ—

થયું કામ આજે અતિ, વિપરિત છે નિરધારજી;
બાર વર્ષનો તેથી મને, કીધો છે દેશ પારજી,
ચિંતા છોડો માતુ માહરી.

મધુરવંતી—

વૃતાંત તમારૂં સાંભળી, દુઃખ દિલમાંય થાયજી;
ઝુરી ઝુરીને હું હવે મરૂં, વરસ બાર કેમ જાયજી,
પુત્ર તું તો મારા પ્રાણ છો.

ગુલાબસિંહ—

શોક કરો ના માતા તમો, રજા આપો આ વારજી;
વખત થયો છે અતિ હવે, ઇશનો છે આધારજી,
ચિંતા છોડો માતુ માહરી.

મધુરવંતી—

પ્રેમ લગાડી પુત્ર ક્યાં જશો, છો હજુ બાળે વેશજી;
દુઃખના દિવસ કેમ તે જશે, સુખ નહીં લવલેશજી,
પુત્ર તું તો મારા પ્રાણ છો.

ગુલાબસિંહ—

દુઃખ ધરો નહીં દિલમાં, છોડો માતુ કલ્પાંતજી;
દેશાટણ કરીને આવશું, રે'જો સુખી દિન રાતજી,
ચિંતા છોડો માતુ માહરી.

મધુરવંતી—

રહેવું ગમે નહીં એકલાં, તમ વિણ સુનો સંસારજી;
પુત્ર વિના રહેવું મહેલમાં, લાગે તે તો ભયંકારજી;
પુત્ર તું તો મારા પ્રાણ છો.

ગુલાબસિંહ—

છેલ્લી વિનંતિ શ્રવણ ધરો, રજા આપો તમે માતજી;
વખત બહુ વીતી ગયો, કોપે તેથી મુજ તાતજી,
ચિંતા છોડો માતુ માહરી.

(આમ કહીને જાયછે અને રાણી બેશુધ્ધ થઈને નીચે પડેછે.)

અંક ૨ જો સમાપ્ત.

ગુલાબસિંહ નાટક.

અંક ૩ જો.

પાત્રો.

ગુલાબસિંહ	... ...	વિજયસિંહનો પુત્ર
માનસિંહ	... ...	પ્રધાનનો પુત્ર અને ગુલાબસિંહનો મિત્ર
સત્યચંદ્ર	... ...	વજીર રામસિંહનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
સાવગળ શેઠ	... ...	ઠગ વેપારી
મેહેતો	... ...	તેનો વાણોતર
જમાદાર	... ...	સિપાઇનો ઉપરી
ઢેડી	... ...	ઢેડની સ્ત્રી
વીરસિંહ.	... ...	રતિપુરનો વેપારી
ફુલવંતી	... ...	રતિપુરની ગુણકા
પારસિંહ	... ...	રાજા ધીરસેનનો વજીર

એ સિવાય જોગી, સિપાઇઓ, ઢેડા, વગેરે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

(ગુલાબસિંહ, માનસિંહ તથા સત્યચંદ્ર એ ત્રણે મિત્રો પ્રવેશ કરે છે.)

ગુલાબસિંહ— (સીયાનો કનેટો.)

પાણી વિણ તો મિત્ર સુખદાઈ;
કંઠ અતિ મુજ જાય સુકાઈ—ટેક.
જો નીર મુજને નહીં મળે તો
રે'શે નહીં પ્રાણ આ દેહ માંહી—પાણી૦
નથી ધર્યો પગ કદી અવની પર
ચાલી શકાશે ન હો મુજ ભાઈ—પાણી૦
નાની વયમાં આ શું કષ્ટ આવ્યું
મુજથી જશે ઈશ કેમ સહેવાઇ—પાણી૦

અયે મારા પ્યારા મિત્રો, મારો કંઠ હવે પાણી વિના છેક સૂકાઇ ગયો છે અને જો થોડી વારમાં પાણી નહીં મળે તો મારો પ્રાણ આ દેહમાંથી પલાયન કરી જશે.

માનસિંહ—અયે મારા શિર છત્ર બંધુ, જ્યાં સુધી મારા આ ખોળીઆની અંદર શ્વાસ છે ત્યાં સુધી તમોને કદી પણ દુઃખી નહીં થવા દઉં, અહીં તો કયાંઇએ પાણી દેખાતું નથી પણ આ નજદીક સામેનું ઝાડ દેખાયછે ત્યાં પાણી જરૂર હોવું જોઇએ. માટે ચાલો ત્યાં સત્વર જઈ પહોંચીએ.

ગુલાબસિંહ—અરે ભાઈ! મારાથી તો જરા પણ ચલાતું નથી માટે તમો સત્વંર જઇને નિર્મળ પાણી લાવી મારા શરીરમાં જાગેલી તૃષા રૂપી અગ્નિને શાન્ત પમાડો, નહીં તો હવે થોડી વારમાં આ પ્રાણ જતો રહેશે. (એમ કહી બેશુદ્ધ થઇ નીચેપડેછે.)

સત્યચંદ્ર—પ્રિય માનસિંહ, તમે પ્યારા મિત્ર ગુલાબસિંહની સંભાળ રાખજો ને હું તેને વાસ્તે પાણી લઇને સત્વર આવુંછું.

(એમ કહી જાયછે)

માનસિંહ—(દશા આ શી થઇ મારી) એ રાહ.

પ્રભુ આ શું ગતી તારી, નથી હીમત, ગયો હારી–પ્રભુ૦ ટેક.
મુકતાં કદી ન વેગળો, તેના માત પિતાજ;
રક્ષા કરતાં તેહુની, રાખી પ્રાણ સરાંજ.
થયો છે આજ લાચારી, પડ્યો બેભાન આ વારી–પ્રભુ૦
પગ મુક્યો નહીં કોઈ દિન, અવની ઉપર ક્યાંય;
કોમલ ચરણે મિત્ર એ, જંગલમાં અટવાય.
દયા તું લે ઉર ધારી, દુઃખી છે મિત્ર મુજ ભારી–પ્રભુ૦
તરસ્યાં જન જળ પામતાં, ભુખ્યાં વળિ ભોજન;
પાણી વિણ આ વન વિષે, ટળવળતું તે તન.
ઉદાસીમાં સુરત પ્યારી, દીસે તોયે એ સુખકારી–પ્રભુ૦

અરે! આ લાડકવાયા રાજપુત્રનું મુખારવિંદ જોઈ મારૂં હૃદય તો ફાટી જાયછે અને તેના માબાપ કોઇ દિવસ તેને વેગળો નહીં રાખતાં તે હાલ આ જંગલમાં કેવો રખડેછે! અહો પ્રભુ! તારી ગતિનો પારજ નથી. (એમ કહી સૂઇ જાયછે, એવામાં સરપ આવીને ગુલાબસિંહને જમણે અંગુઠે ડંસ કરી જતો રહેછે.)

ગુલાબસિંહ---(એકદમ ઉઠી ગભરાઇને) ઓ પ્રિય બંધુ, ઉઠ ઉઠ, આ કાળરૂપી સર્પ મારે જમણે અંગુઠે ડંસ કરીને જાયછે.

માનસિંહ—(ગભરાઈને) હાય હાય! કયાં કયાં!!

ગુલાબસિંહ— દક્ષિણી લાવણી.

(ચેન ના પડે દર્શ પિયુ વિના રે) એ રાહ.

સહાય ઇશ્વરા, થજો તમે આ વારી રે,
તુજ બાળ, કરો સંભાળ, હે દયાળ, થઇ કૃપાળ;
ઝેર લ્યો ઉતારી રે. સહાય૦
ચકર ચકર ફરે, આ માહરૂં શરીર રે,
રહે ન આશ, મરવું ખાસ, થઊં ઉદાસ, રે! નિરાશ;
કહું લેજો ઉગારી રે. સહાય૦
ઝેર ચડયું હવે, પ્રધાન મારા પ્યારા રે,
માત થાય, શું કહેવાય, દીલ દુઃખાય, નવ ખમાય;
મરૂં હું તો આ વારીરે. સહાય૦

અરે મારા પ્યારા મિત્ર, હવે તો મારૂં શરીર જરા પણ મારા હાથમાં રહેતું નથી. હાય ઇશ્વર!

(એમ કહેતાં પડેછે અને જીવ જતો રહેછે)

માનસિંહ—ઓ પ્રિય બંધુ, ઊઠ ઊઠ. સૂતો છે શું? તારા માબાપ પુછશે તો હું શું જવાબ આપીશ. અહો દૈવ! તેઆ શું કર્યું?

(એમ કહી મુર્છા ખાઈ પડી જાયછે. અને પાછો શુદ્ધિમાં આવી જાયછે.)

લલિત ૭૬.

અરર ! ઈશ્વરા, હાય શું કર્યું, સુખ મિત્રનું આજ તેં હર્યું;
નવ હું જાણતો આમ રે થશે, પરમ મિત્ર આ હાથથી જશે.
જગતનાથ રે ના દયા કરી, તરૂણ છોડને શું લિધો હરી;
નગર જોઈને શોક તો થશે, દિવસ આકરા કેમ રે જશે.
સ્વરગમાં તમો રે સુખી થયા, વન અઘોરમાં મુકીને ગયા;
કયમ રહું સ્થિતિ આશ ભંગમાં, ભય વધે અતિ મુજ અંગમાં.
અવર મિત્ર આવ્યો હજી નહીં, જાળ જડયું શું ના ? શહેરની મહીં;
નવ સુઝે મને એકલાં હરી, કર ઉપાય કૈં તું દયા કરી.

હાય ઈશ્વરા! હવે તે શું કરૂ? અરે મિત્ર! હવે જ્યારે તારા મરણના સમાચાર સાથે તારા પિતાનાં રાજનગરમાં જાઇશ ત્યારે ત્યાં તારા વિના મારા દિવસ કેમ જશે? અયે પરમેશ્વર, મેં શું એવા અપરાધ કર્યાહતા જે મારા પર આવાં દુઃખના ઝાડો ઉગાવ્યાં!

(એમ કહી મુર્છા ખાઈ પડેછે અને પાછો શુદ્ધિમાં આવીને)

અરે! હવે આ છત્રપતિ મિત્રના શબ ને અગ્નિ દાહ આપવો જોઇએ અને મારી પાસે તો એક ખોટી બદામ પણ નથી. અફસોસ! જીવ અફસોસ! (એવામાં ગુલાબસિંહના ગળામાં ફુલહાર એકાએક નજરે આવ્યાથી.) વાહ! દૈવ વાહ! તેં પણ આવા કઠણ સમામાં એક સુવર્ણનો ફુલ હાર રહેવા આપ્યો એજ તારી મ્હોટી મેહેરબાની. ચાલ. હવે કાષ્ઠ લાવીને મુજ મિત્રની ગતિ તો કરૂં. (એમ કહી જાયછે અને જોગી આવેછે)

જોગી—અરે! આ અઘોર વનમાં આ કોણ માણસ સૂતેલું જણાયછે, લાવ જોઉં તો ખરો. (જુએછે.) અહો ઈશ્વર! આ તો સર્પના ડંસથી મરણ પામ્યો છે. માટે લાવ, મારી પાસે એક

બુટી છે તે ઘસીને ચોપડું એટલે ઝેર ઉતરી જઈને તે બેઠો થશે. (એમ કહી ઘસીને ચોપડે છે એટલે ગુલાબસિંહ બેઠો થાયછે અને જોગી તેને પુછેછે.) અરે બેટા તું કોણ છે, અને અહીંઆ અઘોર જંગલમાં કયાંથી આવ્યો? તું જાણેછે કે સર્પના ડંસથી તું મરણ પામ્યો હતો, પણ ઈશ્વરેચ્છા અનુસાર મારી હીકમતથી તું બેઠો થયો?

ગુલાબસિંહ—(જોગીને પગે પડીને)

રાગ સીતાજીના મહીનાનો.

મારા દુ:ખની શું કહું વાત, કહી જાયે નહીં;
રાજા વિજયસિંહ કહેવાય, કંચનપુરી મહીં.
પુત્ર તેનો હું ગુલાબસિંહ, વિદેશે કહાડયો મને;
ત્યાંથી મિત્ર ત્રણે મુજ સાથ, આવી ચડયા આ વને.
તરસે સૂકાયો મુજ કંઠ, પાણી વિણ તો અહીં;
મળ્યું પાણી ન આ વન માંય, પડયો શુદ્ધ નવ રહી.
ત્યાંથી મિત્ર ગયો મુજ એક, લેવા નીર શેહેરમાં;
પતો લાગ્યો તેનો નવ કયાંય, ચડી ગયો લેહેરમાં.
સર્પે દીધો તુરત મુંને ડંખ, ચડયું ઝે'ર ત્યાં નક્કી;
રહ્યું શરીર નહીં મુજ હાથ, મહા વેદના થકી.
દુષ્ટ સર્પે લીધો મુજ પ્રાણ, ન વાર લાગી ઘડી;
ગયો મિત્ર પ્રધાનનો સૂત, ખબર મને નવ પડી.
આવ્યા તમો અહીં મારી સહાય, આ પ્રાણ બચાવવા;
ઝેર ચુસી લીધુંછે આ વાર, ચીરાયુષ્ય આપવા.
રસ્તો સૂજે મને ન લગાર, અઘોર આ વન વિષે;
શોધું મિત્ર બંનેને કયાંય, બધે શુન્ય તો દિસે.

અયે મહારાજ, મારે માથે દુઃખનાં ઝાડો ઉગવામાં કાંઈ બાકી રહ્યું નથી પણ તમોએ જે મને આ જીવતદાન આપ્યું છે તે ઉપકાર જીવતાં સુધી કદી ભુલીશ નહીં.

જોગી—બચ્ચા, કિરતારની મરજીનો ભેદ કોઈથી કળી શકાતો નથી તેના વિચિત્ર ખેલો મનુષ્યોની યોગ્યતા પ્રમાણે અનુભવમાં આવેછે. તું પ્રતાપી પુરૂષ છે અને વખત વીતતાં તારો પ્રતાપ જગતમાં પ્રસિદ્ધ થશે. દક્ષિણ દિશા તરફ તું તારો રસ્તો કાપવાનું ચાલુ કર અને તારી મનેચ્છા સપૂળ થશે. (એમ કહી જોગી જવાનું કરછે અને ગુલાબસિંહ તેને નમન કરી ચાલવા માંડેછે.)

—⁂—

પ્રવેશ ૨ જો.

સ્થળ—નદીનો પ્રવાહ.

સત્યચંદ્ર—(પ્રવેશ કરીને) લાવણી.

(દેખ લીયા મુલક સારા, મુસાફરી કરી.) એ રાહ.

આવી ચડયો હું કયાંય, ને રસ્તો કહાં રહ્યો;
દેખુંછું સરિતા આ સમે, ભૂલો પડી ગયો.
બેશુદ્ધ થઈ ખબર મુને, કાંઈ નહીં રહી;
અફસોસ જીવ, રે રહીને, શું કરૂં અહીં.
મિત્રો થકી જુદો પડયો, તે કયાં હવે હશે;
રખડી મરીશ કયાં સુધી, શું રે હવે થશે.
જળ લેવા માટ નીકલ્યો હું, જુદા પડયા ત્યાંય;
કર જોડી ઈશ માગું મેળવ મિત્ર મુજ કયાંય.

અયે ઇશ્વર, હુવે તે મિત્રો ક્યાં ખોળું? અરે, રખડી રખડીને માહરા પગ પણ દુઃખવા આવ્યા, અને હવે તો મને રસ્તો પણ સૂજતો નથી વળી આ સામેની નદી પણ ભરપુર છે જેથી કયાં જાઉં (વિચાર કરીને) હશે, ચાલ દિલ, ચાલ પેલે પાર જઈને ખોળું તો ખરો, પછી જેવાં આપણાં કીસ્મત!

(એમ કહી જાયછે અને નદીમાં તણાઈ જાગછે.)

પ્રવેશ ૩ જો

સ્થળ—જંગલ.

માનસિંહ—(પ્રવેશ કરીને) અરે ઇશ્વર! આ તે શું કહેવાય! હુજી શબને હમણાંજ અહીં મુકીને જાઉંછું અને ઘડી વારમાં તો દૈવ જાણે કયાં ગયું, અરે! હું ભુલ્યો તો નથી! નહીં, નહીં, મને નીશાની પણ પકી યાદ છે. મિત્રના શબને અગ્નિ સંસ્કાર કરવાને પણ હું દુર્ભાગી બન્યો. વાહ! પ્રભુ વાહ! તારી ગતિ તો ન્યારીજ છે. (એમ કહી ઉદાસ થઈ ગાયછે.)

(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી) એ રાહ-

અહીં મુકી એકલો ગયો સ્વર્ગમાં પ્યારો;
શોકે બળતો આ મિત્ર વિજોગે તારો,
કયાં જાઊં હવે શું કરૂં ન સુજે કયાંહી;
આ દુઃખની વખતે ચાલી ગયો તું ભાઇ.
તેં દયા ન આણી અહીં જરા મુજ માથે;
નહો રાખ્યો મુજને સાથ કૃપા ના નાથે.

રે મિત્ર બીજો પ્રિય તેય, ગયો જળ લેવા;
પત્તો નવ લાગ્યો, હાલ હશે શું કેવા,
આ કઠણ સમામાં તુંને ઘટે નહીં જાવું;
પ્રભુ મેળવજે તે મિત્ર વધુ શું કહાવું.
જઊં અંહીથી જલ્દી હવે કરૂં નહીં વાર;
શાગ વસ્ત્રા પાછાં દઇ લેઊં પુલ હાર.

વાહ! દૈવ વાહ! હવે પેલા કપૂન વાળાને ત્યાંથી પુલહાર પાછો લઇને તેનો સર્વે સામાન તોં સ્વાધીન કરૂં. (જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ –સાવગળ શેઠની દુકાન.

માનસિંહ—પ્રવેશ કરીને, શેઠજી, મુડદુ તો હું અહીં આવ્યો એટલી વારમા તા કોણ જાણે કયાં ગયું. કોઇ જાનવરે ફાડી ખાધું હશે કે કોઇ ઉપાડી ગયું હશે. તેનો કયાંએ પતો મળ્યોજ નહીં. માટે છેક નિરાશ થઇ પાછો આવ્યો, હવે જે આ તમારો સામાન છે તે તપાસી લ્યો, અને મારો પુલ હાર પાછો આપો.

સાવગળ શેઠ— હા ભાઇ, જેટલું આપણે માથે દુઃખ પડવા સરજેલું હોય તેમાં કંઇ મીન મેખ થતુજ નથી, માટે ચાલો, હવે રસોઇ તૈયાર છે અને તમો પણ ભુખ્યા હશો જેથી જમીને જાઓ.

માનસિંહ—ઠીક ભાઇ જેવી તમારી ઇચ્છા.

સાવગળ શેઠ—મેહુતા, આ ભાઇને ભોજન શાળામાં જમવા તેડીજા.

મેહેતો—ઠીક શેઠજી. (એમ કહી જાયછે અને મેહેતો પાછો આવેછે.)

સાવગળ શેઠ—મેહેતા, આ હાર બહુ અમૂલ્ય છે જેથી તે કયાંકથી ચોરી લાવ્યો હશે. માટે આ હાર આપણે ખાઈ જઇએ અને તેને ચોર ઠરાવી સિપાઈ પાસે પકડાવીએ તો કેમ?

મેહેતો—હા શેઠજી, લાગ તો બહુ સારો આવ્યો છે, માટે જલ્દી તેમજ કરો.

સાવગળશેઠ—ચોર, ચોર, ચોર, (એમ પોકારેછે એટલે સિપાઇઓ આવેછે.)

સિપાઇઓ—કયાં છે ચોર? (માનસિંહને આવતો જોઈ સાવગળ શેઠ તેના સામી આંગળી કરી બતાવેછે એટલે સિપાઇઓ માનસિંહને પકડેછે.)

જમાદાર—સિપાઈ તું જા અને રાજાને કહે કે એક ચોરે સાહુકારના ઘરમાં ચોરી કીધી છે માટે તેને શું શિક્ષા આપવી.

(એમ કહેછે એટલે સિપાઈ જાયછે.)

માનસિંહ—અયે ભાઇઓ, મેં કાંઇ ચોરી કરી નથી જેથી અમસ્તા મને શું કરવા પકડોછો.

જમાદાર—ચોરી નથી કરી ત્યારે શું શેઠે અમસ્તી બુમો પાડી?

મેહેતો—જમાદાર સાબ, એ શખ્સ પકકો ચોર છે.

સિપાઇ—(આવીને) જમાદાર સાબ, રાજાએ કહ્યું છે કે એને ફાંસીએ લટકાવી આપો.

જમાદાર—અયે સિપાઇ, જા પેલા ફાંસી આપનાર ઢેડાને બોલાવી લાવ.

સિપાઇ—ઠીક સાહેબ. (એમ કહી સિપાઈ જાયછે અને પડદો પડેછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ઢેડના મુખીનું ઘર.

(જીવને શ્વાસ તણી સગાઈ) એ રાહ.

ઢેડી—તું તો સાંભળ કહુંછું મુખી, ગેટલી ખાઉંછું હું તો લુખી
થોડે થોડે તું અનાજ લાવે, હું થઉંછું બહુ ભુખી
ઘીએ મળે નહીં ઘરમાં તારે, કર પીટ્યો દુઃખી—તું તો૦

ઢેડ—તું તો વહાલી લાગે પ્યારી, તુજ વિણ થઉં દુઃખી ભારી
કયાંથી લાવી હું તુજને દાટું, તુજ પર જાઉં વારી
કમાઇ લાવી હું તુજને સોંપું; રાખુ તને હું ભાળી.—તું તો૦

સિપાઈ—(અંદરથી) મુખી મુખી હે-એ.

ઢેડ—બહાર તો છું મુખી અને ઘરમાં તો છું દુઃખી હે હે હે-એ. અલી, કોક તેડવા સારૂ આવ્યું છે જેથી હું જાઉંછું. (જાય છે.)

ઢેડનો મુખી—(પ્રવેશ કરીને) આ જમાદાર હાબ, તમારા માબાપ ઢેડા આવ્યા છે.

જમાદાર—અયે લુચ્ચા એ શું મોઢેથી બકે છે?

ઢેડનો મુખી—જમાદાર હાબ ભુલી ગયા માફ કરજો.

જમાદાર—અયે ઢેડો, આ ચોરને ફાંસી આપો એણે આ સાહુકારની દુકાનમાંથી ચોરી કીધી છે.

ઢેડનો મુખી—બહુ હારૂં હાબ.

(એમ કરી માનસિંહને ધકા મારી લઈ જાયછે.)

—❦○❦—

પ્રવેશ ૬ ઠો.

સ્થળ - સાંવગળ શેઠની દુકાન.

ઢેડનો મુખો—અલ્યા ચમ હેંડતો નથી કાંઇ ચોરી કરવી બહુ હારી લાગેછે પણ હવે તો મોત આવ્યું કેની ?

માનસિંહ—ભાઈ મેં ચોરી કરી નથી પણ ઉલટો મારો હાર લઈને ચોર ઠરાવ્યો છે.

ઢેડનો મુખી—હેંડ હેંડ, ઝટ તૈયાર થા, ફાંહી તૈયાર છે, પંછી મારે પણ મારો અહી પાહે જવું છે.

માનસિંહ—(ઉદાસપણે ગાયછે.)

તોટક.

કહું આ ઇશ છે તુજ કેવી ગતી,
અહીં જાય હવે મુજ હારી મતી;
વિખુટો મુજ મિત્ર થકીજ કર્યો,
ફુલ હાર ગયો વળી ચોર ઠર્યો.
નહીં દેવી ઘટે ઇશ ફાંસી મને,
નહીં સુણીશ તો કહું કોની કને;
દુઃખમાં નથી રાખ્યુંજ બાકી કંઈ,
તુ સજા અહીં દે કર વાર નહીં.

(એમ ગાઇ રહ્યા બાદ ઢેડ માનસિંહને ગળામાં ફાંસો નાખેછે એવામાં વીરસિંહ પ્રવેશ કરેછે.)

વીરસિંહ—અરે ! આ અઘોર વનમાં અહીં બેગુન્હા માણસને કોણ હેરાન કરેછે? (માનસિંહ સામુ જોઇને) અરે! આતો હરામ

ચોર લોકો કોઇ નિરપરાધી બાળકને મારવા ચાહેછે. માટે લાવ તેને છોડાવું. (એમ કહી તરવાર મ્યાનમાંથી કાઢી ઠગોને મારવા જાયછે. એટલે બધા ઠગો ભાગી જાયછે.)

વીરસિંહ—અયે પુત્ર તું કોણ છે. અને તને એ માણસો અહીં શા માટે લાવ્યા હતા?

માનસિંહ—(વીરસિંહને પગે પડીને અગે ભાઇ, મારા દુખની શી વાત કહું. (એમ કહી ઉદાસ થઇને પોતાનું વૃતાંત કહેછે.)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાહ.

દુઃખ તણી હું વાત તમોને શું કહું,
મનડું મારૂં થાય અતિ ઉદાસ જો;
રાજ્ય કરે વિજયસિંહ કંચનપુરમાં,
ગુલાબસિંહ તન તેને મન તો ઉલાસ જો—દુઃખ૦
નગર શેઠની કુંવરી સખીઓ સાથમાં,
ભરવા ચાલી ત્યાંથી સરિતા નીર જો;
બાણુ ધનુષથી રમતાં રમતાં છુટિયું,
પડી ધરણી પર લાગ્યું તેને તીર જો;—દુઃખ૦
નગર શેઠની ફરિયાદી રાયે સુણી,
કર્યો પુત્રને દેશ થકી ત્યાં પાર જો;
વિજયસિંહના પ્રધાનનો હું પુત્ર ને,
સત્યચંદ્ર એ મિત્ર મળી દુઃખદાર જો;—દુઃખ૦
જાતાં જાતાં જઇ ચડયા જંગલ વિષે,
રાજપુત્રનો તરસે કંઠ સુકાય જો;

ગયો મિત્ર બીજો મુજ પાણી શોધવા,
પતો તેનો લાગ્યો નહીં પછી ત્યાંય જો;—દુઃખ૦
રાજપુત્રનો સર્પે પ્રાણ લીધો હરી,
કફન લેવાને આવ્યો શહેરની માંય જો;
તે લઇને બદલીમાં હાર દીધો અને,
ત્યાંથી ચાલ્યો જઇ જોઊં હું ત્યાંય જો;—દુઃખ૦
શબ દીઠું નહીં આવ્યો એટલી વારમાં,
હાર લઇ પાછો આપું સામાન જો;
વિચાર કરી સામાન સહુ મેં આપીઓ,
ચોર ઠરાવી પકડાવ્યો નિજબાન જો;—દુઃખ૦
પામ્યો હું ત્યાંથી શિક્ષા ફાંસી તણી,
આપ પધાર્યા અહીં કરવા મુજ સહાય જો;
રસ્તો સૂજે નહીં હવે હું કયાં જઊં,
મિત્ર બંનેને શોધું હું હવે કયાંય જો;—દુઃખ૦

પ્રવેશ ૭ મો,

સ્થળ—જંગલ

ગુલાબસિંહ—(પ્રવેશ કરીને)

(તું ન કુમલા જીઅરવા) એ રાહ.

હાંરે પતો મિત્રનો કયાંહી, ન સુજે આંહી, પતો મિત્રનો કયાંહી.(૨)
મુંને છોડીને ગયા તે ચાલી, હાંરે મેળવ પ્રભુ હોય જ્યાંહી—ન૦
બીક લાગેછે બહુરે મુજને, હાંરે આ અઘોર વન માંહી—ન૦
દયા તું પ્રભુજી આણીને ઊરમાં, હાંરે રસ્તો બતાવ મળે નાંહી—ન૦

શેહેર દેખાય આ જઇને જોઉં, હાંરે મળાવ મિત્રો સહુ સુખદાઇ-ન૦

હાય ઇશ્વર! હવે તે મિત્રોને કયાં ખોળું! આ અઘોર વનમાં રસ્તો પણ સૂઝતો નથી. માટે મુજ રંક પર દયા લાવી મિત્રને મળાવવા હવે તો કૃપા કર (એમ કહી આગળ ચાલીને) અરે! આ શેહેર તો નજદીક લાગેછે માટે ચાલ તપાસ તો કરૂં. (એમ કહી જાયછે.)

—o—

પ્રવેશ ૮ મો.

સ્થળ—ગુણફાનું ઘર.

ગુલાબસિંહ—(પ્રવેશ કરીને)

(મુજ ઉપર ગુજરી પિના પાદશાહ જાણી, એ રાહ.

કરજોડી કહું તુજ પાસ, મહેશ્વર આજે,
કર મિત્રોથી મળાપ, સહાય તું થાજે;
સહું ઘણા દિવસથી, દુઃખ વિયોગનું ભારી,
બળી છાતી થઇ છે રાખ, પુરી થઇ ખ્વારી.
હું થાકી ગયો છું, મિત્ર શોધના માંહી,
આ શેહેર વિના, નથી જાવું હવે રહ્યું કયાંહી;
નવ મળશે મિત્ર જો હવે બેઉ મુજ પ્યારા,
હું આપીશ નક્કી પ્રાણ તેહને મારા.

ફુલવંતી—અરે ભાઇ તમે કોણ છો અને અહીં કેમ આવ્યા છો? તમારા બોલવા પરથી તો તમે કોઇ રાજપુત્ર લાગોછો ને કોની શોધના કરોછો?

ગુલાબસિંહ—અહો બેન, હું કંચનપુરના રાજા વિજયસિંહનો પુત્ર છુ. મને મારા પિતાએ ગ[illegible] દેશ[illegible]ટો આપ્યાથી અમો ત્રણે

મિત્રો દેશાંતર નીકળ્યા હતા. કેટલાંક વીતક વીત્યા બાદ મારા બેઉ મિત્રો કોણ જાણે કયાં ગયા તેની શોધમાં હું રખડું છું.

ફુલવંતી—અહો ભાઇ ત્યારે તો તમો બહુ થાકી ગયા હશો. માટે રાત વાસો અહીં રહીને સવારે જજો.

ગુલાબસિંહ—જેવી તમારી ઈચ્છા. (એવામાં પડદો પડેછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—જંગલ.

સત્યચંદ્ર—(પ્રવેશ કરીને.)

(કહું શું નસીબે દુઃખીઓ કીધો છે.) એ રાહ.

દુઃખ પડયું છે મુજ પર ભાઈ,
નદી ભરપુરમાં ગયો તો તણાઇ;
ઇશ કૃપાથી વૃક્ષ મળ્યું ને,
બહાર આવ્યો તેનો આશ્રય સાહી.
દિવસ થયા ત્રણ ભુખ્યા ને તરશ્યાં,
કરૂં હવે શું જાણું હું કયાંહી;
મેળવજે ઇશ મિત્રો હમારા,
નહીં તો જશે જીવ પલકની માંહી.

અયે ઇશ્વર, હવે તો દુઃખ દેવામાં તેં કાંઇ બાકી રાખી નથી માટે મુજ ગરીબ પર દયા લાવી મારા પ્રિય મિત્રોથી મેલાપ કરાવ. અરે! આ સામેનું શેહેર પણ નજદીક જણાય છે માટે લાવ જઇને તપાસ તો કરૂં. (એમ કહી જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—રતિપુરનો રસ્તો.

પારસિંહ—(પ્રવેશ કરીને)અરે પ્રભુ! હવેતો મારી પુત્રિ વિષેનું દુઃખ મારાથી જરા પણ સહન થઈ શકતું નથી કારણ કે બાર વર્ષ થયાં જમાત્રનો પતો હજુ સુધી તો કયાંઇ મલતોજ નથી, (એવામાં સત્યચંદ્ર સામેથી આવતો જોઇને) અરે આ મુસાફર કોણ આવતોજણાય છે!

સત્યચંદ્ર—(પ્રવેશ કરી) અરે આ શેહેર તો મારી પ્યારીનુંજ લાગે છે.

પારસિંહ—(અજાયબ થઈને અરે કોણ! જમાત્ર સત્યચંદ્ર.!

સત્યચંદ્ર—અરે કોણ. પિતા પારસિંહ!(એમ કહી બંને ભેટે છે.)

પારસિંહ—અરે! તમો આવી હાલતમાં કેમ થયા!

સત્યચંદ્ર—અમારા મિત્ર રાજપુત્રને તેના પિતાએ દેશપાર કરવાથી અમો ત્રણે મિત્રો સાથે જંગલમાં નીકળી આવ્યા તેમાંથી તે જુદા પડી ગયા અને હું આવી હાલતમાં આવી પડયો.

પારસિંહ—અરે! ત્યારે તો તમો બહુ દુઃખી થયા હશો માટે ચાલો હવે મેહેલમાં જઇને નવો પોશાક ધારણ કરો.

સત્યચંદ્ર—ઠીક પિતાજી જેવી તમારી મરજી (બન્ને જાય છે.)

અંક ૩ જો સમાપ્ત.

ગુલાબસિંહ નાટક.

અંક ૪ થો.

પાત્રો.

માનસિંહ	... .	પ્રધાનનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
જયકુંવર	... .	પારસિંહની પુત્રી ને સત્યચંદ્રની સ્ત્રી.
સત્યચંદ્ર	... ...	વજીર રામસિંહનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
પારસિંહ	... ...	રાજા ધીરસેનનો વજીર
પ્રેમાવંતી	....	ધીરસેન રાજાની સ્ત્રી.
કલાવંતી	... ...	તેની પુત્રિ
ફુલવંતી	... ...	રતિપુરની ગુણકા
પદમા	....	તેની દાસી
ગુલાબસિંહ	... .	વિજયસિંહનો પુત્ર
નાથાઓ	... .	લુંટારાઓ
મનકો	... ...	લુંટારાઓ
બાવલો	....	લુંટારાઓ
ભીમલો	... ...	લુંટારાઓ

એ સિવાય જોગી, સીપાઈ, દાસીઓ વગેરે.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ગુણકાના ઘર પાસેનો રસ્તો.

(ફુલવંતી નાગડા તથા રાના ગુલાબસિંહ જુદા જુદા ઓરડામાં સૂતા છે એવામાં માનસિંહ નીચેથી પસાર થાય છે.)

માનસિંહ—અરે ઇશ્વર! હવે તો મિત્રના વિયોગથી નિંદ્રા પણ આવતી નથી અને વળી શેઠના ઘરની ચોકી પણ રાત્રે કરવી પડે છે અને એમ ક્યાં સુધી કરવું પડશે એવી ચિંતામાં જરા પણ ચેન પડતું નથી. (એવામાં ફુલવંતીને સર્પ ડંસ દેછે એટલે હાય હાય પ્રભુ! એમ છેલી હાય મારી મરણ પામેછે.)

માનસિંહ—અરે પ્રભુ! આ અરધી રાત્રે વળી આ ઉપરે કોણે ચીસ પાડી? (આડું અવળું જોઈને) અરે આ ઉપલા એક દિવાનખાનામાં પ્રકાશિત બતી બળેછે અને કોઈ ભવ્ય રાજકુમાર નચિંતે સૂતેલો જણાયછે અને બીજા ખંડમાંથી એક સ્ત્રીના મોતની ચીચીયારી સંભળાય છે માટે લાવ તપાસ તો કરૂં. (ઉપર જઇ જુએછે.) અરે ઈશ્વર! અહીં તો આ દુષ્ટ સર્પે ડંસ કરી આ સ્ત્રીનો જીવ લીધો છે અને આ મહેલ જેવી આખી જગામાં એક એ પુરૂષ સિવાય બીજું કોઇ છે જ નહીં માટે તે તહોમત તેના પર પડશે માટે લાવ સર્પના કટકા કરી નીચે ઢાંકી મૂકું. (એમ કહી સર્પના કટકા કરી નીચે ઢાંકી મુકે છે એવામાં નીચે રસ્તા પર ઝાંઝરનો ધીમો અવાજ થતો સાંભળીને) અરે પ્રભુ, વળી આ મધ્ય રાત્રે અહીંથી કોણ જતું હશે?

સ્ત્રી વિના એવો ઝમકાર થાય નહિં માટે લાવ ચર્ચા તો જોઉં
(એમ કહી ઘુંઘરાને સાંભળેછે.)

જયકુંવર—(જરા થોભીને) આજ તો મારો પતિ આવ્યો છે. જેથી મને બહુ વાર લાગી છે. માટે ચાલ ત્યાં સત્વર જાઊં. નહીં તો. વળી જોગી રાજ ગુસ્સે થશે. (જાયછે.)

માનસિંહ—અરે! આતો કોઇ સ્ત્રી વ્યભિચારિણી જેવી જણાયછે માટે લાવ તપાસ તો કરૂં કે કયાં જાયછે..
(એમ કહી તેની પછવાડે જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—જોગીનો મઠ.

(જયકુંવર પ્રવેશ કરેછે,. જોગી તેને વાર લાગવાથી પુછેછે અને માનસિંહ ગુપ્ત રહી સાંભળેછે.

જોગી— અએ રંડી, એતની દેર કીધર ગઇથી. (એમ કહી બે ચાર ફટકા મારીને નાક કાપી લેછે.)

જયકુંવર—અએ જોગી રાજ, આજે મારો પતિ ઘણા વરસે અંહી આવ્યો માટે મારાથી એમ કેમ અવાય, જયારે સૂઇ રહે ત્યારે અવાયની? માટે ગુન્હો માફ કરશો.

જોગી—અચ્છા યે લોટેમેં જલ્દીસે પાણી લેકર આવ પીછે તેરા નાક અચ્છા કર દઊંગા..

જયકુંવર—બહુ સારૂ જોગી રાજ. (એમ કહી લોટો લઈને જાયછે.)

અને પછવાડે માનસિંહ જોગીને મારી નાંખીને અંદર પુરી જતો રહેછે અને જયકુંવર પાણી ભરીને આવેછે.)

જયકુંવર—(બારણું બંધ જોઈને.) અએ જોગી રાજ, મારી મશ્કરી શું કરવા કરો છો. લ્યો, હું આ તમારે વાસ્તે પાણી ભરીને આવી છું. અરે! કેમ બોલતા નથી. (ચારે બાજુએ જુએછે પણ ક્યાંઇએ જોગીને દેખતી નથી.)

અરે આ તો બારણે તાળું વાસ્યું છે! હાય પ્રભુ! હું આ વ્યભિચારિણી કેવી દુઃખી થઇ? (એમ કહી મુર્છા ખાઈ પડી જાયછે; પાછી શુદ્ધિમાં આવીને)

બનજારા.

આ અરજ સાહેલી મારી, સુણી થશો નહી વ્યભિચારી. ટેક૦
પર પુરૂષ પ્યાર જે કરશે, તે તો ગાત વિનાની મરશે;
શિર પડશે સંકટ ભારી, સુણી થશો નહીં વ્યભિચારી,
વ્યભિચારિ હું થઇ હુયેસની, માનો અબળાઓ સાચું જાણી;
ધિક ધિક છે યારી નઠારી, સુણી થશો નહીં વ્યભિચારી.
જોબન તેં તો બહુ જુલમ કરાઓ, ધર્મ પર મેં કુડો પગ ધરીયો;
હું નારી થઇછું દુઃખીયારી, સુણી થશો નહીં વ્યભિચારી.
શું કરૂં હવે હું આહીં, દુખ થાયછે બહુ દિલ માંહીં;
શિક્ષા માનો સાહેલી મારી, સુણી થશો નહીં વ્યભિચારી.

હાય પ્રભુ! હવે તે હું કયાં જાઉં? અરે! મારાં માબાપ પૂછશે તો હું શું જવાબ આપીશ. અરે! હાં હાં! મારો પતિ આજે આવેલો છે જેથી લાવ જઇને તેનેજ માથે પાડું એટલે મારૂં પોગળ પણ ખુલ્લું નહીં થાય. હા, ઠીક છે. (એમ કહી જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-શિવનું દેવળ.

માનસિંહ—(પ્રવેશ કરીને) હવે હું જઈને મારા શેઠના ઘરની ચોકી તો કરૂં. (જાયછે એવામાં સામેથી ચોરને આવતા જોઇને) અરે! આ કોણ આવેછે માટે લાવ સંતાઈ જાઊં (માનસિંહ સંતાઈ જાયછે ને ચોરો પ્રવેશ કરેછે.)

બધા ચોરો—(નાચતાં નાચતાં)

રાસડો.

હેંડો હેંડો ને જઈએ આજ, ચોડી કડવા રે.
જઇને લાગીતે શીવડાને પાય, ચોડી કડવા રે;
જો રૂપીઆ મળે હજાડ દસ, ચોડી કડવા રે,
તો તો આપીગે કુંવરી તણો ભોગ, ચોડી કડવા રે.

(એમ કહી બધા ચોરો જાયછે.)

માનસિંહ—વળી જોઊં તો ખરો કે આ ચોરો ચોરી કરવા કયાં જાયછે. (એમ કહી તેની પછવાડે જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ-જયકુંવરનો મહેલ.

(સત્યચંદ્ર બેઠો છે અને પાછળથી જયકુંવર થાળ લઇને આવેછે.)

સત્યચંદ્ર—અરે! હજી કેમ મારી પ્રાણ પ્રિયા પણ આવી નહીં એ કાંઈ કામકાજમાં તો નહીં ગુંચવાઈ હોય?

(એવામાં જયકુંવર પ્રવેશ કરેછે.)

જયકુંવર—લ્યો, સ્વામીનાથ, આ થાળ, આપ જમી લ્યો. (એમ કહી થાળ નીચે મુકી) દોડો, દોડો, પિતાજી, મારૂં નાક કાપી નાંખ્યું! ઉં–ઉં–ઉં–ઉં,(પારસિંહ આવે છે.)

પારસિંહ—અરે પુત્રિ! શું શોર મચાવી રહી છે!

જયકુંવર—અયે પિતાજી, હું જમાડવાને વાસ્તે થાળ દેવા અહીં આવી તો કહે જે કેમ વાર લાગી એમ કહેતાંજ મારૂં નાક કાપી નાંખ્યું. ઉં–ઉં–ઉં–ઉં.

સત્યચંદ્ર—અરે ઈશ્વર! આ શું મારે માથે?

પારસિંહ—અયે દુષ્ટ, મારી પુત્રિના વાંક સિવાય શું કરવા નાક કાપ્યું?

સત્યચંદ્ર—અરે પિતાજી! તે વાતથી તો હું બિનવાકેફજ છુ મને આમ ફસાવવામાં તો કોઈ પાપ બુદ્ધની તદબીરજ થઇ હોય એમ જણાયછે.

પારસિંહ—પાપી ચુપ! (ક્ષત્રી કલંક કેમ લેશો રે,એ રાહ.

અરે દુષ્ટ પાપી તું ચંડાળ, ધિક ધિક છે તુંને રે,
નપૂટ આણું હું તારો કાળ, ધિક ધિક છે તુંને રે;
મેં તો રાખ્યો તને રૂડી પેર, ધિક ધિક છે તુંને રે,
થઇ જમાત્ર કર્યું શું આ વેર, ધિક ધિક છે તુંને રે.
તુંને પહોંચાડું વૈકુંઠ ધામ, ધિક ધિક છે તુંને રે,
તેં તો બોળ્યું મારૂં જગતમાં નામ, ધિક ધિક છે તુંને રે;
નાક કાપ્યું તેં ના સહેવાય, ધિક ધિક છે તુંને રે.
મોકલાવું પકડી કેદમાંય, ધિક ધિક છે તુંને રે,

માનસિંહ—સિપાઇ ઓ સિપાઈ (એમ પુકારે છે એટલે સિપાઇઓ હાજર થાયછે.) અએ સિપાઇઓ, આ દુષ્ટ પાપીને પકડીને લઇ જાઓ. (એમ કહેછે એટલે સિપાઈ તેને પકડી લઈ જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—શિવનું દેવળ.

ચોરો—પ્રવેશ કરી)

(અંત કાળે સગુ નહી કોઇનું રે એ રાહ.

ચોરી ચોરી કરીને માલ લાવીઆ રે, માંહી હીરા રતન—
પોખરાજ, જઇને દેવો છે ભોગ કુંવડી તણો રે.—ટેક૦
આજ લુંટ કરી છે અતી ઘણી રે,
માંહી સોનું છે અપાર માપાર—જઇને૦
મડયું ઝુંપુ અને ઝુંપડા ઘણા રે,
માડયા પૂરે પૂરો છે રોકાર—જઇને૦

નાથીઓ—એલા બાવલા, પેલી કુંવડીનો ભોગઆપવોસે તે ભૂલી ગયો કે હું?

મનકો—હવે તે હેનું હાંભરે?

બાવલો—હા હા, હેંડો જઇએ, પણ આ માલના બંગીઆ શીવના ભોંયરામાં નાખતા જઈએ, નહીં તો વડી ખબર પડશે.

ભીમલો—હેંડો હેંડો, નાસીને પડખાડા કુંવડીને લઇ શીવને ભોગ આપી દઇએ. બધા ચોરો જાયછે. અને માનસિંહ પ્રવેશ કરેછે.)

માનસિંહ—અરે ભગવાન! એ ચોરો તો મારા શેઠના ઘરમાં

થી ચોરી કરીને કોણ જાણે કયાં ગયા. હજી સુધી તો કાંઇ પતો નથી. (સામેથી આવતા જોઇને) અરે આ ચોરો તો રાજપુત્રિને પકડીને અહીં આવે છે માટે લાવ દેવળમાં સંતાઇને નિર્દોષ બાળકીનો જીવ તો બચાવું.

નાથીઓ—અલી બાળકી, ઝટ તૈયાર થા, શિવને ભોગ દેવો સે.

કલાવંતી—અઓ ભાઇઓ, મુજ નિર્દોષ બાળકીનો શા સારૂ પ્રાણ લ્યો છો?

મનકો—હેંડની, ઝટ તૈયાર થા.

કલાવંતી—(સુનો કોઇ મેરી ફરિયાદ રે) એ રાહ.

કયાં ફસાણી હું આ વાર; દયા આણી મુજ પર-
ઇશ નહીં તેં લગાર; હાય હાય હાય રે,-કયાં૦
વિણ અપરાધે મરવું આજે, આ પાપીને હાથ;
અરે ઇશ અતિ દીધું છે દુઃખ કેવું મુજ માથ; હાય (૩)-કયાં૦
શરણ નથી હ્યાં મુજને કોઇ, એક છે તુજ આધાર;
એ પાપીના કરથી બચાવી, લે પ્રભુ તું નિરધાર; હાય (૩)-કયાં૦
અગે ઇશ્વર, એ પાપી મને કદી છોડશે નહીં. (ચોરો પ્રત્યે) અયે દુષ્ટો, લે હવે જલ્દી માર, મરવાને હું તૈયાર છું.

માનસિંહ—(નેપથ્યમાં) અયે ચોરો, તમો હાથથી નહીં મારે એ બાળકીને દેવળમાં મુકો એટલે હું પોતેજ ભોગ લઇશ.

નાથીઓ—વાહ વાહ! આજ તો શિવ આપણા ઉપર બહુ રાજી થયા કારણકે પોતે હાથો હાથ ભોગ લેછે.

ત્રણે ચોરો—વાહ વાહ! (એમ કહી ચાલવા માંડેછે.)

ભીમલો—એલા નાથીઆ, એલી મિલકત તાડા બાપ હાડુ રાખી છે શું નથી લેવી?

નાથીઓ—એલા ભૂલી ગયા કે હું, હેંડો લઈ લઇએ.

બાવલો—હેંડ હેંડ ડફોળ. (એમ કહી મનકાને મારેછે.)

મનકો—હેંડને કંઈ ફાટયો છે કે હું?

(એમ કહી બધા ચોરો એકેકે દેવળમાં પ્રવેશ કરેછે એટલે બધાને માનસિંહ મારી નાખેછે. અને માનસિંહ ને કલાવંતી બહાર આવેછે.)

માનસિંહ--- (મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી.) એ રાહ.

હું કહું આજ વૃતાંત, બેન પ્રિય મારી;
મેં ચઢ્યો જોવા રાત, વાત ઉર ધારી.
અહીં દીઠા મેં ચારો ચોર, થયું દુઃખ ભારી;
તેણે વચન લીધું શિવ પાસ, કહું વિસ્તારી.
દશ હજાર રૂપિયા મળે કદિ આ વારે;
તો રાજ કુમારિ ભોગ દૈયે તુજ દ્વારે,
તેઓ કરી ચોરી આજ, ખજાનો લાવ્યા;
મેહેલે ચાલ્યા પછિ ત્યાંથિ, તુંને લઇ આવ્યા.
દીઠા તુરત આવતાં વાર, ગયો છુપી આંહી;
હણી ચોરોને મેં તને બચાવી બાઈ.

કલાવંતી—અરે ભાઇ! હું તમારો ઉપકાર જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી કદી ભૂલનાર નથી કારણ જે તમોએ આજે મને જીવતદાન આપ્યું છે.

માનસિંહ—અરે બેન, એમાં મેં શું તમારો ઉપકાર કર્યો છે, માણસનું કામ તો હમેશાં માણસજ કરેછે તેમાં કાંઇ નવાઈ નથી.

હવે ચાલો બેન તમને તમારા મેહેલમાં મૂકવા આવું.

કલાવંતી—ઠીક ભાઇ, જેવી આપની મરજી. (બંને જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—કલાવંતીનો મહેલ.

(કલાવંતી તથા માનસિંહ પ્રવેશ કરેછે.)

માનસિંહ—અયે બેન, મને પાણીની તરસ બહુ લાગી છે માટે જરા પાણી પીઉં તો મારા શરીરને શાન્તિ થાય.

કલાવંતી—અએ ભાઇ તમે અંહી બેસજો અને હું તમારા વાસ્તે પાણી લઇને સત્વર આવું છું. (એમ કહી કલાવંતી જાયછે અને માનસિંહ પલંગ પર નિદ્રાવશ થાયછે.)

કલાવંતી—(પ્રવેશ કરી) અરે! આ તો નિદ્રાવશ થયા છે માટે તેને કેમ ઉઠાડાય! કારણ જે નિદ્રામાંથી ઉઠાડું તો મને પાપ લાગે માટે સૂઇ રહેવા આપું. (એમ કહી હાથમાં જળ ભરેલી સોનાની ઝારી ઉપર રૂમાલ ઢાંકીને ઉભી છે અને પડદો પડેછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—પ્રેમાવંતીની બેઠક.

(પ્રેમાવંતી તથા દાસી પ્રવેશ કરેછે.)

પ્રેમાવંતી—દાસી, આજે કુંવરીને આવતાં કેમ વાર લાગી? પૂજાનો વખત પણ વીતી જાયછે માટે જલ્દી તેના મંહેલમાં જઇને તપાસ કરી આવ. (દાસી જાયછે ને પાછી તુરત આવેછે.)

દાસી—બાઈ સાહેબ, કુંવરી તો ઉભાં છે અને પલંગ પર કોઇ પુરૂષ સૂતેલો જણાય છે એટલે તમોને જલ્દી કહેવા આવી.

પ્રેમાવંતી—અરે! તું બકે છે કે શું! ભુલી તો નથી ગઇ.

દાસી—નહીં બાઈ સાહેબ, હું મારી નજરથી જોઉં છું તે શું ખોટું?

પ્રેમાવંતી—સિપાઇ, ઓ સિપાઇ. (સિપાઈ પ્રવેશ કરેછે.)

સિપાઈ—હુકમ બાઇ સાહેબ.

પ્રેમાવંતી—તમો કુંવરીના મેહેલમાં સત્વર જઇને જો કોઇ પુરૂષ સૂતેલો હોય તો તેને જલ્દી કેદ કરો. અને હું પણ આવું છું.

સિપાઇ—ઠીક બાઈ સાહેબ. (એમ કહી બધા જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—કલાવંતીનો મેહેલ.

(માનસિંહ પલંગ પર સુતો છે એવામાં સિપાઈ આવીને તેને પકડે છે.)

કલાવંતી—અએ સિપાઈ, એને શા સારૂ પકડે છે?

સિપાઇ—આપની માતુના હુકમથી.

માનસિંહ—(જાગૃત થઇને) અરે પ્રભુ! આ સિપાઇ મને શું કરવા પકડે છે! અરે આ શું? (એમ કહી ઉદાસથી ગાયછે.)

માનસિંહ— (જનુની જીવો રે ગોપીચંદની એ રાહ.

નિદ્રા તું તો વેરણ થઇ, નિદ્રાથી થાય ભેદજી;
પ્રાણ બચાવ્યો રાજ પુત્રિનો, ઉલટો કરે આ કેદજી,
હાયરે પ્રભુ હવે શું કરૂં.

કલાવતી— લાવી હું ગંગા જળ ભરી, સૂતા તમે તે ઠારજી;
જાગૃત કેમ કરી શકું, લાગે પાપ નિરધારજી,
ઉપકાર કેમ ભૂલું હવે.

માનસિંહ— બેની તમો છો મારાં ખરાં, સાચી તમારી ટેકજી;
નીર લાવી ઉભાં રહ્યાં, વાર થઇ છે વશેકજી,
હાયરે પ્રભુ હવે શું કરૂં.

કલાવંતી— પકડી તમોને લઇ જશે, હુકમ થયો મુજ માતજી;
છોડી દેશે ન્યાય સાંભળી, કરીશ વાત મુજ તાતજી,
ઉપકાર કેમ ભૂલું હવે.

(સિપાઇ માનસિંહને પકડી લઇ જાય છે અને કુંવરી મુર્છા ખાઈ નીચે પડે છે પછી શુધ્ધિમાં આવીને)

કલાવંતી— અરે પ્રભુ! મુજ નિર્દોષ ધર્મબંધુને વગર વિચારે મારી માતુએ કેવો હેરાન કીધો છે માટે સત્વર મારી માતુ પાસે જઇને હું છોડાવું (એવામાં સામેથી પ્રેમાવંતીને આવતી જોઈ) અરે! મારી માતુ તો અહીંજ આવતાં જણાય છે. (પ્રેમાવંતી પ્રત્યે) માતાજી, કેમ આપ આમ બહુ ક્રોધાયમાન થયેલાં જણાઓ છો?

પ્રેમાવંતી— (ક્ષત્રી કલંક કેમ લેશો રે.) એ રાહ.

જા જા પુત્રી અહીંથી ચંડાળ, બતાવીશ માં મુખ મને રે.
કેમ આવ્યો નહીં હજુ તારો કાળ, બતા૦
ધિક ધિક તને છે ધિક્કાર, બતા૦
તું તો થઈ વ્યભિચારિપ્રમાણ, બતા૦
ચડી પેટે તું તો માહરે પહાણ, બતા૦
ખબર નહોતી હવે થઈ મને જાણ, બતા૦

કીધાં સુકૃત બોળીને શું કામ, બતા૦
માત પિતાનું તેં બોળ્યું નામ, બતા૦

કલાવંતી—અયે માતુ, તમોએ કંઇ પણ ખબર વિના મારા પ્રાણ બચાવનાર ધર્મ બંધુને કેદ કર્યો અને તેમ છતાં હું નિરપરાધિનિને નાહક તીરસ્કારનાં વચન કહો છો!

પ્રેમાવંતી—તું શું બોલેછે! તેણે તારો જીવ બચાવ્યો છે! અરે મેં તો વ્યભિચારી જાણી તેને કેદ કર્યો. હાય ઈશ્વર !

(એમ કહી અફસોસમાં ગીરફતાર થાય છે.)

કલાવંતી— (અરે લાલદેવ ઇસ તરફ જલદ આ, એ રાહ.

તમે માતુ આજે કીધો ના વિચાર,
એ બંધુનો છે મુજપરે ઉપકાર;
ગયા ચોરો લઇ મુજને દેવાનં ભોગ,
બચાવી એણે મુજને સાધી સંજોગ;
લઇ ભાળ પૂરી સૂપી મહેલ માંય.
મને તેડી લાવ્યા અંહી મુજ માય;
લેવા ગઇ પાણી હું, તે પોઢયા જયાંય,
પાણી હાથમાં ધરી ઉભી હું ત્યાંય;
જાગૃત કરૂં તો લાગે મુજને પાપ,
ત્યાં તો થયા કેદ હુકમ થયો આપ.

પ્રેમાવંતી—અરે પુત્રિ! હું તારી મોટી ગુન્હેગાર થઈ કારણ જે જેણે તારો પ્રાણ બચાવ્યો તેને મેં વ્યભિચારી જાણી કેદ કર્યો. વાહ પ્રભુ ! વાહ!

કલાવંતી—અગે માતુ, આપ અફસોસ નહી કરો. હું મારા પિતાને વાત કહીશ એટલે છોડી આપશે. (એમ કહી બંને જાય છે.)

—o—

પ્રવેશ ૯ મો.

સ્થળ-ફુલવંતી ગુણકાનું ઘર.

પદમા—(પ્રવેશ કરી) અરે! આજે બાઈ સાહેબ હજુ સુધી કેમ સૂતાં છે. લાવ, હું જ તેને જાગૃત કરૂં. (એમ કહી જાગૃત કરે છે પણ નહીં બોલવાથી) અરે! બાઈ સાહેબને તો કોઈએ મારી નાંખેલાં જણાય છે. અરે! અહીં તો એક આ પુરૂષ સિવાય બીજું કોઈ છેજ નહીં માટે તેજ મારનાર હશે માટે લાવ પૂછું તો ખરી. (એમ કહી ઉઠાડે છે.) અગે લુચ્ચા, ઉઠ ઉઠ, મારી બાઈને મારીને સૂતો છે શુ?

ગુલાબસિંહ—(જાગૃત થઇને) અરે પ્રભુ! આ શું કહે છે? અરે બાઈ તે વાત તો હું જાણુતો પણ નથી.

પદમા—અરે! તું એમ નહીં જવાય દે. (સિપાઈ ઓ સિપાઇ એમ પોકાર કરે છે એટલે સિપાઈ પ્રવેશ કરે છે.) અયે સિપાઇઓ આ મુસાફરને પકડીને રાજા પાસે લઈ જાઓ; એણે મારી બાઇને રાત્રે મારી નાખેલાં છે.

ગુલાબસિંહ—અરે પ્રભુ આ શું મને વગર અપરાધે બાંધીને

લઈ જાય છે! વાહ પ્રભુ! વાહ! તારી ગતિ તો ન્યારીજ છે. (સિપાઇઓ ગુલાબસિંહને બાંધીને લઇ જાય છે.)

હાયરે પ્રભુ આ શું દેવા દુઃખ ગમ્યું તને
વિણુ અપરાધે બાંધી લીધો મુજને–હાયરે.
ઈશ્વરે, ઈશ્વરે,
માગું માગું તુજ પાસ નામી શીશરે–હાયરે.
મોત આપ જલદી હવે સુખ નથી જરા
મિત્રના વિજોગથી નેત્રે વહે ઝરા,
અરે રે, બળે રે, તન રે, ઇશ્વરા
માર જલ્દી માર કર વાર નહીં મુજને–હાયરે.

સિપાઇ–કયું ઈધર ખડે હો જલ્દી ચલો (એમ કહી ગુલાબસિંહને ધક્કા મારી લઇ જાય છે.)

(અંક ૪થો સમાપ્ત.)

ગુલાબસિંહ નાટક.

અંક ૫ મો.

પાત્રો.

ધીરસેન	...	...	...	રતિપુરનો રાજા
શીરસ્તેદાર	...	....	...	રતિપુરનો
પારસિંહ	...	...	...	ધીરસેનનો વજીર
પ્રધાન	....	...	...	ધીરસેનનો દિવાન
સત્યચંદ્ર	...	...	...	રામસિંહનો પુત્ર ને ગુલાબસિંહનો મિત્ર
પદમા	...	...	...	ફુલવંતીની દાસી
ગુલાબસિંહ	...	...	...	વિજયસિંહનો પુત્ર
વીરસિંહ	...	...	....	ક્ષત્રીય વેપારી
માનસિંહ	...	...	...	કંચનપુરના પ્રધાનનો પુત્ર અને ગુલાબસિંહનો મિત્ર
પ્રેમાવંતી	...	...	...	ધીરસેનની સ્ત્રી
કલાવંતી	....	...	...	તેની પુત્રિ
વિજયસિંહ	....	...	...	કંચનપુરનો રાજા
મધુરવંતી	...	...	...	તેની સ્ત્રી

એ સિવાય ચોપદાર, સિપાઇઓ, તથા કલાવંતીની સાહેલીઓ વગેરે.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કોર્ટ હાઉસ.

ધીરસેન—શિરસ્તેદાર, કોઇ અરજદાર હોય તો તેને સત્વર કોર્ટમાં હાજર કરો.

શિરસ્તેદાર—પટાવાલા, અરજદાર હોવે ઉસ્કોં બુલાઓ.

(પટાવાળો અરજદાર અરજદાર પોકારે છે એટલે પારસિંહ "ફરિયાદ ફરિયાદ" કહેતો પ્રવેશ કરી અરજી શિરસ્તેદારના હાથમાં આપે છે.)

ધીરસેન—અહો વજીર પારસિંહજી, તમારે જાતે રાજકોર્ટનો આશરો લેવા જેવો એવો તે શું બનાવ છે?

પારસિંહ—ખુદાવિંદ મહારાજા, રાજ્યમાં જેમ ન્હાનાઓ ઉપર તેમજ મ્હોટાઓ ઉપર પણ વીતવાનું તે વીતેજ છે. સઘળી બિના આપને મારાં અરજ પત્ર પરથી વિદિત થશે.

ધીરસેન—સારૂં, શિરસ્તેદાર અરજ પત્ર કોર્ટને વાંચી સંભળાવો.

શિરસ્તેદાર—(વાંચે છે.)

નેક નામદાર ખુદાવિંદ મહારાજાધિરાજ ધીરસેન
બહાદુરની હજુરમાં મુા. રતિપૂર.

અરજદાર આપના વજીર પારસિંહની ઘણાંજ માન સાથે અરજ છે કે મારો જમાત્ર કાલ રોજ અહીં આવવાથી તેને મેં રૂડી પેરથી

રાખ્યો છતાં તેણેજ મારી પુત્રિનું મધ્ય રાત્રિએ નાક કાપ્યું છે તો તેને પૂછતાં જવાબ નહીં દેવાથી સિપાઈ. પાસે પકડાવી આપની કોર્ટમાં રજુ કરેલ છે. આ. કુકર્મથી તેણે મારી લાખો રૂપિઆની ઇજતને બટ્ટો બેસાડયો છે તો આપ યોગ્ય ઈનસાફ આપવા કૃપા કરશો એજ વા............

સહી વજીર પારસિંહની દા. પોતે.

લખનાર વકીલ

બાલાભાઇ દોલતરામ.

ધીરસેન—શીરસ્તેદાર, અરજી દાખલ કરો. કેમ પ્રધાનજી આ વિષે જરા વિચારવા જેવું લાગે છે કે અમસ્થું નાક એક ખાનદાન કુટુંબમાં આમ કાપવાનો બનાવ બને નહીં તેનું કંઈ કારણ હોવું જોઇએ.

પ્રધાન—હા મહારાજ, એ વાત બરોબર મનાતી નથી.

ધીરસેન—શિરસ્તેદાર, એ ગુન્હેગારને અહીં હાજર કરો.

શિરસ્તેદાર—પટાવાળા, ગુન્હેગારને પાંજરામાં લાવો. (સત્યચંદ્ર આવી પાંજરામાં આવી ઉભો રહે છે અને ધીરસેન સત્યચંદ્રને પુછે છે.)

ધીરસેન—અયે સખ્સ, તેં તારી સ્ત્રીનું નાક કાપ્યું છે કે નહીં!

સત્યચંદ્ર—નહીં સાહેબ.

ધીરસેન—ત્યારે અરજદાર કેમ કહે છે.?

સત્યચંદ્ર—મહારાજા, ફસાવવાને માટે.

ધીરસેન—પ્રધાનજી, ઇનસાફની કોર્ટમાં ગમે તે હોય તો પણ

પક્ષપાત રાખવો ન જોઈએ. આ કેસ બરાબર હાથમાં લેવા યોગ્ય છે, માટે તેને ટુંક મુદત નાખી મુલતવી રાખવો જોઇએ.

શિરસ્તેદાર—બહુ સારૂ નામદાર, એક બીજો ફોજદારી ખુનનો મુકદમો પણ તુરત હાથમાં લેવા યોગ્ય છે.

ધીરસેન—હા, ભલે ખુશીથી લ્યો.

શિરસ્તેદાર—પટાવાળા, પેલી ફુલવંતી નાયકાની પદમા દાસી તથા તેના તહોમતદાર વગેરેને અહીં બોલાવ.

(પદમા તથા ગુલાબસિંહ એ બંને પ્રવેશ કરી પાંજરામાં ઉભાં રહે છે, ગુલાબસિંહની પાંસે સિપાઈ ઉઘાડી તરવારે ઉભો છે. અને ધીર-સેન પુછે છે.)

ધીરસેન—અયે દાસી તારી બાઈને તે તહોમતદારે ક્યારે ઝેર આપ્યું તે વિષે તને ખબર છે?

પદમા—હા મહારાજ, હું મારી બાઇ પાસે ગઈ ત્યારે તે તહો મતદારના હાથમાં શીશી હતી.

ધીરસેન—અયે સખ્સ, તેં તે ગુણકાને શા વાસ્તે ઝેર આપ્યું?

ગુલાબસિંહ—મહારાજ, તે વાત સર્વે બનાવટની છે તે બાબત હું તદન બિનવાકેફ છું. (એવામાં વીરસિંહ આવીને ફરિયાદ નામું રજુ કરેછે.)

શિરસ્તેદાર—મહારાજા, આ કેસો બહુ બારિક તપાસને લાયકના છે, આપને યોગ્ય દીસે તો આપના રાજ્યના ક્ષત્રીય વેપારી વીરસિંહ પણ કંઈ ફરિયાદ રજુ કરવા આવ્યા છે તેઓની ફરિયાદનો સાર આ

કેસોની વચ્ચે વચ્ચેજ સાંભળી લેવો કદાચ સમયાનુકુળ થઈ પડશે.

ધીરસેન—ભલે, આજે આપણા નગરના મોટા મોટા ગૃહસ્થો ફરિયાદી તરીકે હાજર થતા જાયછે અને કોર્ટમાં તે કુદરતી રીતેજ કંઈ ઓર ધ્યાન ખેંચે તેવો બનાવ છે. વીરસિંહ શું કહેવા માગેછે?

વીરસિંહ—અયે મહારાજા આજે આપણા શેહેરમાં મારે ઘેરથી ચોરો રાત્રે ખાતર પાડીને રૂ. ૨૫૦૦૦ની મીલકત લઇ ગયા છે અને મારા ચોકી વાળાનો પણ કયાંઈ પતો નથી. મેં તે માણસને શુરવીર અને પ્રમાણીક જોઇને ચોકીપર રાખ્યો હતો પણ આવડી મોટી ચોરી થતાં મને તેનાપર પણ કેટલોક શક જાયછે જેથી મને ઘણું નુકસાન પહોંચ્યું છે અને ઈજતને પણ બટો લાગે તેમ છે તો આપ મુજ ગરીબપર કૃપા કરી તપાસ કરાવશો.

ધીરસેન—પ્રધાનજી, એ હરામખોર લોકોને પકડવાને વાસ્તે ફોજદારને પચાસ સિપાઈ ઘોડેસ્વાર સાથે જવાને હુકમ આપો

પ્રધાન—બહુ સારૂં મહારાજ. (આ વખતે પોલીસ માનસિંહને અવળે હાથે બાંધીને કોર્ટમાં રજુ કરેછે.)

પોલીસ—હજુર સાહેબ, આ તહોમતદારને આપની રાજ પુત્રિના મેહેલમાંથી રાણી સાહેબના હુકમથી પકડી લાવ્યા છીએ.

વીરસિંહ—(વચમાં બોલી ઊઠેછે.) મહારાજા, મારો ગુમ થયેલો ચોકીબાન તે એજ છે, હવે કંઈ પતો મળવો જોઈએ.

ધીરસેન—અયે તહોમતદાર, તું કુંવરીના મેહેલમાં કયાંથી!

માનસિંહ—મહારાજા, કિસ્મત જોગે ત્યાં જઇ ચડયો એમાં

કોઈનો વાંક નથી. મારા કારમતનોજ વાંક છે. એક તો મેં દુષ્ટ નીચ ચોરોના હસ્તથી રાજ પુત્રીનો પ્રાણ બચાવ્યો તો ઉલટો કેદ થયો વાહ પ્રભુ વાહ! તારી ગતિ તો ન્યારીજ છે!

ધોરસેન–અયે તહોમતદાર, તેં તે પુત્રિનો જીવ કેમ બચાવ્યો?
(માનસિંહ વર્ણન કરે છે.)

(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી.) એ રાહ.

હું ચોકી કરતો હતો એક મધરાતે,
કઉતક દીઠું ત્યાં મૃત્યુ ચીસ સંભળાતે;
એકાંતે એકજ પુરૂષ, અવર સ્થળ નારી,
સર્પે ડંખી લીધ પ્રાણ નારી સંહારી;
મેં જાણ્યું પડશે દોષ પુરૂષ એ માથે,
કટકા કિધ સાત એ સર્પ તણા મુજ હાથે;
ત્યાં દીઠી સ્ત્રી મેં એક વળી વ્યભિચારી,
જોતાં જોતાં જઈ પહોંચી જોગીને દ્વારી;
હું પાછળ પાછળ ગયો તેની એ વારે,
જોગિએ કાપ્યું ત્યાં નાક, નારિનું ત્યારે;
ત્યાંથી તે ચાલી નાર નીર ભરિ લેવા,
માર્યો જોગીને હાલ કીધા મેં એવા;
કરિ બંધ તેહને ચાલી ગયો હું જ્યાંહી,
મેં દીઠા ચોરો ચાર રસ્તાની માંહી;
કરે અરજ શીવની પાસ ચોર તે ચારે,
જો મળે ચોરી કરતાંય ખજાનો ભારે;

તો રાજ પુત્રિનો ભોગ તુજને દૈયે,
જો કરે શીઘ્ર તું મેહેર મગન તો થઈએ;
પછી ચોરી કરીને ખુબ ખજાનો લાવ્યા,
તે નાંખ્યો દેવળમાંય કુંવરી લઈ આવ્યા;
ઉગામ્યું કુંવરિપર ખડ્ગ ભોગ દેવાને,
મેં ગુપ્ત રહીને શબ્દ કિધો તે સ્થાને;
ફીધા ચોરોને હાર, બચાવી કુંમારી,
હું બન્યો ઉલટો કેદિ ઇશ ગતિ ન્યારી!

ધીરસેન—અયે સખ્સા તેં જે સ્ત્રિનું નાક કપાતાં જોયું હતું તેને તું ઓળખેછે?

માનસિંહ—નહી મહારાજ.

ધીરસેન— અયે પ્રધાનજી, તમો સત્વર જઈને તે દેવળમાં ખજાનો હોય તો લઈને જલદી આવો અને ફુલવંતી નાયકાને ઘેર સર્પનાં કટકા છે કે નહી તે પણ તપાસ કરીને સત્વર અહીં આવો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ.

ધીરસેન—(માનસિંહ પ્રત્યે) અયે ભાઇ, તમોએ મારી પુત્રિનો પ્રાણ બચાવ્યો તથા કોર્ટમાં ન્યાય કરવા માટે આવેલા બહુ ગુંચવણ ભરેલા કેસોમાં તમારી બહાદુરી ભરેલા કામોથી અજાયબ જેવી સેહેલાઇ થઇ પડવા ઉપરાંત તમારી બોલવા ચાલવાની ઢબ પરથી તમે કોઇ મોટા કુટુંબના ફરજંદ હોઈને વખાના માર્યા આ સ્થાને નીકળી આવેલા જણાઓછો માટે આપની નાત જાતનો સર્વે ખુલાસો નામ

ઠામ સહિત બતાવવાથી કોર્ટને કદાચ કંઈ વધારે જાણવાનું બની શકશે.

માનસિંહ–અયે મહારાજ, હું કંચનપુરના રાજા વિજયસિંહના પ્રધાનનો પુત્ર છું. મારૂં નામ માનસિંહ છે અને હું મારા બંને મિત્રના વિયોગને લીધે અહીં રખડું છું.

ગુલાબસિંહ-(ઉભો થઇને) અરે કોણ! મિત્ર માનસિંહ!

માનસિંહ-અરે કોણ! મિત્ર ગુલાબસિંહ!(એમ કહી બંને ભેટછે)

માનસિંહ-અરે ભાઈ! તમો ક્યાંથી?

ગુલાબસિંહ-અરે ભાઈ, તમો મારૂં શબ મૂકીને ગયા હતા ત્યાંથી તો મને કોઈ જોગીએ આવીને સજીવન કરીને જંગલમાં માર્ગ બતાવ્યો. ત્યાંથી ભટકતાં ભટકતાં અહીં આવી આ ગુન્હામાં ફસાયો હતો તે આપે આવીને મુક્ત કર્યો વાહ પ્રભૂ! વાહ! હવે મિત્ર સત્યચંદ્ર તે ક્યાં હશે?

સત્યચંદ્ર-(સ્વગત) અહો આ મારૂં નામ લઈને કોણ પુકારેછે? (ચાસન) અરે કોણ! ગુલાબસિંહ તથા માનસિંહ!

ગુલાબસિંહ–માનસિંહ–અરે કોણ, મિત્ર સત્યચંદ્ર! (એમ કહી બધા ભેટછે.)

સત્યચંદ્ર–વાહ પ્રભુ! વાહ! તેં છેવટ અમારા ગરીબ પર કૃપા કરી વિખુટા પડેલા પ્રાણોને એકઠા કર્યા ખરા. પ્રભુ, તારી માયા અપાર છે!

ધીરસેન—જુઓ શિરસ્તેદાર, આ કોર્ટમાં આજના કેસોએ અદ્દભૂત ચમત્કારી દેખાવ ધારણ કરી દીધો છે. આજનો દિવસ ઘણો

ધન્યવાદ આપવા જેવો છે કે કેવા સુકુમાર રાજકુટુંબી મિત્રોનો ખોવાયેલો આનંદ આજ તેઓને ઘણી મુદતે પુનઃ પ્રાપ્ત થયોછે.

પારસિંહ—અએ જગમાત્ર સત્યચંદ્ર, મેં તમોને વિણુ અપરાધે હેરાન કર્યા તો આપ ક્ષમા કરશો

સત્યચંદ્ર—પિતાજી, આપ અફસોસ નહીં કરો જે બનવાનું હોય તે હમેશાં બન્યાજ કરેછે.

પદ્મા—(ગુલાબસિંહ પ્રત્યે હાથ જોડી) અગે ભાઇ, મારાથી તમારો અપરાધ ઘણો થયો છે માટે આપની પાસે માફ માગુંછું.

ગુલાબસિંહ— અગે દાસી, જો તેં એમ ન કર્યું હોત તો અમારો મેળાપ કેમ થાત? માટે અમો તારો ઉપકાર માનીએ છીએ.

(એવામાં પ્રધાન સાથે સિપાઈઓ ખજાના સહિત આવેછે.)

પ્રધાન—અગે મહારાજ, આ ખજાનો દેવળમાં પડયો હતો અને ગુણકાને ઘેર પણ સર્પના કટકા પલંગ નીચે દાટેલા પડેલા છે માટે તે ગુન્હેગારને છોડી દેવો જોઇએ.

ધીરસેન—અગે વીરસિંહ, આ તમારો ખજાનો તમારા કબજામાં કરો.

વીરસિંહ—મહારાજા, એ માનસિંહ જેવા એક સમર્થ પુરૂષે એક ગરીબ નોકરની સ્થિતિમાં રહીને મારી નોકરી ઘણી પ્રમાણીક પણે બજાવી છે. તેમ છતાં મારી અલ્પબુદ્ધિને લીધે છેલે છેલે હું તેના પર જરા ચોરીનો શક લઈ ગયો તેને માટે મને પશ્ચાતાપ થાય છે. આપ નામદારની મારફત હું મારી ખોવાયલી મિલ્કતમાંથી આ કીંમતી હાર તેની

પવિત્ર નિષ્ટાને ખાતર તેને હું અર્પણ કરવાને ઈચ્છુંછું અને આશા રાખું છું કે આપ મારી તે ધારણા પૂર્ણ કરાવશો.

ધીરસેન—માનસિંહ, તમારા શેઠ વીરસિંહની એ ધારણા માન્ય થવા યોગ્ય છે. અને તેની ઈચ્છા મુજબ આ કીંમતી હાર તમારા અંગ પર ધારણ કરશો જેથી તેઓ સંતોષ પામશે

માનસિંહ—મહારાજ જેવી તમારી ઈચ્છા.(માનસિંહ હાર અંગ પર ધારણ કરેછે અને વીરસિંહ બાકીનું દ્રવ્ય લઈને ખુશીથી વિદાય થાય છે.)

ધીરસેન—અયે માનસિંહ, તમોએ મારી પુત્રિનો જીવ બચાવ્યો છે માટે આજના આનંદનાં પ્રસંગમાં એ મારી પુત્રિ તમારા મહારાજાનું મોટું રાજ્ય સાંભળી રાજકુમાર ગુલાબસિંહને પરણાવવા ઈચ્છુ છું.

માનસિંહ—મિત્ર ગુલાબસિંહ, મહારાજાશ્રીના એ માગણીનો સ્વીકાર થવો એ આપણા ભાગ્યની શરૂઆત છે

ગુલાબસિંહ-(લજ્જા સહિત) બહુ સારૂં મિત્ર, જેવી તમારી મરજી.

ધીરસેન-પ્રધાનજી હું મેહેલમાં જઈને ખબર આપું છું અને તમો પણ સત્વર જઈને રંગ મંડપની રચનામાં તત્પર રહો.

પ્રધાનજી-બહુ સારૂ મહારાજ. (એમ કહી સરત્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ-પ્રેમાવંતીની બેઠકનો હોલ.

ધીરસેન—(પ્રવેશ કરી) પ્યારી, આપણી પુત્રિ કલાવંતી

વેવિશાળ કચંનપુરના રાજા વિજયસિંહના પુત્ર ગુલાબસિંહ વેરે કરવાનો આજે મેં નિશ્ચય કર્યો છે.

પ્રેમાવંતી—બહુ સારૂં કર્યું પ્રાણનાથ, પેણ તે અહીંઆં કયાંથી ?

ધીરસેન—પ્યારી, તે રાજપુત્ર ગુલાબસિંહ તથા તેના બંને મિત્રો એ ત્રણે મિત્રો જંગલમાં વિખુટા પડતાં તે ઈશ્વર કૃપાથી અહીં આવી અચાનક એકઠાં થયાં અને જેણે આપણી પ્યારી પુત્રિનો પ્રાણ બચાવ્યો હતો તેજ ગુલાબસિંહનો મિત્ર હતો.

પ્રેમાવંતી—શું જેને મેં વ્યભિચારિ જાણી કેદ કર્યો હતો તે રાજપુત્ર ગુલાબસિંહનો મિત્ર હતો ? ત્યારે તો હું પણ ત્યાં આવીને માફ માગીશ.

ધીરસેન—ઠીક ત્યારે હું જાઉંછું અને તમો કુંવરીને શણગાર સજાવી સાહેલીઓ સાથે રંગ મંડપમાં તેડી લાવજો. (એમ કહી બંને જુદે જુદે રસ્તે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રંગ મંડપ.

(પ્રધાન દરબારીઓ વગેરે બેઠા છે અને ધીરસેન, ગુલાબસિંહ તથા તેના બંને મિત્રો આવી પોતાને આસને બેસે છે અને પ્રેમાવંતી કલાવંતીને સાહેલીઓ સહિત તેડી લાવે છે.)

ધીરસેન—(કલાવંતી તથા ગુલાબસિંહના હસ્તનો મેળાપ કરી) અયે

જમાત્ર ગુલાબસિંહ તમોને આ મારી પુત્રિ કલાવંતી પરણાવું છું તો આપ કૃપા કરી તેને જરા પણ દુઃખી થવા નહીં દેશો.

ગુલાબસિંહ—પિતાજી, તે વાતથી આપે બિલકુલ નચિંત રહેવું પણ હવે અમોને અમારા દેશમાં રવાના કરો.

ધીરસેન—આ પણ તમારૂ રાજ્ય છે માટે અહીં સુખીથી રાજ્ય કરો.

ગુલાબસિંહ—પિતાજી, અમારા માત પિતાને મુકયા બાર વર્ષ તો થઈ ગયાં માટે હવે અમોને અમારા માત પિતાને મળવાની બહુ ઇચ્છા છે.

ધીરસેન—ઠીક જમાત્ર, તમારી મરજી હશે તો અમારાથી ના નહીં કહેવાય કારણ કે પુત્રિ તે પરાયું ધન છે. માટે સુખેથી પધારો હવે તમોને કન્યાદાનમાં રતિપુરનું અરધું રાજ્ય આપુ છું તે આપ કૃપા કરી માન્ય રાખશો.

ગુલાબસિંહ—ઠીક પિતાજી, જેવી તમારી મરજી.

પ્રેમાવંતી—મારી પ્યારી પુત્રિ, સાસરે જઈને સૌની સાથે સંપ સંપીને ચાલજે, પતિ સેવામાં સદા નિમગ્ન રહેજે, અને કુળનો યશ વધે તેવો સદાચાર રૂપી શણગાર ધારણ કરજે.

કલાવંતી—અયે માતુ, આપ તે બાબત બેફિકર રહો કારણ જે મારા માત પિતા તરફથી મને જે રૂડું શિક્ષણ મળેલું છે તેનો જેમ સદુપયોગ થશે તેમાં હું પ્રસન્ન રહીશ.

(કલાવંતીને વળાવતી વખતે પ્રેમાવંતી સર્વ સાહેલીઓ સહિત ગાયછે.)

(હાથો હાલો હાથણુલી શણુધારો રે.) એ રાહ.

પુત્રિ પધારોને આજે સાસરીયે રે,
શુકન સારા જોઈ સાંચરીયે રે;
કામ કરજો સારાં જઈ ઉમંગે રે,
રે'જો વહાલા પતિની તમે સંગે રે;
તું તો પુત્રિ અમને છે બહુ પ્યારી રે,
જઇને રેહેજો થઈ સુખીયારી રે;
સાસુજી કહે તે સદા માન્ય કરજે રે,
શિક્ષા એટલી ઉરે તું ધરજે રે.

(સર્વે સુખેથી કંચનપુર પહોંચેછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—કંચનપુરની રાજ સભા.

(રાજા પ્રધાન દરબારીઓ વગેરે બેઠાછે અને પાદરમાં ખુબ અવાજથી વાજીંત્ર વાગેછે.)

વિજયસિંહ—પ્રધાનજી, આ શું વાગેછે કોઇ મોટું લશ્કર આવી ચડયું હોય એમ જણાયછે.

પ્રધાનજી—હા મહારાજ, જણાયછે તો એમજ, માટે સેનાપતિને ખબર આપીને લશ્કર તૈયાર કરાવવું જોઈએ.

વિજયસિંહ—પ્રધાનજી.હું પણ તેજ વિચાર કરૂંછું કે હવે તમે સત્વર જઈને લશ્કર તૈયાર કરાવો.

(એવામાં ચોપદાર રાજપુત્ર ગુલાબસિંહના આવ્યા વિષેની વધામણી લાવેછે)

ચોપદાર—મહારાજા, રાજપુત્ર ગુલાબસિંહ તેના બંને મિત્રો સહિત દેશાવટો પૂરો કરી ગાજતે વાજતે આપણા શેહેરની સીમ સુધી આવી પહોંચ્યાછે.

વિજયસિંહ—વાહ પ્રભુ! વાહ! તેં પણ અમો ગરીબપર બહુ કૃપા કરી અને આજે શત્રુ રાજપર ચડી આવવાનો ભય દૂર કરી. પુત્ર મેળાપના આનંદમાં ઉલટાઇ ગયો. આજનો દિન ધન્ય છે! હવે ચાલો પ્રધાનજી, જઇને સત્વર તેડી લાવીએ અને તમો અંતઃપુરમાં જઇને પણ તે વિષે ખબર આપો (એમ કહી ા જાયછે)

——:o:——

પ્રવેશ ૫ મો.

સ્થળ—સીમમાં બગીચાનો રાજમેહેલ.

(સરવે પ્રવેશ કરી ગુલાબસિંહને મળે છે અને પાછળથી મધુરવંતી પ્રવેશ. કરેછે.)

ગુલાબસિંહ—પુજ્ય પિતાશ્રી, મારા પ્રારબ્ધ યોગે અનેક દેશાંતરોમાં પર્યટન કરી મારા પરમ પ્રિય મીત્રો સાથે આપની સેવામાં હાજર થવાથી મને આજે મોટો હર્ષ પ્રાપ્ત થાયછે.

વિજયસિંહ—મારા પ્રિય કુંમાર, એક રાજપુત્રને અનેક દે-

શોની અનેક રીતભાતો જાણવાની જરૂરની હોય છે. તું હવે સદા સુખી રહે તથા સદાચાર અને પ્રજા પ્રિય પણે તું હવે પછીની આ તારી પ્રજાનું પાલન કર. હવે મારી એજ ઈચ્છા અને તેમાંજ મારૂં સુખ છે. (એવામાં મધુરવંતી પ્રવેશ કરે છે.)

મધુરવંતી—અયે મારા પ્યારા પુત્ર ગુલાબસિંહ, આ તમારી સાથે કોણ છે?

ગુલાબસિંહ—માતુશ્રી, તે રતીપુરના રાજા ધીરસેનની પુત્રિ અને આપની કુળવધુ

કલાવંતી—સાસુજી હું તમોને ચરણે પડી નમન કરૂં છું.

મધુરવતી—સુખી રહો બેટા.

વજિયસિંહ—વાહ પરમેશ્વર! તેં અમારા સૌ પર રહેમ આણીને પાછા એકઠાં મેળવ્યા જેથી તારી જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડી છે. (એમ કહી સરવે ઈશ્વરની સ્તુતી કરે છે)

(પૂર્ણ થયો છે ખેલ, સજનો પૂર્ણ થયો છે ખેલ) એ રાહ.

કીધી કૃપા પરમેશ, અમો પર કીધી કૃપા પરમેશ—ટેક૦
રાજ્ય તણું સુખ આપ્યું પ્રભૂ તેં, પ્રસર્યા સુયશ વિશેષ—અમો૦
વાંઝયપણું ટળ્યું. પુત્ર રતન મળ્યું, રાખ્યુ ન દુઃખ લવલેશ—અમો૦
પુત્ર વિરહનું કષ્ટ ખમ્યું જો કે, બહુ દિન દુઃખિત વેશ—અમો૦
પામ્યો અનુભવ પુત્ર પ્રવાસે. મેળવ્યા મિત્રો બેશ—અમો૦
આજ્ઞા પાળક પુત્ર. મિત્ર સૌ સ્થળમાં હજો હમેશ—અમો૦
ચાઓ નીતિ જય રહો ખુશીમય, આ મુજ રાજ્ય પ્રદેશ—અમો૦
આજ વિજય વર્તાઓ નગરમાં, નેહ નિહાળો નરેશ—અમો૦
સકળ પ્રજા સંરક્ષણ પામો, રહો કૃપાળ પરેશ—અમો૦

(પડદો પડે છે.)

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સદ્‌ગૃહસ્થોના મુબારક નામ.

કરાચી બંદર.

૫૦ ઠા. હરીભાઈ ઓધવજી
૪૦ ઠા. સુંદરજી વિસરામ, બુકસેલર
૨૫ આચાર્ય આચાગ્નાજ સાંકળેશ્વર ઉમિયાશંકર બુકસેલર
૧૨ પંડ્યા પુરશોત્તમ લક્ષ્મીદાસ બુકસેલર
૧૦ કોઠારી નીમચંદ નાનચંદ (લુણસરવાલા)
૧૦ ઠા. લખમસી રાયસી
૧૦ ઠા. નરસીભાઈ જેઠાભાઇ
૧૦ ઠા. દેવકરણ દેવજી
૧૦ ઠા. હેમરાજ કાનજી
૧૦ શાહ સોમચંદ કાલા, (સાયલાવાલા.)
૧૦ ઠા. ખીમજીભાઈ કેશવજી
૧૦ ખોજા લાલજી જમાલભાઈ
૫ કોઠારી કાનજી નાનચંદ (લુણસરવાલા.)
૫ ઠા. રવજી જેઠાભાઈ
૫ ઠા. નાનજી લવજીભાઈ
૫ દામોદર રામજી લક્ષ્મીદાસ
૫ ઠા. ભીમજી જેઠાભાઇ
૫ શાહ રાવસી તલકશી સ્ટાંપ વેન્ડર તથા બુકસેલર
૨ એન. આર. ગોટલા ઘડિયાળી
૨ વોરા ગામદઅલી નુરભાઈ
૨ કેશવજી રામજી કચ્છ વર્ક કરનાર
૨ ઠા મકનજી ભવાન (જોડીઆ બંદરવાલા)
૨ મિસ્ત્રી હીરજી કેશવજી (ભુજવાળા)
૨ મેહતા મગનલાલ ભગવાનદાસ
૨ શાહ પુનમચંદ દેવજીભાઈ
૨ ઠા. પરશોતમ ગોર્વધનજી

૨ શાહ ગપલ લેહેરાભાઈ
(દીકસરવાલા)
૨ ઠા. નેણુસી ગોપાળ
૨ ઠા. નારાયણજી વાલજી
૨ ઠા. ખીમજી જેરામ
૨ ડાકટર નાગાણજી અમરજી
૨ ઠા. વેલજીભાઈ અરજણ
૨ શાહ નાનચંદ ભગવાન
(સાયલાવાલા)
૨ શાહ શીવલાલ ડમર
(સાયલાવાળા)
૨ શાહ જગજીવન જેતસી
૨ શાહ મોતી દેવગ
(સાયલાવાળા)
૨ ઠા. વલ્લભદાસ ઉમરસી
૨ શાહ અનુપચંદ લખમસી
૨ ઠા. મોરારજી સુંદરજી
૨ ઠા. હરીદાસ વિ લાલજી
૨ ગોકળ આસુઆણી
૨ દોસી ખેંગાર તારાચંદ
૨ શાહ કેશવલાલ અંબાલાલ
૨ મેહેતા મોતીલાલ પીતાંબર

૬ ઠા. વેલજી શીવજી મારફત
૧ લધા નાથાભાઈ મુકાદમ
૧ હોરમસજી સોરાબજી લાહેર
૧ કાવસશાહ સોરાબજી લાહેર
૧ મનચેરજી કે. રબાડી.
૧ પીરોજશાહ એન. કાબરાજી
૧ આત્મારામ વલ્લભદાસ
૫ ઠા. કુંવરજી ખેરાજની મારફત
૨ ઠા. ખીમજી કાનજી
૧ ઠા. કુંવરજી ખેરાજ
૧ ઠા. વીરજી ઓધવજી
૧ ઠા. વેલજી એન. કુંવરજી કુ.
૧ મેહેતા ઓધડ લહેરાભાઈ
(સાયલાવાળા)
૧ ખેતસી વેલસી.
૧ મેહેતા તારાચંદ નાનચંદ
(ઢોળવાળા)
૧ શાહ ગીરધરલાલ સુખલાલ
૧ વોરા મામદઅલી અલીભાઈ
કરીમજી માંડવીવાળા
૧ જણસારી મોનજી ડુંગરસી
૧ વોરા ગુલામહુસેન અલીભાઈ

૧ વોરા તૈયબઅલી અલીભાઈ
૧ વોરા યુસફઅલી મામદઅલી
૧ જોશી કલ્યાણજી આણંદજી
૧ વોરા જાફરજી અબદુલહુસેન
૧ ઠા. સામજી આણંદજી
૧ ઠા. ખીમજી લાલજી
૧ ખુશાલદાસ પરમાનંદ
૧ શોની નનુ જીવા
(મોરબીવાલા)
૧ સોની વલમજી લવજી
(ગવરીદડવાળા)
૧ સોની હીરજી ડોસાણી.
(માંડવીવાળા)
૧ વોરા તૈયબઅલી ઈસાજી
ઈસમાલજી
૧ વોરા અબદુલહુસેન મુસભાઇ
૧ વ્યાસ નાથાભાઈ ત્રંબકરામ
૧ વોરા ઈસમાલજી દાઉદજી
૧ ઠા. પ્રાગજી રતનશી
૧ સોની વેલજી કાનજી
૧ વોરા જીવાણુજી ઈબરામજી
૧ ઠા. વાલજી ઓધવજી

૧ ઠા. લધા પ્રાગજી.
૧ વોરા ગુલામહુસેન નુરભાઈ
જાફરજી
૧ સોની જમનાદાસ ઘેલાભાઈ
૧ ઠા. કરસન રતનશી
૧ ઠા. વિસનજી નેભાઉ
૧ ઠા. તોલા હીરજી
૧ મેહેતા ઠાકરશી નથુભાઈ
(સાયલાવાળા)
૧ માવજી હરી
૧ સોની ગણપતરાય સામળદાસ
૧ ફરામજી રૂરતમજી
(મોદીખાનાવાળા)
૧ ઠા ધનજી બોધા
૧ મેહેતા નરભેશંકર હીરાચંદ
(ધ્રોળવાળા)
૧ બરજોરજી એદલજી
(તાલીયારખાન)
૧ વોરા કાદરભાઇ ઘેલાભાઇ
૧ ઠા. જેરામ ભાણજી
(પડસરવાલા)
૧ રામજી કૃષ્ણજી પટ્ટીવાળી

૧ બાવર મનજી પખા
૧ ડોસાભાઈ જેરામજી મીનવાળા
૧ પ્રોફેસર લાલશંકર પુરૂષોત્તમ ભટ
૧ જણુસારી અમરસી બલાણી
૧ નાનજી ઝવેર
૧ સંઘવી પાનાચંદ વિસનજી
૧ વોરા કાદરભાઈ જીવણજી
૧ જોશી કુંવરજી લખમસી
૧ ઓધવજી વાલજી
૧ જોશી તુલસીદાસ જેઠા
૧ જોશી દયાળ કાળા
૧ સોની બચુ દેવજી
૧ રામજી ગોવીંદજી
૧ ગોકળદાસ વિસનજી
૧ હોરમસજી ડુબાસ
૧ સોરાબજી નવરોજજી
૧ ખોજા ખટાઉ ૫દુ
૧ પીતાંબરદાસ વલ્લભદાસ
૧ હીરાનંદ ગોપાળદાસ
૧ ઠા. પરશોતમ માવજી.
૧ એ. એમ. જીવણજી

૧ ઠા. મેઘજી વીરજી
૧ વિક્રમજી મોરારજી પી. એન. પ્રાઈન્ટર
૧ રામદાસ મોરારજી પુસ્તકશાળા
૧ રતુમલ નથુમલ
૧ મી. લાલજી એન્ડ કું. વૉચ મેકર
૧ મોગા વસરામ વાઘજી
૧ શીવલાલ દેવજી રાવળ
૧ રામજી નંદરામ બુદે
૧ ઠા દેવચંદ મોરારજી
૧ ઠા. મોનજી લખમસી
૧ લુવાર મોનજી જેરામ
૧ ખત્રી સુતાર કરમશી
૧ માસ્તર રેવાશંકર શીવશંકર
૧ કરસનદાસ ઘેલાભાઈ
૧ લેખુમલ સતરામદાસ
૧ ઠા ડુંગરસી તુળશીદાસ
૧ રાવળ ખોડા વીરજી
૧ ઠા. હંસરાજ મુલજી
૧ બારોટ તેજા હગીર
૧ શાહ રૂઘનાથ વાલજી
૧ ઠા. કાનજી લાલસી

૧ માસ્તર ચાંડુમલ
૧ લુવાર તેજપાળ માનજી
૧ લુવાર ગુલ્લુ દેવજી
૧ શાહ નારાયણ લલ્લુ
૧ સોની ઈશ્વરદાસ પ્રભુદાસ
૧ લુવાર ડુંગરસી દેવજી
૧ સોની કેશળ લાલચંદ
૧ સોની મોહનલાલ ઈશ્વરદાસ
૧ સુરતી મકન વીસરાંગ
૧ મોતીરામ તેજુમલ
૧ શાહ લુંભાજી મોતીજી
૧ વોરા જાફરજી જીવણજી
૧ લુવાર ભાણજી નરસી
૧ કુરબાનઅલી અબદલા વૉચ મેકર
૧ વોરા ગુલામહુસેન નુરભાઈ
૧ સંધી કેવાલમલ પદુમલ
૧ વૈદ્ય ઓધવજી હેમરાજ
૧ સોની કરસનદાસ રામજી
૧ રાવળ જટાશંકર અંબારામ (લુશુસરવાળા)
૧ મોચી ભાણજી સામજી

૧ મોચી મુળજી દેવજી દ્વારકાવાળા
૧ નારાણદાસ જેઠાનંદ
૧ મોચી પ્રાગજી આણંદજી
૧ મોચી સામજી આણંદજી (દ્વારકાવાળા)
૧ મોચી મેઘજી પ્રેમજી
૧ મોચી ચતુર ચના
૧ મોચી ભવાન દેવા
૧ વોરા સુલતાનઅલી મુલ્લાં રસુલજી
૧ સોની વેલજી ગોપાળજી
૧ ઠા. હંસરાજ માલજી
૧ ખત્રી હુસેન ફકીરમહમદ
૧ વાયડા રણછોડદાસ ડોસાભાઈ
૧ ઠા. કાળા કાનજી.
૧ ઠા પ્રાગજી કેશવજી
૧ ઠા. હંસરાજ ખેરાજ
૧ ઠા બેચરભાઈ ગોવરધન
૧ ઠા. મેઘજી નારાણજી
૧ શાહ પ્રાગજી નરસીદાસ
૧ ઠા. ખીમજી રવશી
૧ ઠા. લાલજી હરીરામ

૧ ઠા. વેલજી તુળસીદાસ
૧ ખીઓમલ ટોપુમલ
૧ ઠા. છગન નારાણુ
૧ ઠા. કુંવરજી વાલજી
૧ શાહ જીવરાજ વીરજી
૧ સોરાબજી રતનજી
૧ ઠા. હરીરામ ઉમરસી
૧ ઠા. કાનજી જીવરાજ
૧ હેમરાજ સુંદરજી મેન્સ પાસ્ટ
 સ્પોર્ટ યાર્ડ
૧ ઠા. કરમસી ધનજી માસ્તર
૧ બેચર લાલજી હોથી
૧ ખોજા જાફર હાસુ
૧ ગીઆી ખેતા કાનજી
૧ ઠા. કીસનદાસ દયારામ
૧ જાદવજી જેઠા લુવાણુાનો
 થાનાઇ
૧ ઠા. ત્રીકુ વસરામ
૧ ઠા. સુંદરજી કાળીદાસ
૧ ઠા. ભવાનજી પરસોતમ
૧ શાહ દામોદર જાદવજી

૧ ઠા. મુળજી ડોસાણી
 (ધ્રોળવાળા)
૧ ઠા. બુધુ થારીઆણી
૧ સોની કરસન અરજણુ
૧ સોની કુંવરજી ધનજી
૧ ઠા. કેસવજી રાગજી
૧ માસ્તર પ્રાગજીભાઇ મુળજી
૧ માસ્તર હીરજીભાઇ નરસી
૧ માસ્તર તુળસીદાસ દેવચંદ
૧ જોસી દેવજી મુળજી
૧ જોસી મુળજી મેઘરાજ
૧ મી. નેણસી જીવરાજ
 હેડ માસ્તર
૧ ઠા. વલમજી મોરારજી
 કંટ્રાકટર
૧ ચતરમલ થાઉમલાણી
૧ સુવાર કુંવરજી સામજી
૧ નાગજી ખીમજી ઇજનીયર
૧ વોરા અલીભાઇ દાઉદજી
૧ મી. જેઠાલાલ કહાનજી
૧ મી. વીસરામ કહાનજી
૧ સોની મુળજી ગોવા

૧ ઠા. કરમસી સામજી
કમ્પૉઝીટર
૧ ઠા. સવજી બુધુ
૧ ઠા. હંસરાજ અરજણ
૧ ઠા. ડોસા રાયસી
૧ વૈદ સાજ્યાં વાલજી લધારામ
૧ જોશી ખીમજી વીસનજી
૧ ઠા. દેવજીભાઈ ધનજી
૧ ઠા. લાલજી માધવજી
૧ ઠા. પ્રધાન લખમશી બગડાઈ
૧ રાજગર કાળા મોરારજી
૧ ઠા. દામજી દેવજી
૧ શાહ છગનલાલ ધરમસી
૧ શાહ પ્રભુદાસ વણારસી
૧ તેજનમલ એન્ડ લીલાધર કુ.
૧ ઠા. પ્રધાન દેવાગર
૧ ઠા. ટીલુ વેરસી
૧ બારોટ પેથા અમરાણી
૧ નારાણદાસ લખમીદાસ
૧ સોની વેલજી મુળજી
૧ વોરા ઈસાજી મહમદભાઈ
૧ વોરા મહમદઅલી ઈસાજી

૧ ઠા. બેચરલાલ નરસીદાસ
કમ્પૉઝીટર
૧ ખોજા ઠાકર રમજાન
૧ શાહ શીવજી હંસરાજ
૧ ઠા. પરસોતમ પારપીઆ
૧ ગોધુમલ ઠાકરદાસ કું૦
લીલાંઉ વાળા.
૧ જણસારી લાલજી માલજી
૧ ઠા. વલમજી કાળા મુકાદમ
૧ મેહેતા લાલજી હરજીવન
ગુ. હે. માસ્તર
૧ જીવણજી બરજોરજી
૧ મોચી જેઠા ગાબા
૧ મોચી હરજી મેઘજી
૧ મોચી જીવા રામજી
૧ કંસારા વનજી પરસોતમ
૧ સોની જીવણજી ડોસાભાઈ
૧ મોચી પરસોતમ માવજી
૧ મોચી વાલજી ઓધવજી
૧ મોચી જાદવજી જેઠા
૧ પંડીત ભગવાનજી દયારામ
૧ ઠા. પરસોતમ ધારસી

૧ ત્રીકમદાસ નાનજી વૉચમેકર
૧ ગોપાળદાસ આસારામ
ઘડીઆળી
૧ સુતાર રામજી ઉકેડા
૧ જોશી શંભુ કેરજી
૧ ઠા. હરીરામ સુરજી
લખપતીઆ
૧ ઠા. વલમજી ગંગારામ
૧ ઠા. વીસરામ નરસી
૧ વોરા ઈબરામજી સલેમાનજી
મીઠાઈવાળા
૧ ઠા. વાસનજી વિ. ગોવીંદજી
દરખાણી
૧ ઠા. તોલા જેઠાણી
(કોરાવાળા)
૧ જોસી ખીમજી જેઠા
૧ ઠા. હેમરાજ બીજાણી
(નારાણસરવાળા)
૧ ઠા. મનજી ધનજી
૧ ઠા. રાજસી રામજી
૧ વોરા મહમદઅલી અલીભાઈ
૧ વોરા અબદુલહુસેન કરીમજી
૧ ઠા. વીસરામ મનજી
૧ ઠા જેરામ સીવજી
૧ ઠા ઠાકરસી ડાહ્યા બાવડીઆ
૧ ઠા. મનજી ચત્રભૂજ
૧ સુતાર માનશંગ હરી
(સાયલાવાળા)
૧ મોચી નરસી માધવજી
(મુંદ્રાવાળા)
૧ મોચી લધા વાલજી
(આસાંગીયાવાળા)
૧ વોરા તૈયબઅલી મહમદઅલી
૧ નાથામલ ઓધવજી
૧ દોસી સોભાગ્યચંદ કડવા
૧ મીસ્ત્રી ભીમજી સાંગજી
૧ મીસ્ત્રી પ્રાગજી શીવજી
૧ મીસ્ત્રી દામજી ભવાન
૧ પારસી જમશેદજી ફરામજી
૧ ઠા. મેઘજી કેશવજી
૧ ઠા. ટીલુ જેઠા
૧ મોચી હરજીવન માનજી
૧ સંઘી જાની પંચાન
૧ ઠા. રણછોડ મુલજી

૧ ઠા. દેવજી વીરજી
૧ ઠા. જેઠા વેરસી
૧ ઠા. મુળજી મનજી
૧ માસ્તર ગોકળદાસ ઠાકરસી
૧ માસ્તર કરસનદાસ મોતીચંદ
૧ લુવાર દેવસી ટોકર
૧ લુવાર મુળજી લીલાધર
૧ મોચી પ્રાગજી બેચર॰
૧ મોચી ધમા લખમણ
૧ જીવણરામ વૈકુંઠ પંડ્યા
૧ રાવળ માધવજી ત્રિભોવન
૧ ઠા. લખમીદાસ કલ્યાણજી
૧ મરાઠા ગણેશ ગણપત
૧ ઠા. જેઠમલ ઉમરસી
(કાપડવાળા)
૧ ઠા. રામજી મનજી વડેરા
૧ ઠા. ચત્રભૂજ પારપીઆ
૧ ઠા. ભાણજી શીવજી.
૧ ઠા. ચાગપાળ ગાંગજી
૧ ઠા. ટીલું જેરામ
૧ ઠા. પોપટ કલ્યાણજી
૧ ઠા. લધાભાઈ ઠાકરસી

૧ ઠા. શીવરામ ગણેશ.
૧ ઠા. ખેરાજ દામજી
૧ હોતાનંદ વેલામલ
૧ મુકાદમ તુળસીદાસ મોરારજી
૧ રા. રા. હાસમ ફકીરમહમદ
૧ મીસ્ત્રી હીરજી કરસન
૧ મીસ્ત્રી રામજી દેવજી
૧ મીસ્ત્રી કેશવજી ભવાન
૧ સુતાર વેલજી હીરજી
૧ સુતાર જગજીવન રણછોડ
૧ મીસ્ત્રી લાલજી મોરારજી
૧ સુતાર ભાણજી ફડા
૧ સુતાર હીરજી રાઘવજી
૧ સુતાર વેલજી જેઠા
૧ મીસ્ત્રી કલ્યાણજી મુળજી સન
ઇન્સપેકટર ઑફ વર્કસ N.W.R.
૧ મીસ્ત્રી વેલજી દેવરામ
૧ ઠા. મોરારજી કહાનજી
૧ ઠા. ભવાન ટોપણ
૧ શાહ માણેકચંદ કરસનજી
૧ ખોરડીઆ કચરા જીવરાજ
(ઢીકસરવાળા)

૧ ઠા. વીસરામ પુંજાભાઈ બીડે
૧ ઠા. મુલજી વાલરામ
(લખપતવાળા)
૧ જોશી જેરામ નારણ
નારાણુંસરીઆ
૧ ઠા પ્રેમજી ફકાણી લખપતીયા
૧ ઠા. તોલારામ ખીમજી
નારાણુસરીઆ
૧ જોશી વેલજી નારણ
૧ જોશી રતનજી વીરજી
નારાણુસરીઆ
૧ પીંજારા ગફગાર પીરમહમદ
આ. માસ્તર.
૧ ઠા રૂપશી દેવશી
૧ ખત્રી સુતાર ઉમરશી રામજી
૧ લુવાર માવજી પ્રેમજી પદ્ધરીયા
૧ ભાવસાર મુળજી ગોવીંદ
૧ ઠા. લાલાધર વાલજી
૧ હનુમાન ગોકલદાસ સગ
ઓસીંયર
૧ શાહ ઘેલા કરમચંદ
(અંજારવાળા)

૧ ઠા. નથુ ડુંગરશી
૧ સુતાર બેચર જીવરાજ
(સાંયરાવાળા)
૧ સુતાર લવજી રણછોડ
(વિરામેડાવાળા)
૧ ઠા. ભટ ઘેલા નારાણજી
૧ મેહેતા પરશોતમ પ્રેમજી
" (લાલપરવાળા)
૧ લુવાર રીરાજી આણંદજી
૧ મીસ્ત્રી સવજી ગણેશ
(લુણસરવાળા)
૧ મીસ્ત્રી પુંજા રામજી
૧ મીસ્ત્રી બાણજી મયાજર
૧ મીસ્ત્રી જેરામ મુળજી
પાંત્રોડીયા
૧ મીસ્ત્રી ખીમજી બાણજી કેરાઈ
૧ મીસ્ત્રી પ્રાગજી ગોવીંદ
૧ મીસ્ત્રી રણછોડ અખઇ
(ભુજપુરવાળા)
૧ ઠા. કાળીદાસ કરસનજી
૧ મીસ્ત્રી નારાણ માંમજી
(ભુજવાળા)

૧ ખોજા ભલુ હાસમ
૧ ઠા. ત્રીકમજી ઓધા બાવળીઆ
૧ મંગલ હનમંત બ્રાહ્મણ
૧ જોશી ઉતમચંદ ટાપણદાસ
૧ ઠા. મોરારજી દેવચંદ
૧ શાહ ગણેશ ખોડીદાસ
(દીકસરવાળા)
૧ ઠા. માધવજી અમરસી
૧ સુતાર દેવસી ભવાન
(અસમિયાવાળા)
૧ વોરા અલીભાઈ મુસાજી
૧ ઠા. હંસરાજ હીરજી
૧ ઠા. પ્રેમજી નથુ
૧ બાબાજી વીસરામ
૧ ઠા. છબા આણંદ
૧ ચુનીલાલ ભલાભાઈ દેસાઈ
૧ મેમણ હાજી ઈશાક હાજી
આમદ
૧ લુવાર વીસરામ મોરારજી
૧ શાહ પ્રાગજી નરસીદાસ
૧ ખત્રી ઓધવજી રાઘવજી
૧ ઠા. વાલજી ચીના (ભુજવાળા)
૧ મેહેતા મુલજી વીરચંદ
(લાલપુરવાળા)
૧ ઠા. રાયસિંહ હરખાણી
(રાજકોટવાળા)
૧ લુવાર વીસરામ ખેતસી
૧ શાહ ચાંપસી જેઠા
(બાળંભાવાળા)
૧ સુતાર ઘેલા હીરજી
૧ ઠા. હીરજી ભાણજી
૧ ઠા. નારાણ હીરજી
૧ ઠા. દામજી ઉમરસી
૧ ઠા. કાનજી કલ્યાણજી
૧ લુ. નાથામલ રોચીરામ
૧ લુ. ઉતમચંદ પેલાજદાસ
૧ મી. ખુશાલદાસ
૧ ઠા. ગગુ ભીમજી
૧ મીસ્ત્રી રેવા રામજી
૧ ખીમચંદ શ્રીરામ
૧ ખુબચંદ ઓધવદાસ
૧ મેહેતા જાદવજી ભવાનીશંકર
૧ મીસ્ત્રી મેઘજી કરસન
૧ મીસ્ત્રી કાનજી વીરજી

૧ ગાંધી નાનજી વમરાગ
૧ ગાંધી કુંવરજી રૂપા
૧ ગાંધી પરસોતમ હીરજી
પરમાર માલજી વર્દે
૧ દરજી બેચર પ્રેમજી
૧ વોરા અલીભાઈ આદમજી
શેખ જીવણજી
૧ વોરા મહમદઅલી મુલાં
ઇસમાલજી
૧ મોચી મેઘજી ગાભા સામજી
૧ હરીરામ રામજી
૧ ઠા. ભાણજી બધા

સાપકડા.

૫ કોઠારી ત્રિભોવન મોરાર
૨ કોઠારી પોપટ મોરાર
૧ કોઠારી ત્રિકમ મોરાર
૨ કોઠારી અભેચંદ નારાણજી
૧ મેહેતા જગજીવન પોપટ
૧ શાહ વેલસી ડોસા
૧ શાહ પ્રેમચંદ ડોસા
૧ કોઠારી વીરપાળ પીતાંબર
૧ કોઠારી સુખલાલ સુંદરજી

૧ શાહ વાલજી દેવચંદ
૧ જોશી જગન્નાથ વાલજી
સ. ગુ. નિશાળના માસ્તર.
૧ પારેખ વર્ધમાન વિરચંદ
૧ પારેખ ભગવાનજી છગનલાલ

કવેટા (બલુચિસ્તાન)

૬ શાહ ભગવાનલાલ પ્રેમચંદની
મારફત
૨ શાહ ભગવાનલાલ પ્રેમચંદ
૧ ઠા. બવાનજી મુલજી
કંટ્રાકટર
૧ ખત્રી પ્રેમજી રૂપા
૧ સોમચંદ ગોવીંદજી શાહ
૧ મોચી પ્રાગજી આણંદ

સરા.

૨ શાહ પીતાંબર રતનશી
૨ કોઠારી પ્રેમચંદ જીવા
૧ શાહ પોપટલાલ કમળસી
૧ શાહ વાલજી મહાદેવ

હુંગાવદ.

૨ મેહેતા પ્રભુ રામજી

૨ મેરેતા ફુલચંદ લક્ષ્મીચંદ
૨ મેહેતા અંદરજી વારજી
૨ મેહેતા હરજીવન લક્ષ્મીચંદ

ઢીકસર.

૧ શાહ પ્રેમચંદ ડોસા

રાજકોટ.

૧ રા. રા. દામોદર મોરારજી

ટીકર.

૧ રા. રા. ન્યાલચંદ ગણેશજી

ગુજરવદી

૨ શાહ ઝવેર ભગવાન

મોટા અંકેવાળીઆ

૨ કોઠારી મોહનલાલ તલકસી

ઝાંગઝા

૧ વોરા સુખલાલ ખોડીદાસ
૧ વોરા તારાચંદ ખોડીદાસ

કોંઢ

૧ શાહ શીવલાલ ફુલચંદ
૧ શાહ માણેકચંદ જાઈતા

ઉમરડા

૫ ગ. રા. મોહનલાલ ચિ. મોતી-
ચંદ શાહ મા૦ સ્લોટ કોર્ટ ઉમેદવાર

વડોદ.

૨ શાહ દીપચંદ ચતુર

માલણીયાદ.

૨ શાહ મોહન માણેકચંદ

ઓંજાળ.

૨ શાહ ઠાકરસી દેવરાજ

ઢસાણા.

૨ ત્રવાડી વલભરામ મહોનજી
સ. ગ્રા. નિશાળના મારતર

જાહેર ખબર.

ગ્રાહકોને સુગમ પડતો રસ્તો.

આ પૂઠા ઉપર લખેલી ગુલાબસિંહ ચરિત્રની ચોપડી અમારા નીચે લખેલા એજંટો પાસેથી રોકડી કિંમતે વેચાતી મળશે અને સામટી લેનાર તથા બુક સેલરોને વાસ્તે સેંકડે પચીસ ટકા કમીશન આપવામાં આવશે માટે કોઈ ગ્રાહકોને મંગાવવાની ખાએશ હોય તેણે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરવો. નાટપેડ પત્ર લેવામાં આવશે નહીં

એજંટોનાં નામ તથા તેનાં ઠેકાણાં.

કરાચી — આચારજ સાંકળેશ્વર ઉમિયાશંકર બુકસેલર ઠે. સદર બજાર.

" ઠાં. સુંદરજી વિશરામ ઠે જોડીઆ બજાર.

" કોઠારી રાયચંદ્ર તલકશી સ્ટાંપ વેન્ડર તથા બુકસેલર જોડીઆ બજાર.

" પંડયા પુરૂષોતમ લછિરામદાસ બુક સેલર ઠે. રામસ્વામી ગાડીખાતા.

ઢવાણા — શ્રી ગુ. નિ. માસ્તરની મારફત કર્તા પાસેથી.

જીલ્લા કાઠિયાવાડ તાલુકો વઢવાણ પોસ્ટ ઢવાણા	કોઠારી શોભાગચંદ જસરાજ કર્તા. સાપકડા વાલા.